સુવિચાર

આપની ચિંતા કરતો એક મિત્ર, આપની વ્યથા જાણતો એક પાડોશી, અને આપની ઈજ્જત કરતો એક સબંધી કોઈપણ સંપત્તિ કરતા વધુ મૂલ્યવાન છે.

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૪-૬-૨૦૨૪, સોમવાર
વર્ષઃ ૧૩, અંકઃ ૯૧


પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




## સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં મેઘો મંડાયોઃ સવારથી ૯૫ તાલુકામાં મેઘમહેર

# દ્વારકા, જામનગર અને વલસાડમાં રેડ એલર્ટઃ અતિભારે વરસાદની આગાહી

### સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં સવારથી મેઘાનો મુકામઃ લાલપુરમાં બે કલાકમાં અઢી ઈંચ ખાબક્યો, કાલાવડના મૂળીયા ગામે ભારે વરસાદના કારણે નદી પરનો પુલ તૂટ્યો, બાળકોનું રેસ્કયૂ કરાયું, અનેક ગામો સંપર્ક વિહોણા





**આજે સવારથી ક્યાં કેટલો વરસાદ?**

| જિલ્લા | તાલુકા | વરસાદ |
|---|---|---|
| જામનગર | લાલપુર | ૬૫ મીમી |
| સુરત | ઓલપાડ | ૪૭ મીમી |
| દ્વારકા | કલ્યાણપુર | ૪૨ મીમી |
| દ્વારકા | ભાણવડ | ૩૬ મીમી |
| છોટાઉદેપુર | સંખેડા | ૩૪ મીમી |
| વડોદરા | કરજણ | ૩૩ મીમી |
| ભરૂચ | નેત્રંગ | ૩૦ મીમી |
| દ્વારકા | ખંભાળીયા | ૨૪ મીમી |
| બોટાદ | બરવાડા | ૨૪ મીમી |

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં સત્તાવાર ચોમાસુ બેસી ગયાના આશરે અઠવાડીયા પછી રવિવારથી જ સૌરાષ્ટ્રના લગભગ તમામ વિસ્તારોમાં હળવોથી ભારે વરસાદ વરસ્યો હતો. રવિવારે બપોર પછી સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. આજે સવારથી સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરના ૮૪ તાલુકામાં મેઘાવી માહોલ છવાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૩૦ તાલુકામાં વરસાદ થતા જગનો તાત ખુશખુશાલ થયો છે તેમજ ગરમી અને બફારાથી પણ લોકોને રાહત મળી છે. જૂનાગઢના મેંદરડામાં બે કલાકમાં ધોધમાર ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. સ્થાનિક નદીઓમાં પૂર

(અનુ. આઠમા પાને)

## ત્રણ દિવસ દરમિયાન સારો વરસાદ થવાની વકી

રાજયમાં ૧૧મી તારીખથી સ્થિર થયેલું ચોમાસુ ૧૩માં દિવસ બાદ ધીરેધીરે આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ નેત્રઋત્ય ચોમાસુ આગળ વધે તેવી સાનૂકૂળ પરિસ્થિતિ સર્જાઇ છે. આ ઉપરાંત સાયક્લોનિક સર્ક્યુલેશન પણ સર્જાયું છે. જેના કારણે ત્રણ દિવસ દરમિયાન રાજયભરમાં સારા વરસાદની વકી છે. જયારે કેટલાક ભાગોમાં તો ભારેથી અતિભારે વરસાદની વકી છે. આગામીમાં બે દિવસ ગીર સોમનાથ, અમરેલી, રાજકોટ, ભરૂચ, નવસારી અને સુરતમાં ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત નર્મદા, ડાંગ, તાપી અને વલસાડમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે જ દરિયાકાંઠા વિસ્તારોમાં સામાન્ય વરસાદ થવાની શક્યતા છે તેમજ ઉત્તર ગુજરાતના દાહોદ, છોટા ઉદેપુરમાં અતિભારે વરસાદ તથા મહિસાગર અને પંચમહાલ તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ગીર સોમનાથમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## આજી-૧ ડેમ સહિત સાત જળાશયોમાં નવા નીરની આવક

### ફોફળ, ન્યારી-૨, મચ્છુ-૨, બ્રાહ્મણી-૨, ધોળી ધજા અને લીંબડી, ભોગવો-૨ ડેમમાં પોણો ફુટ સુધી પાણીની આવક નોંધાય

સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં રવિવારે પડેલા સાર્વત્રીક વરસાદના કારણે જળાશયોમાં નવા નીરની આવક થવા પામી છે. રાજકોટ સિંચાઇ વર્તુળ પુર એકમ હસ્તકના ૭ જળાશયોમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા નીરની આવક થવા પામી છે. રાજકોટ જીલ્લાના ફોફળ ડેમમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૦.૧૦ ફુટ પાણીની આવક થવા પામી છે. આ ઉપરાંત આજી-૧ ડેમમાં ૦.૧૦ ફુટ પાણી આવ્યું છે.

ન્યારી-૨ ડેમમાં ૦.૬૬ ફુટ પાણી આવ્યું છે. મોરબી જીલ્લાના મચ્છુ-૨ ડેમમાં ૦.૬૯ ફુટ પાણી આવ્યું છે. બ્રાહ્મણી-૨ ડેમમાં ૦.૧૬ ફુટ નવા નીરની આવક થવા પામી છે.

## સૌરાષ્ટ્ર કચ્છમાં વરસાદને કારણે વીજ વ્યવસ્થાને ભારે અસર

### ખેતીવાડીના ૩૮૦ ફીડર બંધ : જૂનાગઢના ૩ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો : ૫૯ વીજપોલ ડેમજ થયા

**પીજીવીસીએલના કાર્યક્ષેત્રમાં વીજળી જતી રહેવાની કુલ ૯૧૩ ફરિયાદ નોંધાઇ, જેમાંથી ૩૧૭ ફરિયાદો પેન્ડિંગ : રાજકોટ શહેરમાં કુલ ૨૪૯ ફરિયાદ નોંધાઇ, હાલ ૮૮ ફરિયાદો પેન્ડિંગ : બપોર સુધીમાં તમામ ફરિયાદોનો નિકાલ કરવાના પ્રયાસો**

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના વિસ્તારોમાં ગઈકાલે વરસાદ પડ્યો હતો. જેના કારણે વીજ વ્યવસ્થાને ભારે અસર થઈ છે. પીજીવીસીએલની તમામ ટિમો વીજ પુરવઠો પૂર્વવત કરાવવા સતત ફિલ્ડ ઉપર રહી હતી. હજુ પણ અનેક સ્થળોએ રીપેરીંગ કામ બાકી હોય બપોર સુધીમાં તેને પૂર્ણ કરવા કવાયત હાથ ધરવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાક માં આવેલ ભારે વરસાદ ને કારણે સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાંથી પીજીવીસીએલનાં કસ્ટમર કેર સેન્ટરમાં વીજળી જતી રહેવાની કુલ ૯૧૩ ફરિયાદ નોંધાયેલ હતી. હાલ ૩૧૭ ફરિયાદો પેન્ડિંગ છે.જ્યારે રાજકોટ શહેરમાં કુલ ૨૪૯ ફરિયાદ નોંધાયેલ હતી. હાલ ૮૮ ફરિયાદો પેંડિંગ છે.બાકી રહેતી ફરિયાદો આજ બપોર સુધીમાં સોલ્વ કરવા ટેકનિકલ ટીમો ફરજ પર હાજર હોવાનું પીજીવીસીએલ દ્વારા જણાવાયુ છે. ગઈકાલે સાંજે રાજકોટ શહેરમાં આવેલ વરસાદને કારણે સિટી - ૨ સબ ડિવિઝન હેઠળનાં ગૌતમ નગર અને સ્ટેશન પ્લોટ ફીડર તેમજ રાજકોટ સિટી - ૩ સબ ડિવિઝન હેઠળનાં ગમાણી હોલ, પ્રદ્યુમન નગર, રણુજા, કટારીયા અને ધર્મજીવન ફીડર ફોલ્ટમાં આવતા વીજ પુરવઠો ખોરવાયેલ હતો.

બીજી તરફ સવારે ૯ વાગ્યાની સ્થિતીએ જૂનાગઢના ૯ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયેલો છે. રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં ૪૯ એગ્રીકલ્ચર ફીડર, મોરબીના ૩ એગ્રીકલ્ચર ફીડર, પોરબંદરના ૨૧ એગ્રીકલ્ચર ફીડર, જૂનાગઢના ૭૧ એગ્રીકલ્ચર ફીડર, જામનગરના ૧૮૭ એગ્રીકલ્ચર ફીડર, ભાવનગરના ૮ એગ્રીકલ્ચર ફીડર, બોટાદના ૪ એગ્રીકલ્ચર ફીડર, અમરેલીના ૩૧ એગ્રીકલ્ચર ફીડર, સુરેન્દ્રનગરના ૬ એગ્રીકલ્ચર ફીડર મળી કુલ ૩૮૦ એગ્રીકલ્ચર ફીડર બંધ થયા છે. આ ઉપરાંત રાજકોટ ગ્રામ્યમાં ૧૧, જૂનાગઢમા, ભાવનગરમાં ૧૩, અમરેલીમાં ૧૧, સુરેન્દ્રનગરમાં ૨૦ મળી કુલ ૫૯ વીજ પોલ ડેમેજ થયા છે. આ ઉપરાંત પોરબંદરમાં ૧ ટીસી ડેમેજ થયું છે. હાલ જ્યાં જ્યાં વીજ તંત્રને અસર થઈ છે. ત્યાં પીજીવીસીએલની ટિમો ફિલ્ડ ઉપર રીપેરીંગ કામ કરી રહી છે. બપોર સુધીમાં તમામ કામ પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

**ICC MEN'S T20 WORLD CUP**

**ટી-૨૦ વર્લ્ડ કપની મેચો**

**ભારત-ઓસ્ટ્રેલીયા**
રાત્રે ૮:૦૦ વાગ્યે, ગ્રોસએસ્લેટ

**બાંગ્લાદેશ-અફઘાનિસ્તાન**
કાલે સવારે ૬:૦૦ વાગ્યે, કિંગ્સટાઉન

## "દેશી" દવાઓ હવે વિદેશીને હંફાવી દેશે

### છેલ્લા ૧૫ વર્ષમાં દેશી દવાઓનું માર્કેટ ૪૪% વધ્યું



**અબતક, નવીદિલ્હી**

ભારતમાં છેલ્લા ૧૫ વર્ષમાં રૂપિયા ૧૦૦ કરોડથી વધુના વેચાણ સાથે ફાર્માસ્યુટિકલ જેનરિક બ્રાન્ડ્સની સંખ્યામાં મોટો વધારો જોવા મળ્યો છે. આ બ્રાન્ડ્સ હવે અંદાજે રૂપિયા ૨ લાખ કરોડના સ્થાનિક ફોમ્ર્યુલેશન માર્કેટમાં ૪૪% હિસ્સો ધરાવે છે અને બજાર દર કરતાં વધુ ઝડપથી વધી રહી છે. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૦૯માં રૂપિયા ૧૦૦ કરોડથી વધુના વેચાણ સાથે ૨૧ બ્રાન્ડ્સ હતી, નાણાકીય વર્ષ૨૦૨૪માં આ સંખ્યા વધીને ૩૮૮ બ્રાન્ડ થઈ હતી, જે ૧૮ ગણો વધારો દર્શાવે છે. મોટી બ્રાન્ડ્સનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૦૯ માં ૫૨% થી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૭૮% થયો છે.

કુલ ૩૮૮ બ્રાન્ડ્સમાંથી ૨૫નું વેચાણ રૂપિયા ૫૦૦ કરોડથી વધુ અને ૭૯નું વેચાણ રૂપિયા ૨૫૦ કરોડથી વધુ છે. ભારતમાં એવી કોઈ ફાર્માસ્યુટિકલ બ્રાન્ડ નહોતી કે જેનું વેચાણ નાણાકીય વર્ષ ૨૦૦૯માં રૂપિયા ૫૦૦ કરોડથી વધુ હોય. રૂપિયા ૧૦૦ કરોડથી વધુની બ્રાન્ડની આવક વૃદ્ધિએ ઉદ્યોગ કરતાં ૧.૩ ગણો વધારો કર્યો છે. ભારતીય ફાર્માસ્યુટિકલ માર્કેટ નાણાકીય વર્ષ ૨૦૦૯ અને નાણાકીય વર્ષ ૨૦૨૪ વચ્ચે ૧૧% વધવાની ધારણા છે, જ્યારે બ્રાન્ડ્સ ૧૪% વધશે.

રિપોર્ટમાં મોટી બ્રાન્ડ્સના વિકાસને જીવનશૈલીના રોગો, પ્રચલિત ગુણવત્તાના મુદ્દાઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે જેના કારણે ડોક્ટરો અને ગ્રાહકો મોટી, જાણીતી બ્રાન્ડ્સ પર વધુ નિર્ભર બન્યા છે, તેમજ ફાર્મા કંપનીઓ દ્વારા આક્રમક

(અનુ. આઠમા પાને)

**નાણાકીય વર્ષ ૨૦૦૯માં માત્ર ૨૧ બ્રાન્ડ હતી જેમાં ૧૮ ગણો વધારો થતા ૩૮૮ બ્રાન્ડ સુધી પહોંચી**

## ડિજિટલ મીડિયાની બોલબાલાઃ ચાલુ વર્ષમાં રૂ.૧.૨૫ લાખ કરોડનો વેપલો કરી લેશે

### વર્ષ ૨૦૨૬ સુધીમાં ડિજિટલ એડવર્ટાઈઝમેન્ટનું પ્રમાણ ૫૦% સુધી પહોંચશે

**અબતક, નવીદિલ્હી**

ભારતીય જાહેરાત બજાર ૨૦૨૪માં ૧૧.૮% વધીને રૂપિયા ૧,૨૨,૧૫૫ કરોડ સુધી પહોંચવાની ધારણા છે, જે મુખ્યત્વે ડિજિટલ મીડિયા દ્વારા સંચાલિત છે, પરંપરાગત મીડિયામાં પણ મજબૂત વૃદ્ધિ જોવા મળી રહી છે. આઈ.પી.જી મીડિયાબ્રાન્ડ્સની મેગ્ના ગ્લોબલ એડવર્ટાઈઝિંગ ફોરકાસ્ટ ૨૦૨૪ અનુસાર, પરંપરાગત મીડિયા જાહેરાતની આવક ૮.૪% વધીને રૂપિયા ૬૪,૩૯૮ કરોડ થવાની ધારણા છે. પરંપરાગત માધ્યમોમાં ટીવી, પ્રિન્ટ, રેડિયો અને આઉટડોરનો સમાવેશ થાય છે.



ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સરકારના દબાણને કારણે ઈન્ટરનેટ બેઝ વિસ્તરવાથી ડિજિટલ મીડિયા લગભગ ૧૬% ઝડપથી વધીને રૂપિયા ૫૭,૭૫૭ કરોડ સુધી પહોંચવાની તૈયારીમાં છે. ડિજિટલ દ્વારા આગળ નીકળી જવા છતાં, પરંપરાગત મીડિયા તમામ જાહેરાત ખર્ચના ૫૩% પ્રાપ્ત કરી શકે છે, જ્યારે ડિજિટલ મીડિયા બાકીના ૪૭% માટે જવાબદાર હોઈ શકે છે. ભારતનો પરંપરાગત મીડિયા બજાર હિસ્સો વૈશ્વિક ૨૯% અને એ.પી.એ.સી (૨૪%) કદ કરતાં બમણો છે. જોકે, મેગ્ના રિપોર્ટ જણાવે છે કે ૨૦૨૬ સુધીમાં કુલ જાહેરાત ખર્ચમાં ડિજિટલનો હિસ્સો ૫૦% સુધી પહોંચી શકે છે.

ભારત, જે વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતું જાહેરાત બજાર છે, તે ૨૦૨૫માં ટોચના ૧૦ બજારોમાં સામેલ થવાનો અંદાજ છે. ૨૦૨૪માં તે દક્ષિણ કોરિયા પાછળ ૧૧મા ક્રમે રહેવાની ધારણા છે. મેગ્નાનો અંદાજ છે કે ભારતીય

(અનુ. આઠમા પાને)

# લોકસભાનું પ્રથમ સત્ર શરૂઃ વિપક્ષ આક્રમક મૂડમાં

### પ્રોટેમ સ્પીકર ભર્તૃહરિ મહતાબે નવનિયુકત સાંસદોને લેવડાવ્યા શપથઃ નીટ એન્ટ્રન્સ ટેસ્ટ પરીક્ષાના મુદ્દે વિપક્ષનો હંગામો

**અબતક, નવીદિલ્હી**

મોદી સરકાર ૩.૦નું આજથી ચોમાસું સત્ર શરુ થવા જઈ રહ્યું છે ત્યારે ૧૮મી લોકસભાનું પહેલું સત્ર આજથી શરૂ થયું છે. લોકસભાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. સૌથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના મંત્રીમંડળના મંત્રીઓ સાંસદ તરીકે શપથ લેશે. સૌથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના મંત્રીમંડળના મંત્રીઓ સાંસદ તરીકે શપથ લેશે. પ્રોટેમ સ્પીકર ભર્તૃહરિ મહતાબ તેમને શપથ લેવડાવશે. આ પછી નવા ચૂંટાયેલા સાંસદોને શપથ લેવડાવવામાં આવશે.



મોદી કેબિનેટના પ્રધાનોમાં ૫૮ લોકસભાના અને ૧૩ રાજ્યસભાના સંસદસભ્ય છે. એક પ્રધાન રવનીત સિંહ બિટ્ટુ કોઈ સદનના મેમ્બર નથી. પ્રધાનમંડળ શપથ લેશે એ પછી સૌથી પહેલાં આસામ અને છેલ્લે પશ્ચિમ બંગાળ એમ અંગ્રેજીની બારાખડી અનુસાર સંસદસભ્યોને શપથ અપાશે. આ

(અનુ. આઠમા પાને)

### સંસદમાં શિક્ષણ મંત્રીએ શપથ લેતા જ નીટ મુદ્દે આક્રમક વિરોધ કરતો વિપક્ષ

આજે સંસદનું નવું સત્ર શરુ થઈ ચૂક્યું છે અને આજ અને કાલ નવા ચૂંટાયેલા સાંસદો શપથ લેશે ત્યારે આજે શરૂઆતમાં જ જયારે શિક્ષણ મંત્રીએ શપથ લીધા તે સમયે વિરોધ પક્ષ દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો હતો અને ઉગ્ર સુત્રોચાર પણ કર્યા હતા. ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર શરૂ થઈ ગયું છે. સૌપ્રથમ ગૃહમાં રાષ્ટ્રગાન થયું, ત્યારબાદ અગાઉના ગૃહના દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. આ પછી પીએમ મોદીએ લોકસભાના સભ્ય તરીકે શપથ લીધા. મોદી બાદ તેમની કેબિનેટના લોકસભા સાંસદો શપથ લઈ રહ્યા છે. જયારે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું નામ શપથ માટે બોલાવવામાં આવ્યું ત્યારે વિપક્ષે નીટ-નીટ શેમ શેમના નારા લગાવ્યા. વિપક્ષે નીટ પેપર હેરાફેરી મામલે તેમના રાજીનામાની પણ માગ કરી છે.

(અનુ. આઠમા પાને)

આંતરરાષ્ટ્રીય પરી દિવસ

# વિશ્વભરની લગભગ દરેક સંસ્કૃતિમાં 'પરીઓ'નું અસ્તિત્વ

## બાળકો માટે પરીકથાઓ અલૌકિક રોમાંચનો વિષયઃ આ અદભૂત પૌરાણિક જીવોએ દરેક જગ્યાએ લોકોની કલ્પના અને તેના વૈવિધ્યસભર ઈતિહાસને કબજે કર્યો છે

**વિશ્વમાં તેને પરી, એંજલ, અપ્સરા, ફેરી જો વિવિધ નામોથી બોલાવાય છેઃ આપણાં બાળગીતો અને વાર્તામાં પરીઓને વિશેષ સ્થાન અપાયું છેઃ આપણે બધાએ પાંખો વાળી પરીઓ વિશે સાંભળ્યું છે**

નાના બાળકો હોય કે મોટરા બધાએ પરીઓનાં દેશની વાર્તા સાંભળી જ હોય છે. આજે વિશ્વ પરી દિવસ છે, ત્યારે પૃથ્વી પર વસતી દરેક સંસ્કૃતિમાં તેનું અસ્તિત્વ જોવા મળે છે. બાળકો માટે તો પરીકથાઓ અલૌકિક રોમાંસનો વિષય બની જાય છે. આ અદભૂત પૌરાણિક જીવોએ દરેક જગ્યાના લોકોની કલ્પના અને વૈવિધ્યસભર ઈતિહાસને કબજે કર્યો છે. માનવ અસ્તિત્વના પ્રાચિન કાળથી આ પરીઓની કથા કે તેના દેશની વાતો વણાયેલી છે. વિશ્વમાં તેને પરી, એંજલ, અપ્સરા, ફેરી જેવા વિવિધ નામોથી બોલાવાય છ. આપણા બાળગીતો અને વાર્તામાં પરીઓને વિશેષ સ્થાન અપાયું છે. આપણે બધાએ પાંખોવાળી પરી કે અપ્સરા વિશે સાંભળ્યું છે.

પરીઓ ફુલોની આસપાસ ઉડે કે ફુલોનાં બગીચામાં રહેતી હોય છે, તેમની કલ્પના કરીને બાળકોને તમે પર્યાવરણ ખૂબજ અસરકારક રીતે શીખવી શકો છો. પાંખ વાળા પતંગીયાની જેમ તેનો આકાર દોરવામાં આવે છે, પણ તમે જાણો છોકે ડવાર્સ અને જીનોમ્સ પણ ફેરી પરિવારનો ભાગ છે. આ જીવો જર્મન લોકોમાં સામાન્ય હતા ખાસ કરીને ખાણ અને પર્વતો પર કામ કરતાં હતા નોકર્સ પરીનું એક સ્વરૂપ હતુ, જે ખાણોમા રહેતી હતી. ખાણીયાઓને ગુફાઓનાં જોખમ વિશે ચેતવણી આપતી હોવાથી દંત કથા છે. બાદમાં સુંદર સ્ત્રીઓનું સ્વરૂપ પણ ધારણ કર્યું હતુ. આજના યુગમાં બાળકોની ટીવી કાર્ટુન ફિલ્મો અને સચિવ કલરફૂલ બુકમાં તેનું વિશેષ સ્થાન જોવા મળે છે.



પરિકથા વાંચો ત્યારે તમે વિશ્વના કુદરતી સ્થળો જે સ્વર્ગ જેવા હોય તેમાં તમો ખોવાઈ જાવ છો, તેના જેવું સર્જનાત્મક વિશ્વ બાળક માટે બીજું કોઈ નથી. જો તમે બાળકન હોતો પણ તમને નૈતિકતાના પાઠ શીખવે છે. બાળકો તેના પરીકથા ઘણુ બધુ શીખવે છે. પરીઓ વાસ્તવિક હોય ન હોય પણ તે વિશ્વભરની સંસ્કૃતિ અને સમાજનો અકે ભાગ છે. આયર્લેન્ડ કે સ્કેન્ડિનેવિયામાં બે સ્થાનોમાં પરી દંતકથાઓ મજબૂત રીતે વણાયેલી છે. પરીઓની વાતો તમારી લાગણી વિશે, ઈતિહાસ અને તેની પૌરાણિક કથાની રસપ્રદ વાતો છે. જાદુ, અજાયબ, અને કલ્પનાની દૂનિયાએ આપણી પરીકથાઓ છે. પરીકથા સાંભળવા તથા તેમના દેશ વિશે જાણવા નાના બાળકો હંમેશા ઉત્સુક હોય છે. આપણા પૌરાણિક માણસોની વાતો સાથે તેના આકર્ષણની ઉજવણી કરવાની સુનહરી તક છે.

પરીઓની વાતો મોહક વિશ્વને સમર્પિત છે, તેની જાદૂઈ પ્રસંગ છે જે પરીઓ વિશે કાલ્પનિક, પ્રોત્સાહિત સર્જાનાત્મકતા, વાર્તા કહેવા અને અજાયબીની ભાવનામાં વ્યસ્ત રાખે છે. આપણી લોકકથા અને સાહિત્યમાં પરીઓનાં વારસાને માન આપવા આજનો વૈશ્વિક દિવસની ઉજવણી કરાય છે. પરીઓને ઘણીવાર જાદુઈ શક્તિઓ સાથે નાના પાંખવળા માણસો તરીકે દર્શાવાય છે, તે સદીઓથી વિવિધ સંસ્કૃતિઓની પૌરાણિક કથાઓનો નોંધપાત્ર ભાગ છે. આર્યલેન્ડની સેલ્ટિક પરંપરાઓથી લઈને ભારતની પ્રાચિન લોકકથાઓ સુધી, પરીઓને માનવ કલ્પનાને મોહિત કર્યા છે. જે પ્રકૃતિનાં રહસ્યો અને અજાણ્યાનું પ્રતિક છે. આજે દરેક મા-બાપે બાળકોને પરીકથા વિશે વાત કરવી તે કાલાતીત પાઠ અને મોહક કથાને પ્રદાન કરે છે, જે વાંચકોને વિચિત્ર દૂનિયામાં લઈ જાય છે.. બાળકોની કલ્પના શકિતને પ્રેરિત કરવા અને પરી સાહિત્યની સમૃદ્ધ પરિચય આપણા પણ સંતાનો સાથે આ વાતો શેર કરવી આજના યુગમાં છોકરીઓને પરીડ્રેસ પહેરાવે છે. તેના પોશાક વિશે, મૂર્તિમંતભાવના, પાંખો, ચમકદાર આંખો, જાદુના સ્પર્શથી શણગારો વિગેરે બાબતે પણ જાણવું જરૂરી છે. વિશ્વનાઘણા સાંસ્કૃતિક વારસામાં તેનું વિશેષ સ્થાન છે. સેલ્ટિક પૌરાણિક કથાઓમાં, પરીઓ ઘણીવાર પ્રકૃતિના રક્ષક તરીકે જોવામાં આવે છે. છૂપાયેલા પ્રદેશોમાં રહેતી પરીઓમાત્ર દુર્લભ પ્રસંગો એજ મનુષ્ય સાથે વાત કરે છે. તે માનવ શાસ્ત્ર સાથે જોડાયેલી બાબત છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આ વિશેની દંતકથા વાર્તા એક મૂળનથી પણ વિવિધ સ્ત્રોતોમાની લોક માન્યતાનો સંગ્રહ છે. પરીઓની ઉત્પતિ વિશે વિવિધ લોક સિધ્ધાંતોમાં ખ્રિસ્તી પરંપરામાં તેને દેવદૂત, રાક્ષસ, મૂર્તિપૂજક, દેવતાઓ, મૃતકોના આત્મા તરીકે માનવોનાં પ્રૌગૈતિહાસિક પૂર્વગામી તરીકે કે પ્રકૃતિના આત્મા તરીકે દર્શાવાય છે. પર્સિયન, પૌરાણિક કથાઓથી લઈને બ્રાયથોનીક, જર્મન લોકો અને મધ્ય ફ્રેન્ચ સુધીની લોકકથાનો ઈતિહાસ છે. ઈગ્લેન્ડના રેકાર્ડ મુજબ સૌથી જુની પરીઓનું વર્ણન ૧૩મી સદીમાં ટિલ્બરીના ઈતિહાસસર ગેરવેસ દ્વારા કરવામાં આવ્યું હતુ. જોકે પછીની તમામ સદીમાં તેની ઘણી વાતોનો ઉલ્લેખ જોવા મળે છે. શેકસપિયરના નાઈટસડ્રીમમાં પરીઓ નોંધપાત્ર પાત્રોમાં દેખાય છે. છબીકલા અને ચિત્રકલામાં પણ વિશેષ જોવા મળે છે.

### ઉત્તરાખંડમાં આવેલી ખૈતપર્વત પરીઓની ભૂમિ!




પ્રાચિન સમયથી ભારતની સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના વિશેની ચર્ચા માત્ર આપણે દેશમાંજ નહી વિશ્વના દરેક ખૂણે થાય છે. આવી જ વાત ઉત્તરાખંડમા આવેલ ખૈત પર્વત વિશેની છે. આ પવર્તને પરીઓની ભૂમિ કહેવામાં આવે છે. દરિયાની સપાટીથી દશ હજાર ફૂટ ઊંચે આવેલ આ પર્વત પર પ્રાચિન સમયથી પરીઓનો વાસ છે, તેવી વાયકા છે. ઘણા લોકોને આજે પણ પરીઓ જોવા મળે છે. અહી દરરોક ફળ-ફૂલ ખીલે છે. જો તમે અહીંથીતે બહાર લઈ જાવ તો બગડી જાય તેવી લોકવાયકા છે. સ્થાનીક ગઢવાલી ભાષામાં 'આંછરી'ને પરીઓ કહેવામા આવે છે.

# આરોગ્ય, શિક્ષણ, ધર્મ અને રાજકારણઃ સમાજના આ ચારેય મુખ્ય સ્થંભ હાલ ખળભળી ગયા છે !

## આરોગ્ય અને શિક્ષણમાં વ્યાપારીકરણ ધર્મ અને રાજકારણમાં નીતિમતાનો અભાવ



**આશિધરા**
**પરેશ વાઘાણી**
**મો.નં. ૯૦૯૯૦ ૫૦૬૨૦**

આરોગ્ય, શિક્ષણ, ધર્મ અને રાજકારણ આપણા સમાજના - દેશના ચાર મુખ્ય સ્થંભો છે.

આરોગ્ય આપણા સમાજને તંદુરસ્ત રાખે છે. આરોગ્યની સેવા એક જમાનામાં ખૂબ જ નોબલ સેવા ગણાતી.ખૂબ જ સારી સેવા પૈકી એક આરોગ્યની સેવા ગણાતી. આરોગ્યની સેવા કરનારાઓ ને લોકો ખૂબ જ માનથી જોતા.

હાલમાં આ સેવાઓનું વ્યાપારીકરણ ખૂબ જ મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યું છે. જે સમાજ માટે ઘાતક છે. જે સમાજની વ્યવસ્થાને માટે ખૂબ જ ખતરા રૂપ સાબિત થઈ રહ્યું છે. ચિંતાનો વિષય તો એ છે કે આરોગ્ય સેવાનું વેપારીકરણ તો ઠીક પણ મોટા મોટા ગૃહો અને મોટા મોટા કોર્પોરેટર્સ આને ધંધામાં ફેરવી રહ્યા છે અને તગડો નફો કરવાનુ સાધન છે,તેમ માની કરોડો-અબજો રૂપિયા રોકી તેમાંથી નફો મેળવી રહ્યા છે.શું આ વ્યાજબી છે? શું આને નિવારી ન શકાય?

સારા દેશના નાગરિકો સ્વસ્થ અને તંદુરસ્ત હોવો જોઈએ. પરંતુ તંદુરસ્ત રહેવા કે બીમારીની સારવાર કરવા લાખો રૂપિયાનો ખર્ચ થાય તે કેટલા અંશે વ્યાજબી છે. શું આ પરિસ્થિતિને રોકી ન શકાય? મોટી મોટી કંપનીઓને આ ધંધામાં આવવાથી રોકી ન શકાય? આવા અનેક પ્રશ્નો છે જે આરોગ્યને લઈને લોકોના મનમાં આવી રહ્યા છે.

શિક્ષણમાં પણ આ જ પરિસ્થિતિ છે. શિક્ષણનો વ્યાપાર થઈ રહ્યો છે. શિક્ષણનો વ્યાપાર કરનારા દિવસે-દિવસે વધતા જાય છે.અગાઉના જમાનામાં શિક્ષણ મફત ઉપલબ્ધ હતું.આજે શિક્ષણમાં પણ વ્યાપારીકરણ થઈ ગયું છે. શિક્ષણ એ તગડો નફો કરી આપનાર વ્યવસાયના રૂપમાં આજે જોવા મળી રહ્યું છે. શિક્ષણના વ્યાપારીકરણ થી સમાજને વધુ નુકસાન થઈ રહ્યું છે. શિક્ષણમાં પણ ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યું છે. આપણી હાલની શિક્ષણ વ્યવસ્થા ને લઈને પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે.ધર્મ એક સંવેદનશીલ મુદ્દો છે. ધર્મ થી સુખ,શાંતિ અને મનની શુદ્ધિ મળે છે.ધર્મથી સમાજ ઉજળો બને છે. ધર્મને લઈને પણ અત્યારે અનેક વિવાદો થઈ રહ્યા છે. એક સંપ્રદાય બીજા સંપ્રદાય સામે આવી રહ્યો છે.

શું રોકી ન શકાય ?

ધર્મનું પણ વ્યાપારિકરણ થઈ રહ્યું છે. ધર્મમાં પણ હવે રાજકારણ ઘુસી રહ્યું છે.

શું ધર્મથી મોટો કોઈ હોઈ શકે?

ધર્મ ને ધર્મ પુરતો મર્યાદિત રાખવો એટલો જ જરૂરી છે.ધર્મના વેપારીકરણથી અને ધર્મના રાજકારણથી અંતે તો સમાજને નુકસાન થશે. રાજકારણ જે અગાઉ સારા સમાજ અને આર્થિક વ્યવસ્થા માટે ખેલાતું. તે હવે ફક્ત અને ફક્ત વ્યક્તિગત લાભો પૂરતું મર્યાદિત થતું જાય છે. હાલમાં રાજકારણમાં થઈ રહેલા કાવા દાવા અને નીચેના સ્તર સુધી જે રીતે રાજકારણીઓ જઈ રહ્યા છે તે પણ સમાજમાં ચિંતા નો વિષય છે. આમ જોવા જઈએ તો આરોગ્ય - શિક્ષણ-ધર્મ-રાજકારણ જેવા મુખ્ય ચાર સ્થંભો ખળભળી ગયા હોય તેવી સ્થિતિ છે.જે સમાજ માટે ખતરાની ઘંટી બની શકે છે.

## સમસ્ત મહાજન ગઝલ કવિતા ગ્રુપ દ્વારા ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધા યોજાશે

**અબતક, રાજકોટ**

આપણી સર્જન અને વકતૃત્વ શકિત ખીલે એવા હેતુથી સમસ્ત મહાજન, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન, રાજકોટ તથા સાહિત્ય ગઝલ કવિતા ગૃપના સંયુક્ત ઉપક્રમે ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી છે જેના વિષયો (૧) હું પશુ પક્ષીની સેવા કરું છું કારણકે, (૨) હું વૃક્ષો વાવું છું, ઉછેરૂં છું કારણકે, (૩) હું જીવમાત્ર પ્રત્યે કરૂણા રાખું છું, કારણ કે અહીં આપેલા વિષયને કેન્દ્રમાં રાખી નિબંધ, ગીત, કાવ્ય, નાટ્ય (ગ્રુપ/ સિંગલ ), અર્વાચીન ગીતો, સાહિત્યના અનેક પ્રકારો ( દુહા, છંદ, ગઝલ, હાઈકુ, ઈત્યાદિ ), માંનો એક્ટિંગનો વધુમાં વધુ ૫ મિનિટનો વિડિયો બનાવી તા.૩૦, જૂન, ૨૦૨૪ સુધી મોકલી આપવો. વિડિયો ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સિંધી કે કોઈપણ ભારતીય ભાષામાં રેકોર્ડ કરી શકાશે. વિડિયો મહત્તમ ૫ મિનિટનો હોવો જોઈએ. આ સ્પર્ધામાં કોઈપણ ઉંમરની વ્યક્તિ ભાગ લઈ શકે છે. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને E-certificate આપવામાં આવશે તેમજ વિજેતાને સંસ્થા દ્વારા આકર્ષક Cash Prices અને ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે તથા બાળકો સહિત સારા વકતાઓને karuna talks માં આમંત્રિત કરીને તેમનો ઈન્ટરવ્યૂ કરવામાં આવશે. જે ડિજિટલ માધ્યમ દ્વારા લાખો લોકો સુધી પહોંચશે.

## રાજકોટ માર્કેટ યાર્ડ

### શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૯૦ | ૨૫૦ | ૬૦૦ |
| લીંબુ | ૩૪૫ | ૬૦૦ | ૧૩૦૦ |
| તરબુચ | ૧૨૫ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૩૩૬૦ | ૩૦૦ | ૬૩૧ |
| ડુંગળી સુકી | ૧૭૨૦ | ૨૧૫ | ૬૦૫ |
| ટમેટા | ૪૫૦ | ૬૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૫૧ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૧૯૨ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| મુળા | ૩ | ૪૫૦ | ૬૫૦ |
| રીંગણા | ૩૨૯ | ૨૦૦ | ૪૫૦ |
| કોબીજ | ૪૭૦ | ૩૦૦ | ૫૦૦ |
| ફલાવર | ૩૫૭ | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૨૦ | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૩૭૫ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૨૮ | ૧૩૦૦ | ૨૦૦૦ |
| ટીંડોળા | ૩૮ | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૪૦૧ | ૨૫૦ | ૪૦૦ |
| કારેલા | ૧૩૦ | ૬૩૦ | ૮૨૦ |
| સરગવો | ૧૨૧ | ૯૦૦ | ૧૩૫૦ |
| તુરીયા | ૨૫૦ | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૪૭ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૯૦ | ૫૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૪૦ | ૨૮૦ | ૫૧૦ |
| વટાણા | ૩૬ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ગલકા | ૬૦ | ૨૦૦ | ૫૦૦ |
| બીટ | ૧૯ | ૧૫૦ | ૪૦૦ |
| મેથી | ૨૩ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૩ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| આદુ | ૧૬૧ | ૨૩૦૦ | ૨૫૦૦ |
| મરચા લીલા | ૨૨૦ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મગફળી લીલી | ૩૮ | ૯૦૦ | ૧૨૦૦ |
| મકાઈ લીલી | ૮૫ | ૨૫૦ | ૪૦૦ |
| ગુંદા | ૧૭ | ૭૫૦ | ૧૦૦૦ |

### અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૪૦૦ | ૧૩૫૨ | ૧૫૨૫ |
| ઘઉં લોકવન | ૧૦૫ | ૪૯૮ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૯૫૦ | ૫૦૮ | ૫૪૭ |
| જુવાર સફેદ | ૨૫૦ | ૮૪૪ | ૯૦૧ |
| જુવાર લાલ | ૮ | ૮૩૫ | ૯૦૦ |
| જુવાર પીળી | ૬૦ | ૪૨૦ | ૪૫૧ |
| બાજરી | ૫૦ | ૩૭૦ | ૪૬૦ |
| તુવેર | ૧૦૦ | ૧૬૫૦ | ૨૨૦૦ |
| ચણા પીળા | ૮૦૦ | ૧૨૦૦ | ૧૩૨૫ |
| ચણા સફેદ | ૩૦૦ | ૧૫૦૦ | ૨૨૪૦ |
| અડદ | ૧૫૦ | ૧૪૫૦ | ૧૮૮૮ |
| મગ | ૪૫૦ | ૧૪૧૦ | ૧૭૦૦ |
| ચોળી | ૨૧૦ | ૨૧૫૦ | ૩૧૦૦ |
| વટાણા | ૧૦ | ૬૮૦ | ૧૬૧૦ |
| સીંગદાણા | ૬૦ | ૧૫૮૦ | ૧૭૦૦ |
| મગફળી જાડી | ૬૦૦ | ૧૧૦૦ | ૧૨૭૭ |
| મગફળી જીણી | ૧૮૦૦ | ૧૧૦૦ | ૧૨૨૫ |
| તલી | ૩૦૦૦ | ૨૩૪૦ | ૨૬૨૫ |
| સુરજમુખી | ૪ | ૫૨૦ | ૫૩૫ |
| એરંડા | ૮૦ | ૧૦૮૦ | ૧૧૧૩ |
| અજમો | ૨ | ૧૬૨૦ | ૨૫૨૦ |
| સોયાબીન | ૧૫૦ | ૮૫૦ | ૯૨૧ |
| સીંગફાડા | ૯૬૦ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૧૮૫ | ૨૮૦૦ | ૩૧૫૧ |
| લસણ | ૧૧૦ | ૧૫૫૦ | ૩૩૫૫ |
| ધાણા | ૫૧૦ | ૧૨૦૦ | ૧૪૬૮ |
| ધાણી | ૩૧૫ | ૧૨૪૦ | ૧૭૬૦ |
| વરીયાળી | ૧૦૦ | ૧૧૮૦ | ૧૫૦૬ |
| જીરૂ | ૯૬૦ | ૪૭૫૦ | ૫૬૨૦ |
| રાય | ૧૦૦ | ૧૧૦૦ | ૧૨૭૦ |
| મેથી | ૨૫૦ | ૯૭૦ | ૧૩૭૦ |
| ઈસબગુલ | ૧ | ૧૨૪૦ | ૨૩૦૦ |
| કલોંજી | ૪૦ | ૩૨૦૦ | ૩૭૦૦ |
| રાયડો | ૨૦૦ | ૯૬૦ | ૧૦૫૫ |
| રજકાનું બી | ૭૫ | ૩૯૦૦ | ૫૩૮૦ |
| ગુવારનું બી | ૧૫૦ | ૯૫૦ | ૧૦૬૦ |

## અબતક પંચાગ

**તા.૨૫-૬-૨૦૨૪ મંગળવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિ**: ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | જેઠ વદ ચોથ અંગારીક ચોથ ચંદ્રઉદય ૧૦.૪૪ રાત્રે |
| **નક્ષત્ર** | શ્રવણ |
| **યોગ** | વૈધૃતિ **કરણઃ** બવ |
| **સુર્યોદય** | ૬.૦૬ **સુર્યાસ્તઃ** ૭.૩૪ |
| **ચંદ્ર રાશી** | મકર મંગળવારે રાત્રે ૧૦.૪૯થી કુંભ |
| **રાશિ અક્ષર** | ખ.જ./ગ.શ.સ. |
| **દિશાશૂળ** | ઉત્તર દિશાતરફ |
| **રાહુકાળ** | બપોરે ૩ થી ૪.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ |
| **રાત્રીનાચોઘડીયા** | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૨ થી ૧.૧૬ |

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | | | | | ૮ |
| ૪ | | ૩ | | | | | | |
| | | | | ૮ | | ૭ | | |
| | | | ૬ | ૭ | ૮ | | ૯ | |
| | ૯ | ૪ | | | | | | |
| | | | | | | | ૩ | ૫ |
| | ૫ | | | | | | ૧ | |
| | | | | | | ૮ | | |
| | ૭ | | ૩ | ૧ | | | ૨ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૪૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૯ | ૧ | ૪ | ૩ | ૬ | ૨ | ૮ |
| ૧ | ૮ | ૨ | ૬ | ૭ | ૯ | ૪ | ૩ | ૫ |
| ૬ | ૪ | ૩ | ૮ | ૨ | ૫ | ૧ | ૭ | ૯ |
| ૯ | ૧ | ૮ | ૩ | ૫ | ૭ | ૨ | ૬ | ૪ |
| ૨ | ૫ | ૪ | ૯ | ૬ | ૧ | ૭ | ૮ | ૩ |
| ૩ | ૬ | ૭ | ૨ | ૮ | ૪ | ૯ | ૫ | ૧ |
| ૪ | ૨ | ૧ | ૭ | ૩ | ૮ | ૫ | ૯ | ૬ |
| ૮ | ૯ | ૬ | ૫ | ૧ | ૨ | ૩ | ૪ | ૭ |
| ૭ | ૩ | ૫ | ૪ | ૯ | ૬ | ૮ | ૧ | ૨ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૪-૦૬-૨૦૨૪ સોમવાર**


૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેપ્પી ફેમેલી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ ચટણી બોલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.સુશીલ કારીયા)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (બાયોમેડિકલ વેસ્ટ કેટલો જોખમી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (કાન નાક.સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (એક સાંવરિયો બીજો બાવરીયો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ ચાલને જીવી લઈએ
૦૮:૦૦ થી ૦૯:૦૦ મનુ મોજીલો
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કાલકુંભ

**તારીખ ૨૫-૦૬-૨૦૨૪ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## આજનું રાશિફળ

**તા.૧ ૨૪.૬.૨૦૨૪ સોમવાર, સંવંત ૨૦૮૦ જેઠ વદ ત્રીજ, ઉત્તરાષાઢા નક્ષત્ર, ઐંદ્ર યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે, ધાર્યા કામ પાર પાડી શકો .

**મિથુન (ક,છ,ઘ)** : મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મન નું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.

**કર્ક (ડ,હ)** : ભાગીદારીમાં કામ કરતા મિત્રો ને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**સિંહ (મ,ટ)** : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કન્યા (પ,ઠ,ણ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો. દિવસ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત)** : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદ માં પસાર કરી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)**: તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય,નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.

**મકર (ખ,જ)** : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો,વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે,કામકાજમાં સફળતા મળે.

**કુંભ (ગ,સ,શ)** : ખર્ચ પર અંકુશ રાખવો પડે,આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ)** : નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય,ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

# અગ્નિકાંડને લઈને કાલે રાજકોટ બંધમાં તમામને સાથ આપવાની અપીલ કરતી કોંગ્રેસ

## ટીઆરપી ગેમ ઝોનની ઘટનના મૃતકોની માસિક પુણ્યતિથિ નિમિત્તે અને હતભાગીઓને અંજલિ અર્પવા કાલે કોંગ્રેસ દ્વારા અપાયું અડધો દિવસનું બંધનું એલાનઃ પત્રકાર પરિષદમાં પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ, વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી, પ્રદેશના કાર્યકારી અધ્યક્ષ ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા સહિતનાઓ ઉપસ્થિત રહ્યા

### કાલે અડધો દિવસ રાજકોટ સ્વયંભૂ બંધ રહેઃ શક્તિસિંહ ગોહિલ



શક્તિસિંહ ગોહિલે જણાવ્યુ હતું કે, મોરબીની ઘટના, તક્ષશિલા કાંડ, વડોદરા ના હરણીકાંડ માં આજ દિન સુધી લોકોને ન્યાય મળેલ નથી અને રાજકોટમાં ગેમઝોનની ઘટનામાં પણ પરિવારોને ન્યાય મળશે કે કેમ તે શંકા છે ૨૫મી ઘટના એક મહિનો થયો માસિક પુણ્યતિથિ રાજકોટ સ્વયંભૂ બંધ રહે દુકાનદાર વેપારી એસોસિયેશન સંપૂર્ણપણે સાથ આપેલ છે બંધમાં ટીમમાં અમારી ટીમો રસ્તા પર નીકળશે કોઈ જબરદસ્તી નહીં હાથ જોડીને વિનંતી કરાશે માનવતાના ધોરણે જો સહકાર આપે તો ઠીક છે બાકી જે લોકો બંધ નહીં કરે તેવા વેપારીઓના સોશિયલ મીડિયામાં આવા બંધમાં ન જોડાનાર વેપારીઓ ના વિડીયો વાયરલ કરાશે.

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના બેદરકારી અને ભ્રષ્ટશાસનને પગલે તારીખ ૨૫ મે ના રોજ બનેલી ટીઆરપી ગેમ ઝોનની અત્યંત દુઃખદ ઘટનામાં અનેક પરિવારોએ પોતાના વહાલ સોયા માસુમ બાળકો અને પરિવારના સભ્યો ગુમાવ્યા છે. મૃતકો ની માસિક પુણ્યતિથિ નિમિત્તે આજરોજ રાજકોટ માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ રાજ્ય સભાના સાંસદ શક્તિસિંહજી ગોહિલ દ્વારા પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી જેમાં જણાવ્યું હતું કે રાજકોટમાં



તસવીરઃ શૈલેષ વાડોલિયા

ન્યાય મેળવવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જે મુદ્દાઓ ઉઠાવેલ છે અને શરૂઆતથી જ રાજકોટ ની જનતાએ સાથ અને સહકાર આપ્યો છે રેસકોષે ખાતે કેન્ડલ માર્ચ થી લઈ શ્રદ્ધા સમનમાં રાજકોટ વાસીઓ ઉમટી પડ્યા હતા. રાજકોટમાં

(અનુ. આઠમા પાને)

### રાજકોટ મહાનગરપાલિકાને સુપરસીડ કરવામાં આવેઃ કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશી



કોંગ્રેસ પ્રવક્તા ડો. મનીષ દોશીએ 'અબતક' સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું કે,રાજકોટમાં ટીઆરપી અગ્નિ કાર્ડ તે માનવ સર્જિત હત્યાકાંડ છે. ભાજપના ભ્રષ્ટાચારના પાપે નાગરિકો અને બાળકો એ જીવ ગુમાવ્યો છે. એસઆઈટીએ સત્ય શોધવા માટે હતી કે સત્યનો નાશ કરવા માટે હતી તે પણ પ્રશ્ન છે. ક્યાંક ને ક્યાંક પદાધિકારીઓને બચાવવામાં આવી રહ્યા છે. અગ્નિકાંડમાં પદાધિકારીઓ અને અધિકારીઓ બન્ને જવાબદાર છે. મોરબીમાં જુલતાપુલ દુર્ઘટના થઈ ત્યારે ચૂંટણી હતી એટલે સુપરસીડ કરવામાં આવી હતી. મોરબીની જનતાને સુપર સીડ કરીને દેખાવ કરવામાં આવ્યો હતો. નાગરિકોને સુરક્ષા આપવાના દાવા કરતી સરકાર સુરક્ષા આપી શકતી નથી. સરકારને ભ્રષ્ટાચાર કરવામાં જ રસ છે. હવે જયારે આ અગ્નિકાંડ બન્યો છે ત્યારે રાજકોટ મહાનગરપાલીકાને તાકીદે સુપરસીડ કરવામાં આવે તેવી અમારી માંગ છે.

### રાજકોટના વેપારીઓ, જનતા બંધને પ્રચંડ ટેકો કરશેઃ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી



જીગ્નેશ મેવાણી રાજકોટમાં અગ્નિકાર્ડની ૨૫મી તારીખે માસિક પૂર્ણતિથીએ નિમિત્તે શહેરની જનતાને હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે આ કસોટી પીડીત પરિવારોની નથી કે અમારી વિપક્ષની નથી રાજકોટની છે. રાજકોટના વેપારીઓ, જનતા બંધને ખૂબ મોટી સંખ્યામાં ટેકો કરશે. સરકારને પૂછવા માગીએ છીએ કે શા માટે ભારતીય જનતા પાર્ટીના મોટા મગરમચ્છોના ભ્રષ્ટાચારના પાપે આ ઘટના બની. શા માટે તેમની હજી સુધી ધરપકડ થઈ નથી. સાગઠીયા અને નાની માછલીઓ પર ઠીકરુ ફોડી મોટા મગરમચ્છો ને બચાવી રહ્યા છો તેને રાજકોટ અને ગુજરાતની જનતા જોઈ રહી છે. એસઆઈટીના રિપોર્ટમાં પણ કશું જ નીકળવાનું ન હતું. ૨૦ લીટર પેટ્રોલની વાત કરવામાં આવે છે તો હું નથી માનતો કે ત્યાં ૨૦ લીટર જ પેટ્રોલ હોય. ખૂબ મોટો પેટ્રોલનો જથ્થો હતો તો જ ૩૦૦૦ ડિગ્રી જેટલું તાપમાન બ્લાસ્ટમાં સર્જાયું હોય. નાગરિકોએ પણ ખૂબ સાવચેતી રાખવી જોઈએ. તક્ષશિલા, હરણી, લઠ્ઠા કાંડ હોય દરેક ઘટનામાં ગુજરાતની અને રાજકોટની જનતાએ જાગવું જોઈએ.

# ચક દે...: ખેલ મહાકુંભમાં રાજકોટની હોકી ટીમ ફાઈનલમાં

### રાજકોટ હોકીને હજુ વધુ ગ્રાન્ટ મળે તો ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં થઈ શકે વિકાસઃ મહેશ દિવેચા

**અબતક, રાજકોટ**

હાલ છેલ મહાકુંભ ની હોકી ટુર્નામેન્ટ દેવગઢબારિયા ખાતે રમાઈ રહી છે તેમાં રાજકોટ હોકી ની ટીમ ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ મેળવ્યો છે. રાજકોટની ટીમે સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાતની એકેડેમી ટીમને હરાવી ફાઈનલમાં સ્થાન સુનિશ્ચિત કર્યું છે એટલું જ નહીં આ પૂર્વે રાજકોટની ટીમે અમદાવાદ જેવી કપરી ગણાતી તેમને પણ હરાવી પોતાના વિજય અભ્યાનને આગળ ધપાવ્યો છે. આવતીકાલે દેવગઢબારિયા ખાતે ફાઈનલ મેચ રમાશે જમા રાજકોટ ટીમની જીત પ્રબળ હોય તેવા ઉજળા સંજોગો પણ જોવા મળી રહ્યા છે.

રાજકોટ હોકી ટીમના કોચ મહેશભાઈ દીવેચાએ અબતક સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, રાજકોટની ટીમે જે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત એકેડેમી ટીમને હરાવી તે ટીમને રાજ્ય સરકાર પાસેથી જરૂરી તમામ પાયાની સુવિધાઓ મળતી હોય છે અને અધ્યતન સહુલતો પણ પૂરી પાડવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે એ જ વિપરીત સ્થિતિ, રાજકોટ ખાતે જોવા મળે છે કારણ કે રાજકોટ પાસે ઉચ્ચ સ્તરિય એસ્ટ્રો ટર્ફ નું ગ્રાઉન્ડ તો છે પરંતુ જે સુવિધા ખેલાડીઓને મળવી જોઈએ તે મળતી નથી બીજી તરફ જે યોગ્ય ગ્રાન્ટ હોકી માટે પણ સરકારે આપવાની હોય તે ન મળતા ઘણી અગવડતા નો સામનો રાજકોટની ટીમે કરવો પડે છે છતાં પણ આટલી ધુરંદર ટીમને હરાવી તે કોઈ નાની સુની વાત નથી.



હાલ દેવગઢ બારીયા ખાતે ચાલી રહેલા ખેલ મહાકુંભ ઓફિસ સ્પર્ધામાં રાજકોટની ટીમને રહેવા જમવા ની વ્યવસ્થા માં ઘણી ક્ષતિ જોવા મળી હતી. આ અંગે અનેક વખત રજૂઆત કરવા છતાં પણ કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. ત્યારે ભવિષ્યમાં આ પ્રકારની મોટી ટુર્નામેન્ટ યોજાઈ તેમાં યોગ્ય સુવિધાઓ મળી રહે તે જરૂરી છે અન્યથા જે ટીમનું મોરલ હોય તેમાં ઘણાખરા અંશે ઘટાડો જોવા મળશે. વધુમાં કોચ મહેશભાઈ જણાવ્યું હતું કે રાજકોટમાં અને સમગ્ર ગુજરાતમાં હોકી પ્રત્યે જાગૃતતા આવે તેની તાતી જરૂરીયાત છે કારણ કે અન્ય પ્રાંતો અને રાજ્યોમાં સરકાર હોકીને ખૂબ સારી રીતે પ્રમોટ પણ કરે છે. બીજી

### ઓપન એઈજ ગ્રુપમાં રાજકોટની ટીમે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની એકેડેમી ટીમ તથા અમદાવાદ ટીમને આપી મ્હાત



સૌથી મોટી વાત તો એ છે કે નાના કેન્દ્રોને ઘણી ખરી રીતે આર્થિક લાભ પણ રાજ્ય સરકાર દ્વારા મળતો હોય છે પરંતુ જ્યારે રાજકોટની વાત કરવામાં આવે તો કોઈ નકર પરિણામ અને નકર સુવિધા હજુ સુધી જોવા મળી નથી અને પરિણામ સ્વરૂપે રાજકોટ હોકી ટીમને ઘણી ખરી યાતના પણ વેઠવી પડી છે.


દેવગઢ બારીયા ખાતે ચાલી રહેલી હોકી ટુર્નામેન્ટમાં જે રીતે રહેવાની તથા જમવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી જોઈએ અથવા તો જે સહુલત મળવી જોઈએ તે રાજકોટ ટીમને મળી નથી અને ઘણી વિકટ પરિસ્થિતિમાં હોવા છતાં રાજકોટની ટીમે સેમિફાઈનલમાં હરાવી પોતાનું સ્થાન ફાઈનલમાં સુનિશ્ચિત કરી લીધું છે.

# શિક્ષણ બોર્ડની ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ

### વિષયોની સંખ્યામાં વધારો થતાં ત્રણ-ચાર દિવસમાં પૂર્ણ થતી પૂરક પરીક્ષા ૯ દિવસ સુધી ચાલશે

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષાનો આજથી શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. ધોરણ ૧૦ અને ૧૨ના ૨.૩૮ લાખ જેટલા વિદ્યાર્થીઓ આજથી ૧૫ દિવસ સુધી વિવિધ વિષયની પરીક્ષા આપશે.તાજેતરમાં માર્ચ મહિનામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ની વાર્ષિક પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષાનું તાજેતરમાં પરિણામ જાહેર થયું હતું જેમાં



નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની પરીક્ષા માટે કુલ ૩૮૩ સ્કૂલોમાં વ્યવસ્થા ગોઠવાઈ છે જ્યારે ધોરણ ૧૨ માટે ૨૭૦ સ્કૂલોમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વખતે વિષયોની સંખ્યામાં વધારો થતાં ત્રણ-ચાર દિવસમાં પૂર્ણ થતી પૂરક પરીક્ષા ૯ દિવસ સુધી ચાલશે. પુરક પરીક્ષા આજથી ૬ઠ્ઠી જુલાઈ સુધી આયોજન કરવામાં આવ્યું છે.

### રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં આજથી શૈક્ષણિક કાર્યનો આરંભ

ગુજરાતની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં આજે ૨૪ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. તમામ સરકારી યુનિવર્સિટીઓમાં ૨૩મી જૂનના રોજ ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યુ હતુ. યુજી-પીજીમાં સેમેસ્ટર-૧નું શૈક્ષણિક સત્ર આગામી ૨૬મી જુનથી શરૂ કરવાનું આયોજન કરાયુ છે. પરંતુ કોમન પ્રવેશ પ્રક્રિયાના ધાંધિયા જોતા યુજી સેમેસ્ટર-૧નું સત્ર કેલેન્ડરની નિયત તારીખ મુજબ એટલે કે, ૨૬મી જૂનથી શરૂ થાય તેવી કોઈ જ શક્યતા જણાતી ન હોવાનુ શિક્ષણ નિષ્ણાતો જણાવ્યુ છે.વર્ષ-૨૦૨૪-૨૫માં શિક્ષણકાર્ય માટે પ્રથમ સત્રમાં કુલ ૧૨૪ દિવસ અને બીજા સત્રમાં ૧૦૬ દિવસની ફાળવણી કરવામાં આવી છે. જૂના આયોજન મુજબ ૧લી મેથી ૧૫મી જૂન સુધીનું ઉનાળુ વેકેશન આપવામાં આવ્યું હતું, પરંતુ ચૂંટણીના લીધે ૯મી મેથી ઉનાળુ વેકેશન જાહેર કરાયું હતું, જે આજે ૨૩મી જૂનના રોજ પૂર્ણ થયું છે. યુજી સેમ-૩ અને ૫ તેમ જ પીજી સેમ-૩માં તા .૨૪મી જૂનથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થશે. પ્રથમ સત્રમાં ૨૬મી જુનથી ૧૪મી ડિસેમ્બર-૨૦૨૪ સુધી કુલ ૧૨૪ દિવસ શિક્ષણકાર્ય માટે ફાળવાયા છે. વર્ષ-૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષમાં તા.૨૭મી ઓક્ટોબરથી ૧૬મી નવેમ્બર સુધીમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન આપવામાં આવશે.

# કલેક્ટર કચેરી અને તમામ મામલતદાર કચેરીમાં પ્રવેશતા લોકોની આજથી ફરજીયાત નોંધણી

### કોણ કચેરીમાં આવે છે તેનો રેકોર્ડ રાખવા નવો નિયમ લાગુઃ પ્રથમ દિવસે જ કલેક્ટર કચેરીમાં સિક્યુરિટી સ્ટાફે વગદાર લોકોને નોંધણીનું કહેતા માઠું લાગી ગયું





**અબતક, રાજકોટ**

કલેક્ટર કચેરી અને તમામ મામલતદાર કચેરીમાં પ્રવેશતા લોકોની આજથી ફરજીયાત નોંધણી કરવાના જિલ્લા કલેક્ટરે આદેશ આપ્યા છે. કોણ કચેરીમાં આવે છે તેનો રેકોર્ડ રાખવા નવો નિયમ જિલ્લાભરમાં આજથી લાગુ કરવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી અને જિલ્લાભરની મામલતદાર કચેરીમાં રોજ કોણ પ્રવેશે છે તેનો રેકોર્ડ રાખવા જિલ્લા કલેક્ટરે આદેશ જારી કર્યો છે. જિલ્લા કલેક્ટર દ્વારા કલેક્ટર કચેરી હેઠળની તમામ કચેરીઓના વડાઓને કંટ્રોલ રજીસ્ટર ફરજીયાતપણે નિભાવવાનો આદેશ આપવામાં આવતા તેની આજથી અમલવારી શરૂ કરી દેવામાં આવી છે.

જો કે આજે જિલ્લા કલેક્ટર કચેરીમાં પ્રવેશતા તમામ લોકોની આજથી નોંધણી શરૂ કરવામાં આવી હતી. આ વેળાએ સવારે બેથી ત્રણ વગદાર લોકો આવ્યા હતા. જેને સ્ટાફે નોંધણી કરવાનું કહેતા તેઓને માઠું લાગી ગયુ હતું. પણ સ્ટાફે નિયમ બધા માટે સરખા તે રીતે નોંધણી કરાવ્યા બાદ જ તેઓને પ્રવેશ કરવા દીધો હતો.

આવી જ રીતે આજથી પડધરી, લોધિકા, જસદણ, ગોંડલ, કોટડા સાંગાણી, જેતપુર, ધોરાજી, રાજકોટ શહેરની ચારેય મામલતદાર કચેરી સહિતની કચેરીઓમાં આવતા અરજદારો પાસેથી નામ, નંબર અને મુલાકાતનો હેતુ રજીસ્ટરમાં લખવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર તાજેતરમાં કલેક્ટર કોન્ફરન્સ યોજાઈ હતી. જેમા ૩૩ જિલ્લા કલેક્ટરને ઉપરી અધિકારીને એક ફોટો બતાવીને કહ્યું કે આ કોણ છે ? આ ફોટો કોઈ દલાલનો હોય તેવું સૂત્રો જણાવી રહ્યા હતા. આને કારણે કલેક્ટર કચેરીમાં જે તે વ્યક્તિના પ્રવેશને લઈને નોંધણી શરૂ કરવામાં આવી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

# કોર્પોરેશન દ્વારા ૧૬૯૪૨૨ બાળકોને પીવડાવાયા પોલીયોના ટીપા

## ૨૩ આરોગ્ય કેન્દ્રો મારફત ૭૦૦ બુથ પર પોલિયો વિરોધી રસીકરણ





અબતક, રાજકોટ

ભારત સરકારના ''બાળ લકવા નાબુદી અભિયાન'' અંતર્ગત પોલિયો વિરોધી રસી આપવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોલિયો દિવસ અન્વયે શહેરના ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મારફત રસીકરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. શહેરના કુલ ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મારફત સંચાલિત કુલ-૭૦૦ બુથ પર જન્મથી શરૂ કરીને પાંચ વર્ષ સુધીના કુલ ૧,૬૯,૪૨૨ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવી. આ રસીકરણ ઝુંબેશમાં કુલ-૩૦૦૦થી વધારે કર્મચારીઓ જોડાયા હતા.

શહેરના વોર્ડ નં.૨માં બજરંગવાડી સર્કલ પાસે આવેલ બજરંગવાડી શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા વોર્ડ નં.૧૬માં પ્રણામી ચોક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોલિયો વિરોધી રસી આપવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. વોર્ડ નં.૨માં ૭૦-વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તેમજ વોર્ડ નં.૧૬માં ૬૮-વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી રસીકરણ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યું હતું.

બજરંગવાડી શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેના રસીકરણ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના કાર્યકારી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, શિશુ કલ્યાણ, ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા,આરોગ્ય સમિતિ સભ્ય ડો.દર્શનાબેન પંડ્યા, શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માંકડીયા,આરોગ્ય અધિકારી ડો.જયેશ વંકાણી, ડો.લલિત વાંઝા, નાયબ આરોગ્ય અધિકારી ડો.હાર્દિક મેતા, ડો.ભૂમિબેન કમાણી તથા મેડીકલ ઓફિસરો અને અન્ય સ્ટાફ હાજર રહેલ હતા.

પ્રણામી ચોક ખાતેના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના રસીકરણ કાર્યક્રમમાં૬૮-વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, કોર્પોરેટર નરેન્દ્રભાઈ ડવ, કંચનબેન સિધ્ધપુરા, રૂચિતાબેન જોશી તથા મેડીકલ ઓફિસરો અને અન્ય સ્ટાફ હાજર રહેલ હતા.

ઉપરોકત વિગતે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોલિયો વિરોધી રસીકરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં, રાજકોટ મહાનગરપાલિકાના લગત વોર્ડના કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ સંગઠનના હોદેદારો, વિસ્તારના અગ્રણીઓ, લગત આરોગ્ય કેન્દ્રના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા.

આ રસીકરણ કાર્યક્રમમાં કુલ ૮૭% જેટલા બાળકોને રસી આપવામાં આવી. આ રસીકરણ કાર્યકમ પૈકી રસીકરણથી બાકી રહેતા બાળકોને મેડીકલ સ્ટાફ મારફત આગામી ચાર દિવસમાં તેમના ઘરે જઈને પોલિયો વિરોધી રસી આપી સુરક્ષિત કરવામાં આવનાર છે.

### સૌરાષ્ટ્રની વધુ એક કંપનીનો શેરબજારમાં પ્રવેશ

# વિસામણ ગ્લોબલ સેલ્સ લિમિટેડનો આઈપીઓ ખૂલ્યો




### અબતકની મુલાકાતમાં વિસામણ ગ્રુપના ઉદ્યોગપતિઓએ આઈપીઓ સાથે કંપનીના ભાવિ આયોજન અંગે આપી વિગતો

અબતક રાજકોટ

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટને ઉદ્યોગ સાહસિક નું ગઢ માનવામાં આવે છે રાજકોટની વધુ એક પેઢીનો મૂડી બજારમાં પ્રવેશ થઈ રહ્યો છે વિસામણ ગ્લોબલ સેલ્સ લિમિટેડ બિલ્ડીંગ સ્ટ્રક્ચર મટીરીયલ ના ઉત્પાદન માટે આઈપીઓ લાવી રહી છે વિસામણ ગ્લોબલ સેલ્સ લિમિટેડ ના પદાધિકારી મિતુલભાઈ સુરેશચંદ્ર વાસા બ્રિજેશભાઈ નરેન્દ્રભાઈ કુલર રોહિતસિંહ રાઘવભાઈ ડોડીયા સંતોષભાઈ રામકૃષ્ણ પાંડે અને મિલનભાઈ કોઠારીયા અબ અબ તકની મુલાકાતમાં કંપની અને કંપનીના આઈપીઓ વિશે આપી સોમવારે કંપનીનો આઈપીઓ ખુલશે

સ્ટ્રકચરલ સ્ટીલ સપ્લાય અને ટ્રેડીંગના વ્યવસાયમાં અગ્રેસર એવી રાજકોટ બેઈઝ ધરાવતી વિસામણ ગ્લોબલ સેલ્સ લિમિટેડ પ્રાયમરી માર્કેટમાં પ્રવેશ કરી રહી છે. કંપનીનો આઈ.પી.ઓ. ૨૪ જુને ખુલશે અને ૨૬ જુને કલોઝ થશે.કંપની માર્કેટમાંથી ૧૬ કરોડ રૂપિયા એકઠા કરવાની ધારણા રાખે છે.આ આઈ.પી.ઓ. લાવવા પાછળ કંપનીનો હેતુ ગુજરાતના રાજકોટ શહેરમાં પ્રોડકશન યુનિટ સ્થાપવા માટે મૂડી ખર્ચની જરૂરિયાતને પહોંચી વળવા તેમ જ કંપનીની કાર્યકારી મૂડીની જરૂરિયાતોને ભંડોળ પૂરું પાડવું અને અન્ય સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટેનો છે

વિસામણ ગ્લોબલ સેલ્સ લિમિટેડના પ્રમોટર્સમાં મિતુલકુમાર સુરેશચંદ્ર વસા, સુરેશચંદ્ર ગુલાબચંદ વસા, શ્રીમતિ અવની એમ.વસા, શ્રીમતિ ઈલાબેન સુરેશચંદ્ર અને કુલર બ્રિજેશ નરેન્દ્રભાઈ જવાબદારી સંભાળી રહ્યા છે

કંપની અત્યારે મુખ્યત્વે રાઉન્ડ ટ્યુબ, સ્કવેર પાઈપ્સ, રેકટેંગલ પાઈપ્સ અને ફોકસ પાઈપ્સ ઉપરાંતસ્ટ્રકચરલ સ્ટીલ એમ.એસ.એન્ગલમાં એમ.એસ. ચેનલ, એમ.એસ. એંગલ, એમ.સ. આઈ. બીમ્સ, એમ.એસ. પ્લેટ, એમ.એસ. ચેકવીરેડ પ્લેટસ, એમ.એસ. ફ્લેટ્સ, એમ.એસ. રાઉન્ડ બાર, એમ.એસ. TMT બાર અને એમ.એસ. સ્કવેર બાર, એમ.એસ. રીટેઈલ, એમ.એસ. તી. બાર્સ, એમ.એસ. CR શીટ, કોઈલમા,, BGL કોઈલ, GP (GI) કોઈલ, HR કોઈલ, CR કોઈલ અને કલર કોટેડ કોઈલ તથા શીટ્સમાં

(અનું. આઠમાં પાને)

# શહેર ભાજપ દ્વારા બલીદાન દિવસ નિમિતે ડો. શ્યામાપ્રસાદ મુખરજી પુષ્પાંજલી અર્પણ



અબતક,રાજકોટ

ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજી એક રાજનિતિજ્ઞ, વિચારક અને દેશભકત હતા.ત્યારે ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ શહેર ભાજપ દ્વારા ભકિતનગર સર્કલ પાસે આવેલ રમેશભાઈ ટીલાળાના કાર્યાલયમાં ડો.શ્યામાપ્રસાદ મુખરજીના ફોટાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ તકે પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ યુવા મોરચા અધ્યક્ષ ડો.પ્રશાંતભાઈ કોરાટ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિહ ઝાલા, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, શહેર ભાજપના ઉપપ્રમુખ, મંત્રી, કોષાદયક્ષ, કાર્યાલય મંત્રી, શહેર મોરચાના પ્રમુખો, કારોબારી સભ્યો સહીતના સાથે વિવિધ શ્રેણીના આગેવાનો અને કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીએ જહેમત ઉઠાવી હતી.

### ગીરનારનાં પ્રાકૃતિક જંગલમાં આવેલા

# મનોકામના સિધ્ધ સરકડીયા હનુમાનજીનું અલૌકિક મંદિર

### ૫૦૦ વર્ષ જુના સ્વયંભૂ મંદિર આસપાસ દિપડા-વાંદરા, હરણ, ચિતલ મોર, સિંહ અને સાબર જેવા વિવિધ પ્રાણીઓનું નિવાસ




### જંગલ વિભાગ દ્વારા સવારે ૮ થી ૪ સુધી દર્શનાર્થે પ્રવેશ અપાય છે

**અબતક,અરૂણ દવે**

દરેક માનવીને પર્યાવરણના હરિયાળા વાતાવરણમાં હરવા-ફરવાનું ખુબજ ગમે છે. રાજકોટથી થોડે દૂર આવેલ જુનાગઢ ગરનારનો વિસ્તાર તથા ગીરનું જંગલનું નયનરમ્ય વાતાવરણ મનને પ્રફુલ્લિત કરી દે છે. આવા સુંદર વાતાવરણમાં ૫૦૦ વર્ષ જુના સ્વયંભૂપ્રગટ થયેલા મનોકામના સિધ્ધ સરકડીયા હનુમાનજીનું મંદિરના એકવાર દર્શન કરવા જેવા છે.

મંદિર આસપાસના પ્રાકૃતિક વાતાવરણમાં વાંદરા-હરણ, ચિતલ, ખોર, સિંહ અને સાબર જેવા વિવિધ પ્રાણીઓનું નિવાસ પણ છે. જંગલ વિભાગના એરીયામાં આ મંદિર આવેલું હોવાથી સવારે ૮ થી બપોરે ૪ સુધી જ દર્શનાર્થીને પ્રવેશ આપવામાં આવે છે.


વર્ષો પહેલા માત્ર કેડી હતી, પણ છેલ્લા ત્રણ દાયકાથી અનલિસ્ટેડ શેરોમાં હાલ આ દસ મુખ્ય શેરો છે જેને ખૂબ સારું વળતર આપ્યું છે અને હાલ લોકોમાં આ શેરોની ખૂબ જ ડીમાન્ડ છે. આ ઊપરાંત ઓયો, સ્વીગી, ઓલા, એચ.ડી.એફ.સી સિક્યુરિટી, ફિનકેર બિઝનેસ,

(અનું. આઠમાં પાને)

# વી.વાય.ઓ. શ્રીનાથધામ હવેલીના આંગણે વ્રજરાજકુમારની મંગલકારી પધરામણી

### આજથી વિવિધ મનોરથ, હરિનામ સંકીર્તન આરતી જેવા કાર્યક્રમો યોજાશે





અબતક, રાજકોટ

રાજકોટમાં વી.વાય.ઓ. શ્રીનાથ ધા હવેલી, નાનામવા રોડ ખાતે આજથી જુ થી ૬ જુલાઈ દરમ્યાન વૈષ્ણવાચાર વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિમાં શ્રીનાથ ધામ હવેલી ખાતે જુલાઈ ના રોજ સવારે ૯.૩૦ કલાકે ઠાકોરજી પુષ્પીકરણ કરવામાં આવશે. આજથી જુલાઈ દરમ્યાન રાજકોટ ખાતે દરરોજ પુ વ્રજરાજકુમારજી મહોદયના સ્વમુખેથી સવારે ૭ થી ૭.૩૦ અને રાત્રે ૯.૩૦ થી ૧૦ કલાકે હરિનામ સંકીર્તન અને કૃષ્ણ ધ્યાન કરાવવામાં આવશે. તેમજ પુજ્ય દ્વારા દરરોજ મંગળા દર્શનમાં ગીરીરાજજી પ્રભુને દુગ્ધાભિષેક કરવામાં આવશે. આ દિવસો અંતર્ગત પુજયને મળવા એવમ આશીર્વાદ મેળવવાનો સમય રાજભોગ દર્શન આરતી પછી સવારે ૧૧ થી ૧૨ અને શયન દર્શન આરતી પછી સાંજે ૭ થી ૮ કલાક સત્સંગ અને પધરામણીનો અનેરો લાભ શહેરીજનોને પ્રાપ્ત થશે. ૨૧ જુલાઈ (રવિવાર)ના રોજ સવારુ ગુરુપૂર્ણિમાના શુભ દિવસે શ્રી ઠાકોરજી સમક્ષ બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવશે. દરેક કાર્યક્રમની વિગતવાર માહીતી માટે મો. નં. ૭૬૦૦૦ ૭૦૫૫૯ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરેલ છે.

# ધોળકીયા સ્કુલ દ્વારા પ્રકૃત્તિના ખોળે ઉજવાયો વિશ્વ યોગ દિવસ



### વિદ્યાર્થીઓએ સંગીત સાથે યોગ આસનો રજૂ કર્યા

**અબતક,રાજકોટ**

દેશભરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ વડાપ્રધાન દ્વારા જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં ઉજવવામાં આવ્યો જયારે રાજયકક્ષાએ નડાબેટ ખાતે ઉજવવામાં આવ્યોહતો. ત્યારે રાજકોટ શહેરમાં પણ અલગ અલગ જગ્યાએ ઉજવવામાં આવ્યો ત્યારે રાજકોટમાં ધોળકિયા સ્કૂલના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ યોગ દિવસની ઉજવણીમાં જોડાયા. સૂર્યના ઉર્જામય કિરણોની હાજરીમાં તન-મનને ઉર્જાનો સ્ત્રોત મળી રહે તે હેતુથી યોગ દિવસની ઉજવણી થઈ. વિવિધ આસનો દ્વારા યોગ જીવનનું મહત્વ વિશે સમજ કેળવી. શાળા દ્વારા વિવિધ કાર્યક્રમોનું પણ સાથે આયોજન કરવામાં આવ્યું.

વિદ્યાર્થીઓએ સંગીત સાથે યોગ-આસનો રજૂ કર્યા. શાળાના ટ્રસ્ટીઓ તથા શિક્ષકો પણ આ કાર્યક્રમમાં જોડાયા.

### પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા

# સ્ટ્રીટ ચિલ્ડ્રન પ્રોજેકટના વિદ્યાર્થીઓ માટે ઉજવાયો યોગ દિવસ






### વિદ્યાર્થીઓને 'યોગ ભગાડે' રોગ જેવા સ્લોગનથી માહિતગાર કરાયા

અબતક,રાજકોટ

તાજેતરમાં ૨૧ જૂનના રોજ પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના ભવન કિલ્લોલ ખાતે ટ્રસ્ટના જ્ઞાનપ્રબોધિની પ્રોજેક્ટ અને સ્ટ્રીટચિલ્ડ્રન પ્રોજેક્ટના મયુરનગર સેન્ટરના ૧૨૫ થી ૧૫૦ વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ યોગદિન ઉજવણી સ્વરૂપે વિવિધ યોગ, પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર કરવાનો એક કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમમાં બાળકો દ્વારા અલગ અલગ યોગાસન જેવા કે તાડાસન, ત્રિકોણાસન, સૂર્ય નમસ્કાર, પશ્ચિમોતાસન, ગૌમુખાસન વગેરે આસન કરવામાં આવેલ. આસાન પ્રાણાયામ વગર અધુરા હોય બાળકોને બાહ્ય કુંભક, આંતર કુંભક, કુંભક વિશે સામાન્ય માહિતી આપવામાં આવી હતી અને ભસ્ત્રિકા, કપાલભાતિ, ભ્રામરી પ્રાણાયામ, અનુલોમ વિલોમ વગેરે પ્રાણાયામનો અભ્યાસ કરાવવામાં આવેલ હતો. યોગ ભગાડે રોગ જેવા સ્લોગનથી માહિતગાર કરવામાં આવેલ હતા.

મનને એકાગ્ર કરવા, આત્મા સાથે જોડાણ કરવા, ખાસ દયાનનો અભ્યાસ કરાવવા આ સમગ્ર કાર્યક્રમ માટે ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીના ખાસ માર્ગદર્શન હેઠળ વહીવટી અધિકારી ભાવિનભાઈ ભટ્ટ, કો-ઓર્ડીનેટર સાગરભાઈ પાટીલ, કર્મચારી શિક્ષક પ્રીતીબેન મેહતા, વલ્લભભાઈ વરચંદ, પ્રેમભાઈ જોશી તથા અંજનાબેન રત્નોતર, ધાનીબેન મકવાણા, શિલ્પાબેન કુમારખાણીયાએ જહેમત ઉઠાવેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ. આ તકે ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીએ વિશ્વ યોગ દિનની સર્વેને શુભેચ્છાઓ પાઠવી હતી.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક કરવાનું જણાવ્યું છે.

તંત્રી લેખ

# ભલે પધાર્યા મોંઘેરા મહેમાન 'મેઘરાજા'

ભારત એક કૃષિપ્રધાન દેશ છે. અર્થવ્યવસ્થા સંપૂર્ણપણે ચોમાસાની સિઝન પર આધારિત રહે છે. જો સારો વરસાદ વરસે તો દેશમાં ધાન્યના ઢગલા ખડકાય છે. ચોમાસુ નબળું રહે તો પાણી સાથે ધાનની પણ અછત ઉભી થાય છે. આ વર્ષે ચોમાસુ સવાયું રહેશે તેવી શુકનવંતા વર્તારા વચ્ચે રાજ્યભરમાં શનિવારથી મેઘરાજાની મંગલકારી પધરામણી થવા પામી છે.

આકાશમાંથી ઈન્દ્રદેવ જ્યારે જળ વર્ષા કરે છે ત્યારે પ્રકૃત્તિ સોળે કલાએ ખીલી ઉઠે છે. વરસાદના કારણે લોકોના હૈયા હિલોળે ચડ્યા છે. જગતાત હોંશભેર વાવણી કાર્યમાં પરોવાય ગયો છે. ચોતરફથી મહામૂલા મહેમાન એવા મેઘરાજાને મીઠો આવકાર મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર માટે ગત વર્ષે ચોમાસાની સિઝન થોડી નબળી રહેવા પામી હતી. ધાર્યા પાક ઉતર્યા ન હતા. તેના કારણે ખેડૂતોમાં થોડી નિરાશા વ્યાપી જવા પામી હતી. આ વર્ષે મેઘરાજાનું સમયસર અને શાનદાર આગમન થયું હોવાના કારણે જગતાતના હૈયા મલકી રહ્યા છે. ચોતરફ જાણે આનંદ છવાઇ ગયો હોય તેવું લાગી રહ્યું છે.

મેઘરાજાની સમયસર પધરામણીએ અનેક શુકનવંતા સંદેશાઓ આપી દીધા છે. હજુ સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં ત્રણ દિવસ સુધી સારા વરસાદની આગાહી આપવામાં આવી છે. આ વર્ષે સોળ આનીથી પણ સવાયું ચોમાસા રહે તેવા હૈયા ટાઢક આપતા અણસારો મળી રહ્યા છે. જો દેશભરમાં ચોમાસુ સારૂં રહેશે અને માંગ્યા મેહ વરસશે તો ભારતને વિશ્વની ત્રીજી સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનતા દુનિયાની કોઇ તાકાત રોકી શકશે નહિં.

વર્ષમાં ભલે બાર મહિના હોય પરંતુ તેમાં જો ચોમાસાની સિઝનનો ધોરી માસ ગણાતા અષાઢને બાદ કરવામાં આવે તો વર્ષ ફિક્કું થઇ જાય છે. આ વખતે મેઘરાજાએ ભીમ અગિયારશનું શુકન સાચવી લીધું હતું અને વાવણી જોક વરસાદ વરસ્યો હતો. જેઠ માસમાં જ સારો વરસાદ વરસી ગયો છે. હજુ અષાઢ મહિનો બાકી છે. બધું સમુસુતરૂં ઉતરશે તો આ વખતે ધાન્યના ઢગલા થશે.

સતીષ કે. મહેતા


# ચોમાસાની સિઝનમાં તાત્કાલીક અસરથી ખોદકામ બંધ કરવા આદેશ

## સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે ત્રણેય ઝોનના સિટી એન્જીનિયરો સાથે તાકીદની બેઠક બોલાવી સૂચના આપી

અબતક, રાજકોટ

સામાન્ય રીતે ૧૫મી જૂન બાદ ખૂબ જ જરૂરિયાત સિવાયના કિસ્સામાં ખોદકામ કરવામાં આવતું નથી. હાલ શહેરના અનેક વિસ્તારોમાં ડીઆઇ પાઇપલાઇન નાંખવા માટે આડેધડ ખોદકામ કરવામાં આવ્યું છે. પ્રથમ અને પ્રમાણમાં સામાન્ય કહી શકાય તેવા વરસાદે કોર્પોરેશનની પ્રિ-મોનસૂન કામગીરીની પોલ ખોલી નાંખી છે. વરસાદની સિઝન શરૂ થઇ ગઇ હોય તાત્કાલીક અસરથી ખોદકામ બંધ કરવા ત્રણેય ઝોનના સિટી એન્જીનીયરોને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર દ્વારા આદેશ આપવામાં આવ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકાના જુદા-જુદા વિસ્તારોમાં હાલ ડી.આઇ. પાઇપલાઇન નાંખવાની કામગીરી તથા ડ્રેનેજ લાઇન નાંખવાની કામગીરી ઉપરાંત પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે. જુદા-જુદા વિસ્તારોમાંથી આવેલી લોકફરીયાદો મુજબ ચાલુ વરસાદમાં રાહદારીઓને પસાર થવામાં અગવડતા પડી રહી છે, તેમજ રસ્તા પર પાઇપલાઇન નાંખવા માટે કરવામાં આવેલા ખોદકામથી રાહદારીઓને જોખમ ઉપસ્થિત ન થાય તે માટે અગમચેતીના પગલાં બાબતે ચર્ચા માટે આજે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઇ ઠાકરના અધ્યક્ષસ્થાને ત્રણેય ઝોનના સીટી એન્જીનીયરઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં વર્ષાઋતુને અનુલક્ષીને રસ્તા પરથી પસાર થતા રાહદારીઓને જોખમ ઉભુ ન થાય અને કોઇપણ જાનહાની નિવારી શકાય તે માટે હાલ ડી.આઇ. પાઇપલાઇન તથા ડ્રેનેજ લાઇન નાંખવા માટે ખોદકામ તાત્કાલિક અસરથી બંધ કરવા જયમીનભાઇ ઠાકર દ્વારા સુચના આપી હતી. ચાલુ વરસાદમાં વાતવરણમાં રહેલ ભેજના કારણે ડામરનું બોન્ડીંગ કપચી સાથે યોગ્ય રીતે થઇ શકે તેમ ન હોઇ તેમજ હાલ ડામર કામ-પેચવર્ક બંધ રાખવા તેમજ ઓછામાં ઓછા આઠથી દસ દિવસ વરસાદ બંધ રહે ત્યારબાદ પેચવર્કના કામ શરૂ કરવા સૂચના આપવામાં આવેલ. આ બેઠકમાં ત્રણેય ઝોનના સીટી એન્જીનીયરઓ પરેશ અઢીયા, અતુલ રાવલ તથા કુંતેષ મહેતા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન દ્વારા યોગ દિવસ ઉજવાયો



અબતક રાજકોટ

ભારતીય સંસ્કૃતિની અણમોલ ભેટ સમા યોગને વૈશ્વિક સ્વીકૃત્તિ મળતા દેશવિદેશમાં યોગ દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે, ત્યારે સ્વયં અને સમાજ માટે યોગની થીમ પર ૧૦મા વિશ્વ યોગ દિનની ઉજવણી નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન-ટેકનિકલ સર્વિસ સેન્ટર, રાજકોટ ખાતે કરવામાં આવી હતી.

અધિકારી ધર્મેન્દ્ર રાજપૂત અને રવિપ્રકાશ વાળાના માર્ગદર્શનમાં અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા યોગાભ્યાસ કરીને યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.ચીફ મેનેજર પી.આર. છગંતીએ ઉપસ્થિત તમામ સભ્યોને સ્વસ્થ અને ફિટ રહેવા માટે નિયમિતપણે પ્રવૃત્તિ કરવા સલાહ આપી હતી. યોગાભ્યાસ માત્ર એક દિવસ કરવાની નહીં પરંતુ આપણી રોજીંદા પ્રવૃત્તિઓનો ભાગ હોવો જોઈએ.

# મોદી સ્કુલના ૨૦૦૦ વિદ્યાર્થીઆએ લીધી યોગકક્ષા ફાઉન્ડેશનની યોગ દિક્ષા

અબતક, રાજકોટ

યોગકક્ષા ફાઉન્ડેશન દ્વારા ચાલતા સ્વસ્થ ભારત સશકત ભારત અભિયાન અંતર્ગત સંતાન આપણી સંપતિ ના થીમ હેઠળ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે નાટક, આસન, યૌગિક શ્વસન ક્રિયા, તેમજ ષદકર્મ કરી ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમ યોગકક્ષા ફાઉન્ડેશન દ્વારા મોદી સ્કુલમાં કરવામાં આવ્યો. જેમાં ૧૫૦૦ થી ૨૦૦૦ વિદ્યાર્થીઓ, સ્કુલના ટ્રસ્ટ તેમજ શિક્ષણ ગણને યોગ કરાવી ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમ કરવાની સંસ્થાનો હેતુ આજના યુગના બાળકને ભારતની સંસ્કૃતિનું સિંચન કરવાનો તેની આંતરીક અને બાહ્ય વિકાસ કરવાનો તેનામાં એકાગ્રતા કેળવવાનો અને એક ઉમદા વ્યકિત બની સમાજ કલ્યાણ માટેના કાર્ય તરફ આગળ વધે તે માટેનો છે.




આ કાર્યક્રમ સફળ બનાવવા માટે પ્રમુખ વિશાલભાઈ સોજીત્રા તેમજ સંસ્થાના સભ્ય નૈનાબેન, નીમીશાબેન, રોહિણીબેન, અંજુબેન, હર્ષાબેન, રસિલાબેન, મીરાબેન, યોગીતાબેન, સંતોકીબેન, અલ્પાબેન, સંગીતાબેન, વિમલબેન, કુંજલબેન, રેખાબેન રસીલાબેન માવી તનવી નો સહયોગ મળ્યો છે.

# અગ્નિકાંડની પ્રથમ માસિક પુણ્યતિથિએ બંધના એલાનને પગલે કાલે કોર્ટમાં અરજન્ટ કાર્યવાહી: બારનો ઠરાવ

અબતક, રાજકોટ

રાજકોટ શહેરના કાલાવડ રોડ નજી ટીઆરપી ગેમઝોનમાં તારીખ-૨૫/૫/૨૦૨૪ ના રોજ બનેલી અગ્નીકાંડની કરૂણ દુર્ઘટમા ૨૭ જેટલા વ્યક્તિઓના મોત નીપજ્યા છે. જે દુર્ઘટનાનો એક માસ પુર્ણ થાય છે. સદરહુ અગ્નીકાંડમાં ભોગ બનનાર તમામને શ્રધ્ધાંજલી અર્પણ કરવાના ભાગરૂપે રાજકોટ બંધનું એલાન હોય તે સંજોગોમા રાજકોટ શહેર અને બહારગામથી આવતા પક્ષકારોને હેરાનગતી કે મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે રાજકોટ બાર એશોસીએશનના તમામ સભ્યો દ્વારા તારીખ-૨૫/૬/૨૦૨૪ ના રોજ અર્જન્ટ મેટર સિવાયની મેટરમાં ડીસ્ટ્રીકટ જજ તેમજ તમામ ન્યાયાધીશોઓને વિનંતી કરવામાં આવે છે કે તારીખ-૨૫/૬/૨૦૨૪ કોઈપણ વકીલની ગેરહાજરીમાં કોઈપણ કેસમા વોરંટ કે હક્ક બંધ કરવાની કાર્યવાહીને મોકુફ રાખીને તમામ લાગતા વળગતા કેસમા પ્રોસીડીંગ્સએ જ પ્રકારે યથાવત રાખવા રાજકોટ બાર એશોસીએશન વિનંતી કરે છે.

# કોર્પોરેશનમાં આઠ કેડરની જગ્યાઓ ભરવા લેવાય પરીક્ષા: ૧૪૨૪ ઉમેદવારો ગેરહાજર

## ટૂંક સમયમાં આન્સર કી કોર્પોરેશનની વેબસાઈટ પર મૂકાશે

અબતક,રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા-જુદા સંવર્ગોની ખાલી જગ્યાઓ ભરવા માટે ઓનલાઈન માધ્યમથી મંગાવવામાં આવેલ જેમાં ડેપ્યુટી ચીફ એકાઉન્ટન્ટ, આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટ, (૩)સીસ્ટમ એનાલીસ્ટ, ગાર્ડન સુપરવાઈઝર, વેટરનરી ઓફિસર, ગાર્ડન આસીસ્ટન્ટ, ટેકનીકલ આસીસ્ટન્ટ(લાઈબ્રેરી) અને આસીસ્ટન્ટ લાઈબ્રેરીયનની જાહેરાત આપવામાં આવેલ આવી હતી આ જગ્યાઓ માટે અરજી કરેલ ઉમેદવારોની લેખિત પરીક્ષા ગઈકાલે રવિવારે શહેરનાં જુદા-જુદા કુલ-૪ પરીક્ષા કેન્દ્રો ખાતે આયોજન કરવામાં આવેલ, જેમાં એકંદરે કુલ ૩૫૫૯ ઉમેદવારો નોંધાયેલ હતા જે પૈકી કુલ-૨૧૩૫ ઉમેદવારો દ્વારા લેખિત પરીક્ષા આપવામાં આવેલ અને ૧૪૨૪ ઉમેદવારો લેખિત પરીક્ષામાં ગેરહાજર રહેલ.

ઉમેદવારોને પરીક્ષા સમયના એક કલાક પહેલા પરીક્ષા ખંડમાં સંપુર્ણ વિડીયોગ્રાફી કરીને એન્ટ્રી આપવામાં આવેલ તેમજ પરીક્ષા ખંડમાં મોબાઈલ, ઈલેક્ટ્રોનીક્સ ગેઝેટ, કેલ્કયુલેટર, અને સ્માર્ટ વોચ, સાથે લઈ જવા પર મનાઈ કરવામાં આવી હતી.

કોર્પોરેશન દ્વારા લેવાયેલી લેખિત પરીક્ષા સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયેલ છે. પરીક્ષાઓની પ્રોવિઝનલ આન્સર કી મહાનગરપાલિકાની વેબસાઈટ પર આગામી સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે.

સુખીયા થવું હોય તો દુઃખીયાઓની સેવા કરીએ

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા માસિક અનુદાન યોજના કાર્યાન્વિત


અબતક, રાજકોટ

યુવા સેના ટ્રસ્ટ રાજકોટને અનેક વિધ સેવાકીય પ્રકલ્પો દ્વારા રાજકોટ શહેરમાં છેલ્લા ૧૨ વર્ષથી માનભર્યુ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં સંસ્થાને ૧૨૫ થી પણ વધુ સંસ્થાઓએ સન્માનિત કરેલ છે. જેમાં ખાસ કરીને સંસ્થાનું હરતું-ફરતું અન્નક્ષેત્ર, ડાયાબીટીસ અને બ્લડ પ્રેશરની ફ્રીમાં તપાસ તેમજ વિદ્યાર્થીઓને પુસ્તકોનું વિતરણ અને વિદ્યાર્થીઓ માટે વિવિધ વિષયો પર એસ.એસ.આઈ., પી.એસ.આઈ., તેમજ અન્ય સરકારી ભરતીઓ માટે પરીક્ષાની તૈયારી કરવા માટે તેઓને બુક્સ ફ્રીમાં આપવામાં આવે છે, તેમજ મા-બાપ વિનાની દીકરીના સમુહ લગ્ન કરવા જેમાં ૧૫૫ થી વધુ આઈટમ

કરીયાવરમાં આપવામા આવે છે અબોલ જીવોની સેવા તેમજ દરેક પ્રકારના મેડિકલ સાધનની ફ્રીમાં આપવામાં આવે છે. તેમજ સર્વજ્ઞાતિ મેરેજ બ્યુરો કાર્યરત છે. જેમાં દર શનિવારે ૧૫૦ થી વધુ બાળકોને નાસ્તો આપવામાં આવે છે તેમજ બહેનોને માટે સાડીની લાઈબ્રેરી જેમાં પ્રસંગોમાં હજારોની કિમતની સાડી ફ્રીમાં આપવામા આવે છે. સમયાંતરે રકતદાતાઓ સાથે મળી જરૂરીયાતમંદ પરિવારને રક્ત પુરૂ પાડવુ. તથા દરરોજ સવારે ૯ થી ૧૦ દરમ્યાન રાજકોટના જાણીતા ડોકટર દ્વારા ફ્રી નિદાન, સારવાર અને દવા આપવામાં આવે છે. તેમજ ડાયાબીટીશ બીપીના દર્દીઓને ફ્રીમાં તપાસ કરી આપવામા આવે છે. આ સેવા કરી અદ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ સેવા-કાર્યના બહોળા ખર્ચને પહોંચી વળવા તેમજ દાતાઓના દાન કર્યાનો આત્મ સંતોષ મળી શકે તે હેતુસર સંસ્થા દ્વારા માસિક અનુદાન યોજના (મંથલી ડોનેશન સેવા) કાર્યાન્વિત કરેલ છે. જેમાં દાતાઓ રોજના રૂા. ૫ ના સીકકાની બચત કરી મહિને રૂા. ૧૫૦/- થી શરૂ કરીને ગમે તેટલી રકમ દર માસે આપી શકે છે જેનો ઉપયોગ અન્ન સેવા તથા જીવદયા તેમજ શિક્ષણ સહાય તેમજ

મેડીકલ સેવા અને ઉપરોકત આપેલ તમામ સેવામાં દાતાઓના અનુદાન ઉપયોગમાં લેવામાં આવશે.

# ભાજપ અગ્રણી ચમનભાઇ સિંધવનો આજે જન્મદિવસ




ભારતીય જનતા પાર્ટી - પ્રભારી- બક્ષીપંચ મોરચા- સુરેન્દ્રનગર જિલ્લા ચમનભાઈ સિંધવ નો આજે જન્મદિવસ છે. વ્યવસાયે ચમનભાઈ વીવીપી કોલેજ માં ડ્રાફ્ટસમેન મીકેનીકલ નું કાર્ય સંભાળી રહ્યા છે.

ચમનભાઈ નું મુળવતન સુરેન્દ્રનગર જીલ્લાનાં પાટડી તાલુકાનાં ગવાણા ગામનાં વતની છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં બાલ્યકાળથી સ્વયંસેવક વર્ષોથી વિશ્વ હિન્દુ પરિષદ - મહાનગર - વિભાગ- પ્રાંતની વિવિધ જવાબદારીઓ સંભાળેલ, રાજકોટમાં નિકળતી જન્માષ્ટમીની ધર્મ યાત્રાને રાજકોટ થી ગુજરાત - દેશવિદેશમાં પ્રસ્થાપિત કરવામાં તેમનું મહત્વનું યોગદાન રહેલ સાથો સાથ ૨૧ વર્ષથી સંપૂર્ણ યાત્રાની જવાબદારી તેમજ રાજકોટમાં અનેક યાત્રાઓ જેવી કે હનુમાન જયંતિયાત્રા-જલારામ યાત્રા-રામનવમી યાત્રા-વેલનાથ યાત્રા વિશ્વ મંગલ ગ્રામ યાત્રા-ગૌ યાત્રા-વી.વાય.ઓ. ની યાત્રા વિવિધ યાત્રા ની સફળતાપૂર્વક જવાબદારીઓ સંભાળેલ છેલ્લા ૧૪ વર્ષથી જગન્નાથજી ભવ્યાતિભવ્ય રથયાત્રાનું આયોજન સંભાળતા આવ્યા છે. આ સિવાય નાગરીક બેંકની સમિતિમાં પણ તેઓ કમિટિ મેમ્બર તરીકે કાર્યરત છે.

આજના જન્મદિવસ નિમિતે હિન્દુ અગ્રણી ચમનભાઈ સિંધવ ને મોબાઈલ નંબર ૯૪૨૮૨૦૦૧૦૯ ઉપર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.*

# પ્રોજેકટ લાઈફ દ્વારા અનેક સ્થળો પર યોગદિનની ઉજવણી



અબતક,રાજકોટ

૨૧મી જુનના રોજ 'સ્વ અને સમાજ માટે યોગ' જેવા વિષયની થીમ સાથે લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેક્ટ 'લાઈફ' દ્વારા ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી લાઈફ બિલ્ડીગ, રેસકોર્સ રીંગ રોડ તેમજ વિવિધ સ્થળોએ કરવામાં આવી હતી જેમાં બેંક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેંક, રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટ, ફેમિલી કોર્ટ, એસ.આર.પી.એફ.કે મ્પ, ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ, મલ્ટીઆઈકોન આઈ.ટી. કમ્પની, આઈ.સી.એ.આઈ. અને બાલાજી હોસ્પિટલ જેવી વિવિધ સંસ્થાઓ જોડાઈ હતી અને કોમન યોગ પ્રોટોકોલનો સામુહિક અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

પ્રોજેકટ 'લાઈફ' દ્વારા સ્કૂલ અને કોલેજ માં પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું જેમાં રહેવર સ્કુલ, ગવર્મેન્ટ એન્જીયરીંગ કોલેજ કણકોટ, દર્શન યુનિવર્સીટી, ટી. એન. રાવ કોલેજ, બી. એ. ડાંગર હોમિયોપેથી કોલેજ, સનશાઈન કોલેજ સ્ટાફ મેમ્બર અને સમરસ ગર્લ્સ હોસ્ટેલનો સમાવેશ થાય છે.પ્રોજેકટ 'લાઈફ' બિલ્ડીંગમાં યોગ સાધકો અને યોગ અભ્યાસીઓ માટે યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં પ્રોજેકટ 'લાઈફ'ના જોઈન્ટ એકિઝક્યુટિવ ટ્રસ્ટી એન્ડ સી.ઈ.ઓ. મીતલ કોટિચા શાહની સાથે રાજકોટ શહેરના અનેક લોકો જોડાયા હતા.

ભારતીય મજદુર સંઘ સંલગ્ન

# વરિષ્ઠ નાગરિક પરિસંઘની કારોબારી બેઠક યોજાઇ

## વરિષ્ઠોના પ્રશ્નો અંગે ચર્ચા કરાઇ

અબતક, રાજકોટ

ભારતીય મજદુર સંઘ સાથે સંલગ્ન વરિષ્ઠ નાગરિક પરીસંઘ રાજકોટ જીલ્લાની કારોબારીની મીટીંગ ભારતીય મજદુર સંઘ કાર્યાલય રાજકોટ ખાતે રાખવામાઆવેલ હતી.

આ કારોબારીની મીટીંગમાં તાજેતરમાં અર્નાકુલમ (કોચી) ખાતે મળેલ મીટીંગની માહીતી આપવામા આવેલ અત્યારે આપણે ૧૯ રાજ્યમાં કમીટીની રચના થઇ ગયેલ છે અને આશરે ૨૫ થી વધુ પેન્શનર એસોશીયેશન સાથે જોડાયેલ છે.

આગામી સમયમાં વરીષ્ઠ નાગરીક અને પેન્શનરોના પ્રશ્નો અને સમસ્યાઓ અંગે કેન્દ્ર તથા રાજ્ય સરકારોમાં રજુઆત કરવી, પી.એફ, પેન્શન-કેન્દ્ર તથા રાજ્ય સરકારના કર્મચારીને ૫૦ ટકા પેન્શન અંગે કાર્યવાહી કરવી વૃધ્ધોની સંખ્યા વધતી જતી હોવાથી સામાજીક સુરક્ષા, આરોગ્ય, સ્વાસ્થ, મેડીકલ અગવડતા આયુષ્યમાન કાર્ડ રેલ્વેમા કન્સેશન ચાલુ કરાવવુ, બેન્ક ફળચામા જાય તો ત્યારે ૧૦ લાખ રૂપીયાની જે જોગવાઇ છે. તેની મર્યાદા રૂપીયા ૨૫ લાખ કરવા નિરાધાર વરિષ્ઠ નાગરીકો માટે આશ્રય સ્થાન સાથે સંપુર્ણ આર્થિક વ્યવસ્થા કરવી. જેથી આવા વૃધ્ધો સ્વમાન સાથે જીવન વ્યતિત કરી શકે આવી વિવીધ સમસ્યાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ આગામી ત્રિ-વાર્ષિક અધીવેશન જયપુર ખાતે રાખવામાં આવેલ છે.

આ જીલ્લા કારોબારીમાં વરિષ્ઠ નાગરીક પરીસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઇ દવે, દિનેશ રામાવત, દિલીપભાઇ પુજારા, મુસાભાઇ જોબણ મંત્રી અને યુ.આર. માકડ વગેરે હોદ્દેદારોએ હાજરી આપી હતી.

# સમસ્ત પાટીદાર સમાજ દ્વારા રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ

## કાલથી 30 જુન સુધી લગ્ન સંબંધી માહિતી વિનામૂલ્યે મળશે

અબતક,રાજકોટ

પટેલ સમાજ લગ્ન સંબંધી માહિતી કેન્દ્ર દ્વારા નેચર કેર સેન્ટર, એસ્ટ્રોન ચોક, રાજકોટના સૌજન્યથી સર્વરોગ નિદાન કેમ્પ તારીખ : ૩૦/૬/૨૦૨૪, રવિવારે સવારે ૧૦ થી ૧૨ સુધી વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન મવડી મેઈન રોડ, વિશ્વેશ્વર મંદિર સામે, કોપર આર્કેટ, રાજકોટ ખાતે રાખેલ છે.

આ કેમ્પમાં સંધીવા, સાયટીકા, સ્પોન્ડલાન્ડીલાઈટીસ, આમવાત, હાથ પગનો દુઃખાવો, નસનો દુઃખાવો, નસ બંધ, વાંસાનો દુઃખાવો, પગના સોજા, નસ દબાવી, કમરનો દુઃખાવો, મણકાનો દુઃખાવો, ગોઠણની ગાદીનો દુઃખાવો, ડાયાબીટીસ વગેરેમાંથી મુકિત માટે ડો. ધિરેન્દ્રભાઈ ગોંડલીયાની ટીમ દ્વારા નિદાન અને સારવાર ફ્રીમાં કરી આપવામાં આવશે.ડાયાબીટીસના દર્દીઓએ પોતાનો રીપોર્ટ સાથે લાવવો જરૂરી છે. ભાગ લેનારે ફોન નં. ૯૯૨૪૦ ૨૩૩૪૪ ઉપર નામ રજીસ્ટર કરવું જરૂરી છે. આ સેવાકાર્યમાં ચંદુભાઈ, નાથાભાઈ, વિનોદભાઈ, કરશનભાઈ, તેજાભાઈ પોતાના માનદ સેવા આપી રહ્યા છે. લાભ લેવા જાહેર જનતાને જણાવાયું છે. પાટીદાર પટેલનાં સંતાનો માટે લગ્ન સંબંધી જરૂરી માહીતી વિનામુલ્યે મળશે. મિલન કાર્યક્રમમાં તા.૨૫ થી ૩૦ જુન સુધી ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રીમેરેજ યુવક- યુવતી ભાગ લઈ શકશે. સમય સવારે ૯થી ૧૨ પટેલ સમાજ કાર્યાલય કોપર આર્કેડ, ખાતે રાખેલ છે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કાલથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ

## ૯૩ શાળાઓ, ૩૧ ગ્રાન્ટેડ શાળાઓમાં મહાનુભાવોના હસ્તે કુમ કુમ તિલક, પુષ્પ ગુચ્છથી છાત્રોનું ઉમળકાભેર સ્વાગત કરાશે

અબતક, રાજકોટ

રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ૫ થી ૧૪ વર્ષનુ એકપણ બાળક શાળા પ્રવેશથી વંચિત ના રહે તેવા ૧૦૦% નામાંકનના સંકલ્પ સાથે રાજકોટ શહેરમા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કળવણી મહોત્સવનો રંગારંગ શુભારંભ કરવામાં આવનાર છે. ભવ્યાતિભવ્ય આયોજનમાં આનંદ ઉલ્લાસ અને કુમ-કુમ તિલક, પુષ્પ ગુચ્છથી નવા છાત્રોનું ઉમળકાભેર સ્વાગત કરી શાળામાં પ્રવેશ આપવામાં આવશે. આ તકે સરકારના પ્રતિનિધિઓ, સંસદ સભ્યઓ. ધારા સભ્યઓ, મેયર તેમજ





પદાધિકારીઓ, રા.મ્યુ.કો. કોર્પોરેટરઓ. રા.મ્યુ.કો શિક્ષણ સમિતિ સદસ્યઓ મહાનુભાવો, મહેમાનો, વાલી વિસ્તારના આગેવાનો, શિક્ષણ વિધ્ન, સામાજીક સંસ્થાના પ્રતિનિધિઓ સ્કૂલ મેનજમેટ કમિટિ ના સભ્યો સહિત વિશાળ જન-સમુદાયે ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજન ૧ થી ૧૧ રૂટમાં યોજવામાં આવેલ છે. જેમાં શિક્ષણ સમિતિની વોર્ડ નં. ૧ થી ૧૮ ને આવરી લેતી કુલ ૯૩ શાળાઓ તથા ૩૧ ક્રેટેડિ માધ્યમિક શાળાઓનો સમાવેશ કરીને કાર્યક્રમ યોજવામાં આવશે.આ ત્રિદિવસીય પ્રવેશો-સવ દરમ્યાન આશરે બાલવાટિકામાં ૧૫૧૪ કુમાર, ૧૫૫૯ કન્યા એમ કુલ ૩૦૩૩. ધોરણ-૧ માં ૮૨૯ કુમાર, ૯૦૦ કન્યા એમ કુલ ૧૭૨૯ બાળકોને પ્રવેશ આપવામાં આવનાર છે. પુનઃપ્રવેશ ૨૫૫ બાળકોને પણ આ મહોત્સવ દરમિયાન શાળામાં પ્રવેશ અપાશે. ૧૧ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોડ અર્પણ કરવામા આવશે.સમગ્ર આયોજનની વિગત જણાવતા શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા વા. ચેરમેન ડો. પ્રવીણ નિમાવત, શાસનાધિકારી કિરીટસિંહ પરમાર, શિક્ષણ સમિતિના તમામ સદસ્યોએ જણાવેલ છે કે સમગ્ર રૂટમાં રૂટ ઈન્ચાર્જ, કેળવણી નિરિક્ષક, યુ.આર.સી., સી.આર.સી., આચાર્યઓ તેમજ શાળા પરિવાર સમગ્ર આયોજન સંભાળી રહ છે. આ ત્રિ-દિવસીય આયોજન માટે કંટ્રોલ રૂમ શરૂ કરવામા આવેલ છે.

# ફાયર સ્ટેશનના ફોન ઉપડતા ન હોવાની ફરિયાદઃ કોર્પોરેશન ફ્લડ કંટ્રોલરૂમના નંબર જાહેર કરવાનું ભૂલી ગયું!

## પાણી ભરાયા અંગેની ફરિયાદો નોંધાવવા માટે શહેરીજનોને ભારે હાલાકીઃ પદાધિકારીઓ અને અધિકારીઓ સુધી ફરિયાદ પહોંચી છતાં તંત્ર બિન્દાસ

**અબતક, રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડની જીવલેણ અને હૈયા હચમચાવી દેતી ઘટના બાદ પણ કોર્પોરેશનની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા સુધરવાનું નામ લેતી નથી. છેલ્લા બે દિવસથી શહેરમાં મેઘાવી માહોલ જામ્યો છે. આવામાં કોર્પોરેશનના ફાયર સ્ટેશનના ઈમરજન્સી નંબરો પર ફોન કરવામાં આવતા હોવા છતાં ત્યાં કોઈ જ કર્મચારી ફોન ઉપાડતો ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે. બીજી તરફ આ વર્ષે કોર્પોરેશનનું તંત્ર ફ્લડ કંટ્રોલરૂમના નંબર જ જાહેર કરવાનું ભૂલી ગયું છે. જેના કારણે વરસાદી પાણી ભરાયા હોવા સહિતની ફરિયાદો કરવામાં લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે પદાધિકારીઓ અને અધિકારીઓ સુધી ફરિયાદ પહોંચી હોવા છતાં તમામ બિન્દાસ છે.

દર વર્ષે ચોમાસાની સિઝન પહેલા કોર્પોરેશન દ્વારા ફ્લડ કંટ્રોલરૂમના નંબર જાહેર કરવામાં આવતા હોય છે. જ્યાં ચોમાસાની સિઝન દરમિયાન શહેરીજનો વરસાદી પાણી ભરાવવા કે વૃક્ષો ધરાશાયી થવા સહિતની ફરિયાદ નોંધાવી શકતા હોય છે.

પરંતુ આ વખતે અગ્નિકાંડની ઘટના બાદ મહાપાલિકાનું તંત્ર સતત અલગ-અલગ કામગીરીમાં વ્યસ્ત હોવાના કારણે ફ્લડ કંટ્રોલરૂમના નંબર જાહેર કરવાનું ભૂલી ગયું છે. હવે નંબર જાહેર કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. બીજી તરફ ફાયર બ્રિગેડ શાખાના ઈમરજન્સી નંબર ૧૦૧ અને ૧૦૨ પર સતત ફોન કરવા છતાં ફોન ઉપડતા ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે. આ ઉપરાંત મોટાભાગના ફાયર સ્ટેશનોના લેન્ડ લાઈન નંબર પર ઉપડતા ન હોવાની ફરિયાદો સતત ઉઠી રહી છે. પાણી ભરાવવાની ફરિયાદ ક્યા નોંધાવી તેને લઈને પણ લોકો મુસિબતમાં મૂકાઈ ગયા છે. આ અંગે પદાધિકારીઓ અને અધિકારીઓ સુધી ફરિયાદ પહોંચી છે છતાં કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

### ચીફ ફાયર ઓફિસરની પણ ધરપકડ થતા ફાયર એનઓસીની કામગીરી બંધ

ડેપ્યૂટી ચીફ ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબા બાદ ગઈકાલે ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરની પણ અગ્નિકાંડ ઘટનામાં ધરપકડ કરાયા બાદ કોર્પોરેશનમાં ફાયર એનઓસી આપવાની સત્તા કોઈ પાસે હાલ રહી નથી. જેના કારણે ફાયર એનઓસીની કામગીરી આજથી રઝળી પડી છે. બંને મુખ્ય અધિકારીઓ હાલ જેલમાં છે. આવામાં રાજ્ય સરકાર દ્વારા ટીપીઓની માફક સીએફઓને ડેપ્યુટેશન પર મોકલવામાં આવશે તો જ ફાયર એનઓસીની કામગીરી આગળ વધી શકશે. હાલ ફાયર ઈમરજન્સી શાખામાં વર્ગ-૩ના જ કર્મચારીઓ રહ્યા છે. હુકમ કરી તેઓને સત્તા આપવી પડે અથવા આ સમકક્ષના કોઈ અધિકારીને ચાર્જ સોંપવો પડે.

# દારૂની મહેફિલમાં 'સસ્તા' ઝપટે ચડ્યા, 'મોંઘેરા મહેમાનો' છૂટી ગયા?

## જૂની કલેકટર કચેરીની પાછળ સસ્તા અનાજના દુકાનદાર અને એજન્ટની મહેફિલ ઝડપાઈ



અબતક, રાજકોટ

ગરીબોની જઠરાગ્નિ ઠારવામાં સસ્તા અનાજની દુકાનોએ મોટો ભાગ ભજવ્યો છે , કહેવાય છે કે આ સસ્તા અનાજના ક્યાંક ક્યાંક બાબુઓને પ્રસાદી ધરવામાં ઘણી વખત ગરીબ લોકોની થાળીમાં હિસ્સો લઈ લ્યે છે. આ હિસ્સેદારીમાં વચેટીયાઓ કે જે જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડમાં પડ્યા પાથર્યા રહે છે. તે લોકો બાબુઓની, સસ્તા અનાજના દુકાનદારો અને અરજદારોની કડી બની અને બાબુઓને રાજી કરી દેતા હોય છે. આવો જ કંઈક ઘાટ ગુરુવારનું સાંજે ઘટ્યો હતો. આવા જ કોઈ વચેટીયાએ સસ્તા અનાજના વિતરક સાથે મહેફિલનું આયોજન કરેલ હતું.પરંતુ આ જામેલી મહેફિલ પોલીસે રંગનો ભંગ પાડી આ સસ્તી પાર્ટીને મોંઘી દાટ બનાવી દીધી હતી અને પછી કાયમ થતું હોય છે તેમ ભલામણોનો દૌર, વહીવટનો ધોધ કામ કરી ગયો અને મિટિંગ સિટિંગનું સ્થળ તાત્કાલિક બદલાવી અને વચેટિયા અને સસ્તા વિતરણ રંગે હાથ ઝડપાયા હોવાનો મીઠો ઓડકાર લઈ તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ તેવો ઘાટ ઘડાઈ ગયો હતો.

આ ગુરુવારની મહેફિલ જૂની કલેકટર કચેરીમાં ખૂણા ખાચરે હોટ ટોપિક બની ગયો છે. ત્યારે ઝાબાઝ કલેકટર આ બંધવાળી દીધેલ મહેફિલના પન્ના ઉખેડશે ? તેવી પણ ચર્ચા ઉઠી રહેલ છે. આ બાબતે જૂની કલેકટર કચેરીના કોઈ પણ કર્મચારી કાન ફાડી નાખે તેવું ભેદી મૌન ધારણ કરી નાખેલ છે. આ પહેલા પણ આ જ કલેકટર કચેરીના કમ્પાઉન્ડમાં કલેકટર ઓફિસની અગાસીમાંથી પણ દારૂ નહિ પરંતુ ખાલી બોટલના અવશેષો ઝડપાયા હોવાનો ઈતિહાસ ગવાહ છે.

બીજી તરફ એવી પણ ચર્ચા થઈ રહી છે છે કે જે કચેરીમાં આ બનાવ બન્યો છે. ત્યાંના કેમ્પસમાં સાંજ પડે અને ઉપરી અધિકારીઓ કચેરી છોડી દયે છે ત્યારબાદ અનેક એવી ગેરકાયદેસર પ્રવૃતિઓ થઈ રહી છે. જેનાથી અધિકારીઓ અજાણ છે. દિવસના તો અહીં ગેરકાયદે દલાલોનો ખડકલો જોવા મળે જ છે. જે લૂંટફાટ ચલાવે છે. તેની સામે પણ આંખ મિચામણા કરવામાં આવે છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં લોકપાલની નિયુક્તિ અગાઉથી જ કરવામાં આવી છેઃ રજિસ્ટાર પરમાર

## ગત મે મહિનામાં જ ઈલેક્ટ્રોનિક્સ ભવનના નિવૃત્ત પ્રોફેસર ડો. એચ.એન.પંડ્યાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લોકપાલ તરીકે નિયુક્તઃઆ મુદ્દે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીએ પત્ર લખી યુજીસીને જાણ કરી દીધી છે

**અબતક, રાજકોટ**

શૈક્ષણિક સંસ્થા યુજીસી દેશની જે યુનિવર્સિટીમાં લોકપાલ નિયુક્ત કર્યા નથી તેને ડિફોલ્ટર જાહેર કરી હોવાનું લિસ્ટ જાહેર કર્યું હતું. જેમાં રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત દેશની ૧૦૮ સ્ટેટ યુનિવર્સિટી, ૪૭ ખાનગી અને ૦૨ ડીમ્ડ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ જૂન-૨૦૨૩થી અત્યાર સુધીમાં બે વખત લોકપાલ બદલી નાખ્યા છે. અને તેની જાણ પણ યુજીસીને કરી હતી. તેમ છતાં તાજેતરમાં જ જાહેર થયેલી ડિફોલ્ટર યુનિવર્સિટીની યાદીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ શામેલ કરવામાં આવ્યું છે. હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લોકપાલ તરીકે ઈલેક્ટ્રોનિક્સ ભવનના નિવૃત્ત પ્રોફેસર ડો. એચ.એન.પંડ્યાની હજુ ગત મહિને જ નિમણૂક કરવામાં આવી છે. તેમ રજિસ્ટાર ડો.આર.જી.પરમારે જણાવ્યુ હતું. વધુમાં તેઓએ જણાવ્યૂ હતું કે, સૌથી પહેલા જૂન-૨૦૨૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લોકપાલ તરીકે ડો. બી.જી.મણિયારની નિયુક્તિ કરવામાં આવી હતી. થોડાક સમયમાં જ તેમણે તબિયતને કારણે આ પદ પર રહેવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ ફિઝિક્સ ભવનના નિવૃત્ત પ્રોફેસર ડો. મિહિર જોષીની નિમણૂક કરી હતી. અને હાલ ગત મે મહિનામાં જ ઈલેક્ટ્રોનિક્સ ભવનના નિવૃત્ત પ્રોફેસર ડો. એચ.એન.પંડ્યાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લોકપાલ તરીકે નિયુક્ત કર્યા છે.યુજીસીથી ક્યાક ચૂક થઈ ગઈ હશે અને આ માટે પત્ર લખી યુજીસીને જાણ કરવામાં આવી છે.

# વરસાદી પાણીના નિકાલ માટે વોર્ડ વાઈઝ ટીમો રખાશે

## તમામ વોર્ડમાં ક્વિક રિસ્પોન્સ ટીમની રચના

**અબતક,રાજકોટ**

જુદા-જુદા વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટેના મેનહોલ, ડ્રેનેજ નેટવર્કના ભાગરૂપે મેનહોલ તેમજ વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કના ભાગરૂપે વાલ્વ ચેમ્બર્સ આવેલી છે. સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર દ્વારા પ્રી-મોનૂસુન એક્ટીવીટીની કામગીરની સમીક્ષા માટે જુદા-જુદા વિભાગના અધિકારીઓની એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં આગમચેતીના ભાગરૂપે ઉકત મેનહોલ તેમજ વાલ્વચેમ્બર્સ ઝૂંબેશરૂપે સફાઈ કરવા સૂચનાઓ આપી હતી.

પ્રિમોન્સૂન એક્ટીવીટીના ભાગ રૂપે વોર્ડ નં.૪,૫,૬,૧૫,૧૬,૧૮માં સ્ટ્રોર્મ વોટર મેન હોલ કુલ ૪૩૨૨ નંગમાંથી ૪૩૨૨ નંગ સફાઈ કરવામાં આવેલ છે તથા ડ્રેનેજ મેનહોલ કુલ ૨૦૨૭૭ નંગમાંથી ૧૯૮૯૨ નંગ સફાઈ કરવામાં આવેલ છે તથા વાલ્વ ચેમ્બર્સ ૧૭૪૨ નંગમાંથી ૧૭૨૦ નંગ સફાઈ કરવામાં આવેલ છે તથા ભયગ્રસ્ત મકાનો ૭૩૫માંથી ૭૩૫ મકાનોને નોટીસ પાઠવેલ છે તેમજ મકાનોના જર્જરીત જણાતાં ભાગો દુર કરવામાં આવેલ છે તથા ભારે વરસાદની આગાહીના સમયે નીચાણવાળા વિસ્તારોમાંથી સ્થાનિક લોકોના સ્થળાંતર માટે જંગલેશ્વર મેઈનરોડ પર આવેલ શાળાનં.૭૦ તથા ભગવતીપરા વિસ્તારમાં આવેલ શાળાનં.૪૩ માં સ્થળાંતર કરવાની વ્યવસ્થા કરાઈ છે તથા પૂર્વઝોન વિસ્તારમાં કુલ ૩૧ વોટર લોગીંગ એરિયામાં સ્ટ્રોર્મ વોટર પાઈપ લાઈન નાખી પાણીનાં નિકાલ માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.તેમજ અતીવૃસ્તીના સમયે વરસાદી પાણીના નિકાલ માટે પૂર્વ ઝોન હેઠળના તમામ વોર્ડમાં વોર્ડ વાઈઝ ટીમો રાખવામાં આવેલ છે. ચોમાસામાં વરસાદને લીધે રસ્તાઓ માં ખાડાઓ/પોટ હોલ વિગેરેનું તાત્કાલીક રીપેરીંગ હાથ ધરી શકાય તે માટે પૂર્વ ઝોન ના તમામ વોર્ડમાં ક્વિક રિસ્પોન્સ ટીમની રચના કરવામાં આવેલ છે.તેમજ ભારે વરસાદના સમયે પૂર્વ ઝોન ઓફીસ ખાતે ૨૪ કલાક રાઉન્ડ ધ કલોક ત્રણ શિફ્ટમાં કંટ્રોલરૂમ શરુ કરવામાં આવ્યો છે તેમજ દરેક વોર્ડમાં વરસાદી પાણીના નિકાલ માટે ટ્રેક્ટર/ જે.સી.બી./મજુરો સહિતની વ્યવસ્થા રાખવામાં આવી છે.

# GACS પોર્ટલને લઈ એબીવીપીનું હલ્લાબોલઃ સૌ.યુનિ.ને તાળાબંધી, પૂતળા દહન કરાયું

## પોર્ટલની તમામ વિસંગતતા દૂર કરવા એબીવીપીની માંગઃ રજિસ્ટારને આવેદનઃ તાકીદે પ્રશ્નો હલ નહીં થાય તો ઉગ્રથી ઉગ્ર આંદોલનની ચીમકી







**અબતક, રાજકોટ**

રાજ્યની ૧૪ સરકારી યુનિવર્સિટીમાં કોમન એક્ટ લાગુ થયા બાદ ચાલુ શૈક્ષણિક વર્ષથી કોમન પ્રવેશ પ્રક્રિયા અમલી બનાવાઈ છે.જે અંતર્ગત ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જીકેસ પોર્ટલ બનાવાયું છે. વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ કોલેજ અને યુનિવર્સિટીએ એડમિશન માટે કઈ કામગીરી કરવાની છે તે માટેની તાલીમ યુનિવર્સિટી દ્વારા કોલેજના પ્રોફેસરોને આપવામાં આવી છે પણ વિદ્યાર્થી કઈ રીતે ફોર્મ ભરી શકે ? અને આખી પ્રક્રિયા શુ છે ?

તેના ફાયદા,મહત્વ સહિતની બાબતે સમજુતી આપવા કોઈ પગલાં ભરવામાં આવ્યા નથી. જેથી માહિતીના અભાવે હજુ અનેક વિદ્યાર્થીઓ ભટકે છે.

જેને લઈ આજરોજ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના પરિસર ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા હલ્લાબોલ બોલવામાં આવ્યો હતો અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં મુખ્ય બિલ્ડીંગમાં તાળાબંધી કરવામાં આવી હતી અને પૂતળા દહન પણ કરાયું હતું તેમજ રજિસ્ટારને લેખિત આવેદન પત્ર આપી માંગ કરવામાં આવી હતી કે, તાકીદે વિદ્યાર્થી સમુદાયમાં પ્રશ્નોને ધ્યાને લઈને તમામ જે મુદ્દાઓ છે તેના પર ત્વરિત કાર્યવાહી કરવામાં આવે બાકી આગામી ડીવસોમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ઉગ્રથી ઉગ્ર આંદોલન કરશે.

# ઉપલેટાના તણસવામાં કોલેરાની એન્ટ્રીઃ ૧૦ દિવસમાં ૪ બાળકોના મોત

## બાળકોના મોત થયાને દિવસો વીત્યા છતાં સ્થાનિક આરોગ્ય વિભાગ કુંભકર્ણ નિંદ્રામાં : લોકોએ ઉપરી અધિકારીનું ધ્યાન દોરતા ડેપ્યુટી કલેકટર, મામલતદાર અને જિલ્લા આરોગ્ય અધિકારી દોડી આવ્યા



### સ્થાનિક આરોગ્ય વિભાગ ઘટનાથી અજાણ ?

આ ઘટના તણસવા વિસ્તારમાં બનેલ હોય તેના બ્લોક હેલ્થ ઓફિસરનો ચાર્જ જિલ ડોબરીયા પાસે છે. તેને આ ઘટના અંગે પૂછતાં કેટલા મોત થયા છે કોના મોત થયા છે કેટલાને સારવાર અપાઈ છે. તે કોઈ જાણકારી આપી શક્યા નથી.

**અબતક, કીરીટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટાના તણસવા ગામના પાટિયા પાસે આવેલ પ્લાસ્ટિકના કારખાનામાં કામ કરતા મજૂર પરિવારના અંદાજે ૪ જેટલા બાળકોના ૧૦ દિવસ પહેલા મોત થવા છતાં સ્થાનિક આરોગ્ય વિભાગે કોઈ કાર્યવાહી નહિ કરતા કુંભકર્ણ નિંદ્રામાં હોય તેવુ જણાઈ રહ્યું છે. બીજી તરફ તમામ બાળકોના સેમ્પલ લઈને રિપોર્ટ કરવામાં આવતા આ બાળકોને કોલેરા હોવાનું જિલ્લા આરોગ્ય વિભાગે જણાવ્યું છે. ઉપરાંત આ વિસ્તારમાં ૪૬ જેટલા ઝાડા-ઉલ્ટીના કેસો નોંધાયેલ હોય તેના પર ચાપતી નજર રાખવામાં આવી રહી છે.૧૦ દિવસ પહેલા પ્લાસ્ટિકના કારખાનામાં કામ કરતા મજૂર પરિવારના ૪ બાળકોને તબિયત લથડતા તેમને પ્રથમ ઉપલેટા અને ત્યાંથી જૂનાગઢ તેમજ જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં કાર્તિક ઉ.વ.૨, કવિતા ઉ.વ.૩, અંજલિબેન, બંશીભાઈ સહિત ૧થી ૭ વર્ષના બાળકોને મેડિકલ સારવાર માટે લઈ જવાયા હતા. જો કે આ ઘટનામાં ત્રણથી ચાર બાળકોના મોત થયાનું જાણવા મળ્યું છે. જેમાં એક નાના બાળકને દફનાવવામાં આવેલ છે. બીજા બાળકને તણાસવા ગામે અગ્નિ સંસ્કાર કરવામાં આવેલ છે. જ્યારે અન્ય બાળકની લાશને તેમના વતન લઈ જવામાં આવેલ છે. આ ઘટનાની જાણ થતાં જ ધોરાજીના પ્રાંત અધિકારી જયેશ લિખિયા, મામલતદાર મહેશ ધનવાણી, જિલ્લા આરોગ્ય અધિકારી, ટીડીઓ ચૌહાણ, પીઆઈ ગોહિલ સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ઘટનાની માહિતી મેળવી હતી.

# વંથલીની કુખ્યાત સાંધ ગેંગ વિરૂધ્ધ ગુજસીટોકનો ગાળિયો કસાયો

## ગત માસમાં રવની ગામે બનેલી ડબલ મર્ડરની ઘટના બાદ પોલીસની કાર્યવાહી : ૧૦ શખ્સોને ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમ હેઠળ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

વંથલીની ગુનાહિત ગેંગ વિરુદ્ધ તપાસના અંતે ક્રાઈમ બ્રાન્ચે ગુજસીટોકનો ગુનો દાખલ કરાવતા ગુનેગાર આલમમાં ખળભળાટ મચી ગયો છે. ૧૧ મેના રોજ વંથલી તાલુકાના રવની ગામની સીમમાં રફીક આમદભાઈ સાંધ અને તેના ૧૮ વર્ષીય પુત્ર જીહાલની ફાયરિંગ અને પાઈપ, લાકડી વડે ઝાંપોદડ ગામનાં રહીમ ઉર્ફે ખુરી ઈસા સાંધ તેમજ રવનીના હુસેન અલારખા, જુમા હબીબ, હનીફ ઈસ્માઈલ, અબ્દુલ ઈબ્રાહીમ, ઈસ્માઈલ ઈબ્રાહીમ અને પોલાભાઈ યુસુફે હત્યા કરી હતી. તમામને ઝડપી લેવામાં આવ્યા હતા. આ કેસમાં એસપી હર્ષદ મહેતાની સૂચનાથી કેશોદના ડીવાયએસપી બી. સી. ઠક્કરના માર્ગદર્શનમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે. પટેલ સહિતની ટીમે આરોપીઓ વિરુદ્ધ વધુ પુરાવા એકઠા કરવા તપાસ હાથ ધરતા આરોપીઓ હત્યા, ખૂનની કોશિશ, અપહરણ, લૂંટ, રાયોટીંગ, મારામારી, સરકારી મિલકતને નુકસાન, ધાક ધમકી, હથિયાર ધારા ભંગ, જુગાર, ચોરી, ખંડણી સહિતના સંખ્યાબંધ ગુનામાં ૧૦ શખ્સોની ગેંગ સ્વરૂપે સંડોવાયા હોવાનું જણાયું હતું. આથી તેમની વિરુદ્ધ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરેરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ (ગુજસીટોક) એક્ટ મુજબ પીઆઈ પટેલે વંથલી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી ૬ આરોપી જેલમાં હોય અને બાકીના આરોપી ઈમરાન ઉર્ફે ભીખો હબીબ સાંધ, બોદુ અબુ પલેજા, પનીશ ઉર્ફે અનલો ઈસ્માઈલ સાંધ અને ભાવિન ઉર્ફે કાનો મનસુખ પાડલીયાને ઝડપી લઈ આગળની કાર્યવાહી કરી હતી.

ગેંગનો ગુનાહિત ઈતિહાસ વિશે જો વાત કરવામાં આવે તો સૌથી વધુ ૨૪ ગુના રહીમ સામે નોંધાયા છે. ગેંગ લીડર રહીમ ઉર્ફે ખુરી ઈસ્માઈલ સાંધ સામે ૯ ગુના, ઈમરાન ઉર્ફે ભીખો હબીબ- ૪ ગુના, હનીફ ઉર્ફે હનો ઈસ્માઈલ-૩ ગુના, હુસેન અલારખા-૪ ગુના, અમીન ઈસ્માઈલ-૮ ગુના, બોદુ અબુ પલેજા-૯ ગુના, રહીમ ઉર્ફે અંતુડી જુસબ - ૨૪ ગુના, અનીશ ઉર્ફે અનલો ઈસ્માઈલ-૬ ગુના, ઈમ્તિયાઝ ઉર્ફે પોલો ઈશા -૪ ગુના, ભાવિન ઉર્ફે કાનો મનસુખ પાડલીયા સામે ૧૬ ગુના નોંધાયા હોવાનું અને જેમાં પકડાયા હોવાનું પીઆઈ જે.જે પટેલ જણાવ્યું હતું.

# પ્રેમ પ્રકરણમાં છોટુનગરમાં પિતા-પુત્ર અને મામા પર હુમલો

## યુવાનને લાંફા ઝીંકી દીધા બાદ પરિજનો સમજાવવા જતાં ધોકાના ઘા ઝીંકી દેવાયા : ત્રણ ઘવાયા

**અબતક, રાજકોટ**

શહેરના છોટુનગર મફતીયાપરા વિસ્તારમાં પ્રેમ સંબંધ મામલે યુવાન અને તેના પિતા,મામા અને ભાઈ પર યુવતીના પિતા અને ભાઈ સહિતનાઓએ ધોકા વડે હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, હનુમાન મઢી પાસે છોટુનગર મફતિયાપરામાં રહેતા પ્રદીપ પરસોત્તમભાઈ મોસપરા(ઉ.વ ૨૦) દ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં જ રહેતા મહાદેવ કુંવરિયા, પ્રવીણ કુંવરિયા અને લાલા સામેચાના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ફ્રુટની રેકડી કાઢી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે સાંજના તે હનુમાન મઢી ચોક પાસે ઊભો હતો ત્યારે પાડોશમાં રહેતા મહાદેવ કુંવરિયાએ તેને કહ્યું હતું કે મારી છોકરીને હેરાન કરવાનું હવે બંધ કરી દેજે તેમ કહી વાળ પકડી ઝાપટો મારી હતી જેથી યુવાન ઘરે જઈ આ વાત પિતાને કરી હતી.

બાદમાં યુવાન તથા તેના પિતા પરસોત્તમભાઈ મહાદેવભાઈના ઘરે સમજાવવા જતા મહાદેવ તેના પુત્ર પ્રવીણ બંને ગાળો બોલવા લાગ્યા હતા. આ સમયે તેનો સંબંધી લાલા સમેચા પણ અહીં આવી ગયો હતો.બાદમાં આ ત્રણેય શખસો ધોકા વડે પિતા- પુત્રને માર મારવા લાગ્યા હતા. આ સમયે યુવાનના મામા વિજયભાઈ તથા તેનો ભાઈ પ્રીતમ છોડાવવા વચ્ચે આવતા તેમને પણ ધોકાના ઘા લાગ્યા હતા. તેમજ ધમકી આપી હતી કે હવે તું મારી દીકરીનું નામ લઈશ તો તને જાનથી મારી નાખીશું દરમિયાન અહીં લોકો એકત્ર હતા આ ત્રણેય શખસો અહિંથી નાસી ગયા હતા. હુમલામાં ઘવાયેલા પિતા-પુત્ર સહિત ચારેયને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બાદમાં આ ફરિયાદ નોંધાવી હતી.

# ૧૦ દિવસમાં ૧૧ મોબાઈલ તફડાવનાર રીઢો તસ્કર ઝડપાયો

## ઔદ્યોગિક વિસ્તારના શ્રમિકના મોબાઈલ ચોરી કરનાર હાથલીના શખ્સને એલસીબીએ દબોચી લીધો

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના ગોમટા ચોકડી પાસેથી કેશોદ તાલુકાના મેસવાણ ગામના રીઢા તસ્કરને ચોરાઉ મોબાઈલ સાથે એલસીબીએ ઝડપી લઈ ૧૧ ચોરીનો ભેદ ઉકેલી ૬૪૦૦૦ નો મુદામાલ કબ્જે કરી છે.



પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ જીલ્લામાં આર્થિક ગુનાઓ અટકાવવા અને વણઉકેલ ચોરીનો ગુનોઓ ઉકેલવા એસ.પી.એ આપેલી સુચનાને પગલે એલ.સી.બી. ના પી.આઈ. વી.વી. ઓડેસરા અને પી.એસ.આઈ. એચ.સી. ગોહિલ સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું.

મુળ કેશોદ તાલુકાના મેસવાણ ગામનો વિક્રમ ઉર્ફે ઈટલી મનુ મકકા નામના શખ્સ ગોંડલ તાલુકાના ગોમટા ચોકડી પાસે શંકાસ્પદ હાલતમાં રખડતાં હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી વિક્રમ ઉર્ફે ઈટલી મકકાની તલાસી લેતા તેના કબ્જામાંથી રૂ. ૬૪૦૦૦ ની કિંમતનો ૧૧ મોબાઈલ મળી આવતા તેની પ્રાથમિક પુછપરછમાં ૧૦ દિવસ પહેલા જામવાડી જીઆઈડીસી વિસ્તારના કારખાનાના શ્રમિક સુતા હતા ત્યાર પાંચ મોબાઈલ એક સપ્તાહ પૂર્વે રીબડા- ગુંદાસરા વચ્ચે જીઆઈડીસી વિસ્તારમાં શ્રમિકના ત્રણ મોબાઈલ અને ચરખડી અને ગોમટા ગામે વાડીમાંથી ત્રણ મોબાઈલ ચોર્યાની કબુલાત આપતા તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### મેઘમહેર...

આવતા એક ખેડૂત તણાયો હોવાની પણ વિગત સામે આવી હતી. આ ઉપરાંત સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં પણ હળવા ઝાપટાંથી લઈને અઢી થી ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે. આખરે ઠંડા પવન સાથે વરસાદ વરસતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો અને ખેડૂતોના ચહેરા પણ મલકાઈ ઉઠ્યા હતા.

જૂનાગઢ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જિલ્લામાં સાર્વત્રિત મેંદરડા પંથકમાં ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે તો મીઠાપુરમાં બે કલાકમાં ધોધમાર પાંચ ઈંચ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. જિલ્લાના વંથલીમાં બે ઈંચ, જૂનાગઢ શહેરમાં સવા બે ઈંચ, વિસાવદરમાં બે ઈંચ, કેશોદ અને માળીયા હાટીના પોણો ઈંચ, જૂનાગઢ શહેર તાલુકામાં દોઢ ઈંચ વરસાદ વરસી ચુક્યો છે. જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ વરસતા બિલખા રોડ પર વૃક્ષ ધરાશાયી થતા વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા.

મોરબી શહેર અને ગ્રામ્ય પંથકમાં પણ મેઘમહેર જોવા મળી હતી. રવિવારે બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને સાંજના સમયે પવન સાથે તોફાની વરસાદ શરૂ થયો હતો.

અમરેલીના રાજુલા પોસ્ટલ બેલ્ટ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદનું આગમન થયું હતું. દોડીયા, માંદરડ, મોરગી, દેવકા કુંભારીયા, ખાંભલીયા સહિત ગામમાં વરસાદ વરસ્યો હતો. બીજી બાજુ અમરેલી તાલુકાના ગોખરવાડા, દેવળીયામાં પણ ધોધમાર વરસાદ પડતા ગામની બજારોમાં પાણી વહેતા થયા હતા. લાઠીમાં પણ ધોધમાર ઝાપટું પડવાને કારણે શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. ધારી પંથકના ગીરકાંઠાના ગામોમાં વરસાદ વરસતા શેત્રુંજી નદી પ્રથમવાર સીઝનમાં બે કાંઠે વહેતી જોવા મળી હતી.

જામનગર જિલ્લાના કાલાવડ શહેર ઉપરાંત ખરેડી, જશાપર, ખીજડીયા અને વડલા સહિતના ગ્રામ્ય પંથકમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. ગીર સોમનાથ જિલ્લાના તાલાલા ગીરમાં સાર્વત્રિક અઢી ઈંચ વરસાદ નોંધાયો હતો તો કોડીનારના દોડાસા ગામે એક ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. પોરબંદર જિલ્લાના બરડા પંથકના ગામોમાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. આ બાજુ દ્વારકા જિલ્લામાં પણ આજે સવારથી જ વરસાદ શરૂ છે તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો હતો. જેમાં ચુડા પંથકમાં નોંધપાત્ર દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદથી ચુડા પાસેનો ડેમ ઓવરફ્લો થયો હતો અને નદીઓમાં નવા નીર આવ્યા હતા. ધાંગધ્રા અને સાયલા તાલુકાના ગામમાં પણ વરસાદ વરસ્યો હતો.

### દવાઓ...

વેચાણ અને માર્કેટિંગને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. લગભગ ૨૦૬ બ્રાન્ડ્સ જીવનશૈલી રોગો જેમ કે કાર્ડિયોવેસ્ક્યુલર, એન્ટિ-ડાયાબિટીક, ન્યુરોલોજીકલ અને શ્વસન સંબંધી હતી. ૮૭ ઓવર-ધ-કાઉન્ટર બ્રાન્ડ્સ છે. ફાર્મા કંપનીઓ ૨૫-૩૦% આવકનો ૨૫-૩૦% ડોકટરો સાથે જોડાવા માટે ખર્ચ કરે છે, જેઓ ૯૦% થી વધુ પ્રિસ્ક્રિપ્શન ચલાવે છે. બદલામાં, ડોકટરની ૯૮% પ્રિસ્ક્રિપ્શન્સ બ્રાન્ડેડ જેનેરિક્સ માટે છે, જે ગુણવત્તા માટે ટોચની બ્રાન્ડ્સ અને વિશ્વસનીય ફાર્મા કંપનીઓ પર આધાર રાખે છે. અહેવાલમાં જણાવાયું છે કે સ્થાનિક ફોર્મ્યુલેશન ઉત્પાદકોએ છેલ્લા ૬ વર્ષમાં ડોલર ૧૪ બિલિયનથી વધુના સોદામાં મોટા વ્યૂહાત્મક અને ખાનગી ઈક્વિટી રોકાણો આકર્ષ્યા છે.

### ડિજિટલ મીડિયા...

જાહેરાત બજાર ૨૦૨૮ સુધીમાં ૧૦%ના સી.એ.જી.આર વધીને રૂપિયા ૧,૭૦,૦૦૦ કરોડ સુધી પહોંચશે.

મેગ્રા ઈન્ડિયાના ઈન્ટેલિજન્સ પ્રેક્ટિસના ડાયરેક્ટર વેંકટેશ એસ, એસવીપીને વિશ્વાસ છે કે માર્કેટમાં ભારે ઉથલપાથલ હોવા છતાં એડવર્ટાઈઝિંગ માર્કેટમાં મજબૂત વૃદ્ધિ જોવા મળશે. લિસ્ટેડ કંપનીઓએ ગયા વર્ષે સારું પ્રદર્શન કર્યું હતું, જે જાહેરાત ઉદ્યોગ માટે પ્રોત્સાહક છે કારણ કે રોકાણમાં વધારો થવાની શકયતા છે. એફએમસીજી સેક્ટર, જે જાહેરાતની કરોડરજ્જુ છે, તેમાં ૨૦૨૪માં બે આંકડામાં વૃદ્ધિ જોવા મળી રહી છે.

### લોકસભા...

સત્રમાં ઝીરો અવર અને પ્રશ્નકાળ નહીં થાય.પહેલા દિવસે ૨૮૦ અને બીજા દિવસે ૨૬૪ સંસદસભ્યો શપથ લેશે. ૨૬ જૂને સ્પીકરની ચૂંટણી થશે. ત્યાર બાદ ૨૭ જૂને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બેઉ સદનની સંયુક્ત બેઠકને સંબોધન કરશે. ૨૮ જૂને સરકાર રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા કરાવશે. બીજી જુલાઈએ રાષ્ટ્રપતિના અભિભાષણ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી લોકસભાને સંબોધિત કરશે. જોકે નેશનલ એ લિજિ બિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ પરીક્ષાના મુદ્દે વિપક્ષો હંગામો કરે એવી શક્યતા છે.

ત્યારબાદ અંદાજિત બીજા કે ત્રીજા દિવસે લોકસભા સ્પીકર માટેની ચૂંટણી પણ યોજવામાં આવશે. તથા રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ બંને ગૃહોની સંયુકત બેઠકને સંબોધિત પણ કરશે, જેને અભિભાષણ તરીકે પણ ઓળખવામાં આવે છે. નોંધનીય છે કે, એપ્રિલ-મેમાં યોજાયેલી સામાન્ય ચૂંટણી બાદ આ પ્રથમ લોકસભા સત્ર હશે. ભાજપના નેતા અને સાત ટર્મથી સાંસદ ભર્તૃહરિ મહતાબને પ્રોટેમ સ્પીકર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. જેના પર વિપક્ષી નેતાઓ વિવાદ ઊભો કરી શકે તેવી પણ સંભાવના છે. વિપક્ષે આ પગલાંની ટીકા પણ કરી છે. તેનો આરોપ છે કે, સરકારે આ પદ માટે કોંગ્રેસ સાંસદ કોડિકુન્નિલ સુરેશના દાવાને અવગણ્યો છે. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ આ અંગે કહ્યું છે કે, મહતાબ સતત સાત વખત લોકસભાના સભ્ય રહી ચૂક્યા છે. જેના કારણે તેઓ આ પદ માટે યોગ્ય છે. જ્યારે સુરેશ ૧૯૯૮ અને ૨૦૦૪માં ચૂંટણી હારી ગયા હતા.

જેથી તેમનો હાલનો કાર્યકાળ સતત ચોથો કાર્યકાળ બની રહ્યો છે.પ્રથમ સત્રમાં હોબાળો થાય તેવી પણ ધારણા છે, કારણ કે વિપક્ષ ૨૬ જૂને લોકસભા અધ્યક્ષની ચૂંટણી, નીટ-યુજી અને યુ.જી.સી-નેટમાં પેપર લીકના આક્ષેપો પર ચર્ચાની માંગ કરશે. તેમજ પ્રોટેમ સ્પીકરની નિમણૂક પર વિવાદના મુદ્દે સંસદ સત્રમાં વિપક્ષ એનડીએ સરકારને ઘેરી શકે છે. લોકસભા સત્રમાં વિપક્ષ પોતાની વધેલી શક્તિનો અહેસાસ કરવામાં નિષ્ફળ નહીં જાય. આ જ કારણ છે કે પરીક્ષામાં ગેરરીતિ, અગ્નિવીર અને પ્રોટેમ સ્પીકર જેવા મુદ્દાઓને લઈને સત્ર પહેલા વિપક્ષ આક્રમક વલણ દાખવી શકે છે. સત્તાધારી પક્ષ ચૂંટણીમાં લોકસભા અધ્યક્ષને પણ કોર્નર કરવાનો પ્રયાસ કરી શકે છે.

### વિપક્ષ...

હાલ સમગ્ર દેશમાં આ મામલો ગરમાયો છે ત્યારે વિદ્યાર્થીઓના ભાવિ સાથે કોઈ ચેડા ન થાય તે માટેના પગલાં લેવા ખૂબ જરૂરી છે અને હાલ સત્તા પક્ષ ઉપર વિરોધીઓ વિરોધ પણ દર્શાવી રહ્યા છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### કોંગ્રેસ...

લાલજીભાઈ દેસાઈ, જીગ્નેશભાઈ મેવાણી અને પાલભાઈ આંબલીયાની ટીમ દ્વારા જે ઘેર ઘેર ખૂણે ખૂણે જે પત્રિકાઓ પહોંચાડી દેવાઈ તે અભિનંદન ને પાત્ર છે. અગાઉની ઘટનાઓમાં મતદાતાઓનો વિશ્વાસ હલી ગયો છે અને એસઆઈટીએ ફક્ત લિફાફા સિવાય કશું જ નહીં એસઆઈટીની તપાસ એ ચાર્જ સીટ નો ભાગ ન બને કોર્ટ ચાર્જશીટ નો પાર્ટ ન હોય તો કોર્ટમાં ચાલે નહીં. સાગઠીયા ને પકડી લીધા એટલે બધું બરોબર નહીં એના બોસ પણ હતા બોસની પકડીને ધાક બેસાડવી જોઈએ. બંધારણમાં લોકોને જાન, માલ મિલકતની જવાબદારી એ સરકારની છે જ્યાં કમિશનર, કલેકટર, ડીએસપી, મેયર ધારાસભ્ય જાય છતાં પણ કોઈ નાનું અધિકારી પીએસઆઈ કે પીઆઈ દરજ્જાના વ્યક્તિ તેને બંધ ન કરાવી શકે સંવેદનશીલતા મરી પરવારી છે. જે દિવસે ગેમ ઝોનની પટના ઘટી તે દિવસે રાહત દરે એન્ટ્રી હોવાથી આ ઘટનામાં મધ્યમ વર્ગના લોકો ભોગ બન્યા છે. સરકાર ઉદ્યોગપતિઓના સોળ લાખ કરોડ માફ કરી શકતી હોય તો વધુ સહાય સરકાર ચૂકવી શકે આવતીકાલે બંધના વેપારીઓનો આભાર વ્યક્ત કરું છું પત્રકાર મિત્રો એ સત્ય ઉજાગર કરેલ છે તેનો પણ આભાર માનું છું જે મલબો હટાવેલ છે તે પુરાવાનો નાશ કરે છે તે એક ચિંતાનો વિષય છે રાજકોટને સૌરાષ્ટ્રનું હૃદય સમાન છે અત્યારે અડધો દિવસ બંધ રાખવા અમારી અપીલ છે ગ્રહ મંત્રી, મુખ્યમંત્રી રાજકોટ આવ્યા પછી તેમને એમ થતું નથી કે ચાલો લડત કરવાવાળા સાથે વાત કરાવીએ વજુભાઈ આ સીટ ખાલી કરી નરેન્દ્ર ભાઈ ને રાજકોટ થી કારકિર્દી શરૂ કરી અને હાલ નરેન્દ્ર ભાઈ વિદેશ ફરિ રહ્યા છે કેમ રીલીફ ફંડ માંથી એક મોટી સહાય ન ચૂકવી શકે પદાધિકારીઓની જવાબદારી હોય જ છે ભૂતકાળમાં રહેલ દુર્ઘટના રેલ મંત્રીએ રાજીનામું આપેલા ઘટનાઓ બની છે ત્યારે આ કોઈ દુર્ઘટના નથી આ તો હત્યાઓનું દુષણ છે.

ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે સતત ૨૬ દિવસથી રાજકોટના ખૂણે ખૂણે અમે લોકો ફરી રહ્યા છે પાનના ગલ્લે વેપારીઓને લોકોને મળ્યા છીએ ડોર ટુ ડોર ૭૦ થી ૮૦,૦૦૦ લોકોનો સંપર્ક કર્યો છે સરકાર ભાજપના ભ્રષ્ટ નેતાઓની ધરપકડ કરવા માગતી નથી અગાઉની જે ઘટનાઓ બની છે તેમાં ભાજપના નેતા ની હોય તેમ પીરિત પરિવારો રાજકોટમાં પણ તપાસ છીન ભિન્ન કરી નાખવા માગે છે એસઆઈટી એ કોથળામાંથી બિલાડું કાઢેલ છે ફક્ત ૨૦ જ લીટર પેટ્રોલ હતું તેમ જણાવેલ છે અધિકારીને બચાવવા એસઆઈટી એ તર્કટ રચ્યું છે પુરાવા સાથે ચેડા કરવા અને પુરાવાનો નાશ કરવા ભારતીય જનતા પક્ષના ભ્રષ્ટ નેતાઓના પાપે આ દુર્ઘટના સર્જાય છે. રાજકોટની જનતા કસોટી એ વિપક્ષની નહીં પીડિત પરિવારનું નહીં રાજકોટના નાગરિકોને ન્યાય મળશે. આવતીકાલે રાજકોટની ભ્રષ્ટ પોલીસ પણ દારૂના અડ્ડાઓ બંધ રખાવે એવી મારી અપીલ છે.

આજની આ પત્રકાર પરિષદમાં પ્રમુખ શકિતસિંહજી ગોહિલ, ગુજરાત પ્રેસ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી, પ્રદેશના કાર્યકારી અધ્યક્ષ ચોટીલાના ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા, ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, વિધાનસભા વિરોધ પક્ષના પૂર્વ નેતા પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા મનીષભાઈ દોશી, રાજકોટમાં પ્રભારી બિપેન્દ્રસિંહ જાડેજા, કિસાન સેલના પ્રદેશ પ્રમુખ પાલભાઈ આંબલીયા, બળદેવભાઈ લુણી, ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, સૌરાષ્ટ્ર કચ્છના પ્રવક્તા નિદત ભાઈ બારોટ, જશવંતસિંહ ભટ્ટી ઉપસ્થિત રહ્યા હતા.

(ચોથા પાનાનું ચાલુ)

### વિસામણ ગ્લોબલ સેલ્સ લિમિટેડ

એમ.એસ.શીટ્સ, GP એન્ડ GC શીટ્સ, CR શીટ્સ, HR શીટ્સ અને પ્લેટસ, કલર કોટેડ શીટ્સ તથા રુફિંગ પફ પેનલ સપ્લાય કરે છે.

વધુમાં, કંપની વર્તમાન ગ્રાહકોને મૂલ્ય વર્ધિત સેવા તરીકે ક્રેડિટ સુવિધા પણ પૂરી પાડે છે. . વધુમાં, ગ્રાહકોની ચોક્કસ જરૂરિયાતને પહોંચી વળવા કસ્ટમાઈઝેશનની સુવિધા પ્રદાન કરે છે. કંપની ફેરફાર અને ફેરફારની પ્રક્રિયા તૃતીય પક્ષને આઉટસોર્સ કરે છે. વધુમાં, ગ્રાહકોને ઉત્પાદનોની ઑનસાઈટ ડિલિવરીની સુવિધા પણ આપે છે.

આ IPO સંદર્ભે કોઈ પણ માહિતી માટે ઈમેલ csvisamansales.comWebsite, http://https://visamanglobalsales ફોન નંબર ૯૦૨૩૭૩૦૬૨૭ પર સંપર્ક કરવા જણાવ્યું છે

### સરકડીયા હનુમાનજી

ફિનો પેમેન્ટ, ગોવા શિપ્યાર્ડ અને એરટેલ પેમેન્ટ બેંક જેવા અનલિસ્ટેડ શેરો પણ આવેલા છે.જેના આઈ.પી.ઓ નજીક ભવિષ્યમાં આવી શકે છે.

ભકતજનોની આસ્થા વધતા મંદિરનો વિકાસ થયો છે. પ્રારંભે ગુરૂ રાઘવદાસજી બાપુએ સેવા પુજા કર્યા બાદ હાલ હરિદાસબાપુ સેવા સંભાળી રહ્યા છે. આ મંદિરની જગ્યા પરિક્રમા રૂટમાં બીજા પડાવ તરીકે જાણીતી છે. જીણાબાવાની મઢીથી સરકડીયા થઈને મારવેલા કેડી રસ્તે જવાય છે. આ મંદિરમાં હનુમાનજી, શિવજી, કાળભૈરવ અને જગદંબા માં અંબાજીના મંદિરો આવેલા છે. દર રવિવારે ૫૦૦થી વધુ ભકતજનો દર્શને આવે છે. આ દિવસે સવારે ૯ થી૧૧ હનુમાન ચાલીસા સાથે સીતારામ ધૂન થાય છે. દર પૂનમે સતત ૧૨ કલાકની અખંડ ધૂન સાથે બપોરે પ્રસાદનું આયોજન કરાય છે.

આ મંદિર ઉપર ભકતજનોને અપાર શ્રધ્ધા હોવાથી લોકો તેની મનોકામના સિધ્ધ કરવા દાદાની માનતા રાખે છે, અત્યારે મંદિરનું સંચાલન મહંત શ્રી હરિદાસજી ગુરૂ શ્રી રાઘવદાસજી મહારાજની નિશ્રામાં તેજસદાસ બાપુ સંભાળી રહ્યા છે. મંદિરની વિશેષ માહિતી માટે વોટસએપ કોલ ૯૫૧૨૫ ૧૮૬૭૨ ઉપર સંપર્ક સાધી શકશો.

કુદરતના ખોળે પશુ પંખીનાં મીઠા કલરવે હરિયાળા જંગલો વચ્ચે આવેલ આ પવિત્ર જગ્યાનાં દર્શન માત્રથી તમામ મનોકમાના સિધ્ધ થઈ જાય છે, તેવો ભકતજનો વિશ્વાસ-શ્રધ્ધા હોવાથી રજાના દિવસે ભીડ જોવા મળે છે.

(અગિયારમાં પાનાનું ચાલુ)

### સમર્પણ દિન......

હતા.છાત્રાલયના યુવકો દ્વારા એક એકપિસ્તા પર સ્વામિ નારાયણ નામ લખીને હાર તૈયાર કરાયો હતો, સાથે સાથે નાડાછડી માંથી કલાત્મક ચાદર તૈયાર કરાઈ હતી જે સંતો દ્વારા પ.પૂ.મહંતસ્વામી મહારાજ ન અર્પણ કરવામાં આવી હતી.

ત્યારબાદ છાત્રાલયમાં રહેતા યુવકોના સ્વાનુભવો રજૂ થયા. જેમાં તેઓએ જણાવ્યું કે, છાત્રાલયના યોગથી અમે વ્યસનોથી દૂર રહી શક્યા, સભામાં નિયમિત બની શક્યા, અમારી કળાને વેગ અને નવી દિશા આપી શક્યા,અમારા અભ્યાસમાં પૂરતું ધ્યાન આપી શક્યા, મોબાઈલ અને સોશ્યલ મીડિયાથી દૂર રહી શક્યા.

છાત્રાલયનાયુવકો દ્વારા સ્વામી સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવી અને વિવિધ પ્રશ્નો પર માર્ગદર્શન પ્રાપ્ત કરવામાં આવ્યું.

આજના યુગમાં સત્સંગ અને નિયમોનું કઈ રીતે પાલન થઈ શકે?

- મહિમા સમજાયો નથી, જો એ સમજાય તો કંઈનડે જ નહી. સત્સંગ મળ્યો છે તો દ્રઢ કરીને રાખવો.

મોબાઈલના ઉપયોગમાં કઈ બાબતોનું ધ્યાન રાખવું?

- ન માત્ર સત્સંગી પણ બધાએ મોબાઈલ વાપરવામાં વિવેક રાખવો, અભ્યાસમાં ધ્યાન આપવુ. સત્સંગ મળ્યો છે તો સમજણ રાખવી જેથી બધા પ્રશ્નો હલ થઈ જાય.

નિત્યપૂજાની શી આવશ્યકતા છે?

- નિત્યપૂજાતો ગાઈડલાઈન છે. સત્સંગની ગરિમા રાખવી, કેફમાં ફરવું, મહારાજ સ્વામીનું બળ રાખીવ્યવસ્થિત ભણવું.

દુનિયાના કોઈ પણ છેડે જઈએ તો પણ સત્સંગ કઈ રીતે દ્રઢ રાખવો?

- ગમે ત્યાં જાય પણ ભગવાન ને સાથે રાખવા, સત્સંગનો મહિમા દ્રઢ રાખવો.

નિષ્ફળતા મળે ત્યારે શું સમજણ રાખવી?

- મહારાજ સ્વામીનું બળ રાખવું. સત્સંગ દ્રઢ કરીને રાખવો.

### લાખાણી કોપર......

પક્ષી અને જીવજંત ને સવેની રક્ષા થશે. રાજકોટ શહેરમાં સંપૂર્ણ લોકભાગીદારીથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણી રોકવા હોકળામાં ગટરનું ગુંદ પાણી બંધ કરાવી ને ૧૦ થી વધુ ચેકડેમો બનાવેલ છે. જેમાંથી હાલમાં પેલા વરસાદમાં ૨ ચેકડેમ ઓવરફલો થયેલ છે. જો લોકો દબાણ ન કરે કે કચરો ન નાખે અને કોપોરેશન દ્વારા ગટરના ગુંદા પાણી બંધ કરવામાં આવે અને લોકો આર્થિક સહયોગ આપે તો વરસાદી પાણી રોકાય તેના માટે ૧૨૫ થી વધુ ચેકડેમ બને તેમ છે. જો આ કાર્ય સફળ થાય તો બેંગ્લોર ,દિલ્હી અને આફ્રિકા જેવી હાલત પાણી માટે ન થાય .

આ સરોવર બનાવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ,

અમુભાઈ ભારદીયા, વિરાભાઈ હુંબલ, ગોપાલભાઈ બાલધા, કોંપર એલીગેન્સ ના પ્રમુખ મકવાણાભાઈ, બાબુ લાઈમ , મિતલભાઈ ખેતાણી, હરિભાઈ ચૌહાણ પરિવાર વગેરે ઘણા ભાઈઓ અને બહેનો જોડાયા હતા.

### સમસ્ત રાવળ સમાજ...

બોરાણા,મહેશભાઈ ગોહેલ ,કમલેશભાઈ મચ્છોયા ,રાજેન્દ્રભાઈ સોઢા,નરેશભાઈ મેર,ધર્મેશભાઈ સોઢા,નીરવભાઈ વાણીયા ,સુનિલ પેથાનિ ,મેહુલભાઈ ગોહેલ , લખમણભાઈ પરમાર ,અમુભાઈ સોઢા ,ખીમજીભાઈ સોઢા , દિવ્યેશ ભોજક , જીતુંભાઈ બોડા, દીપકભાઈ બોડા, મૂકેશભાઈ બોડા મૂકેશભાઈ ભોજક વગેરે રાવળ સમાજ ના આગેવાનો ઉપસ્થિત રહ્યા

### રકતદાન કેમ્પ....

કિશન ટિલવાની આગેવાનીમાં વોર્ડ નં. ૧,૫,૧૦, ૧૬ માં રકતદાન કેમ્પ યોંજાયેલ આ રકતદાન કેમ્પમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો. પ્રશાંત કોરાટ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, કોર્પોરેટર નરેન્દ્રસિંહ વાઘેલા, જ્યોત્સનાબેન ટીલાળા, ડો.રાજેશ્રીબેન ડોડીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદિપસિંહ જાડેજા, શહેર ભાજપ મંત્રી વિજયભાઈ પાડલીયા, હરેશભાઈ કાનાણી, પુજાબેન પટેલ, કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી, શહેર યુવા ભાજપ મોરચાના પ્રમુખ કિશન ટીલવા, મહામંત્રી મીલન લીંબાશીયા, સહદેવ ડોડીયા, પૂર્વ કોર્પોરેટર અશ્વિન ભોરણીયા,વોર્ડ નં.૧૬ ના કોર્પોરેટર રૂચિતાબેન જોષી,કંચનબેન સિધ્ધપુરા, વોર્ડ પ્રમુખ રાજેશભાઈ લીલા, મહામંત્રી હસુભાઈ કાચા, વોર્ડ નં.૧ ના કોર્પોરેટર દુર્ગાબા જાડેજા, વોર્ડ નં.૧ ના પ્રભારી કાથડભાઈ ડાંગર, પ્રમુખ કાનાભાઈ ખાણધર, મહામંત્રી નાગફભાઈ વરૂ, ગૌરવભાઈ મહેતા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીતભાઈ વાડોલીયા સહીતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી દીપ પ્રાગટય કરી રકતદાન કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. આ રકતદાન કેમ્પમાં શહેર મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, દેવિકાબેન રાવલ, દક્ષાબેન વાઘેલા, સેજલબેન ચૌધરી, વોર્ડ નં.૧૦ પ્રભારી રઘુભાઈ ધોળકીયા, મહામંત્રી રત્નદીપસિંહ જાડેજા, મેહુલ નથવાણી, હેમતસિંહ ડોડીયા, શ્રીમતી મયુરીબેન ભાલાડા, વોર્ડ નં.૧ ના રામદેવભાઈ આહીર, જયદીપસિંહ જાડેજા, પૃથ્વીસિંહ વાળા, જયરાજસિંહ જાડેજા, નરેન્દ્રભાઈ સરવૈયા, નિલેશ ચાવડા, રમાબેન વાઘેલા, મયુરબા પરમાર, પાયલ સંચાણીયા, રમેશભાઈ ઉંધાડ, મનોજ ચાવડા, લાલભાઈ હુંબલ, હિરેન ગોસ્વામી, કાનાભાઈ ગરૈયા, કુલદીપસિંહ જાડેજા, હાર્દિકભાઈ કુંગશીયા, વોર્ડ નં.૧૬ યુવા મોરચા પ્રભારી અનિરૂધ્ધસિંહ હેરભા, વોર્ડ યુવા મોરચા જયદીપ કાકડીયા, વોર્ડ યુવા મોરચા મહામંત્રી ઘનશ્યામભાઈ મહેતા, વોર્ડ યુવા મોરચા કારોબારી પિયુષભાઈ જળુ સહિત ચારેય વોર્ડના પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, કારોબારી સભ્ય સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ રકતદાન કેમ્પને સફળ બનાવવા કિશન ટીલવાની આગેવાનીમાં મહામંત્રી મીલન લીબાશીયા, સહદેવ ડોડીયા, સહીતના યુવા મોરચાના હોદેદારો અને કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

(છેલ્લા પાનાનું ચાલું)

### રાજકોટમાં વરસાદ...

એક સ્કુલ વાન વરસાદી પાણીમાં ફસાય જવા પામી હતી. સવારના સમયે પડેલા વરસાદથી શાળાએ જતા બાળકો અને વાલીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો

હતો.વરસાદે હાલ વિરામ લીધો છે. પરંતુ વાતાવરણ એક રસ છે. મેઘાવી માહોલ જોવા મળી રહ્યો છે. મેઘરાજા ગમે ત્યારે ફરી મન મુકીને વરસે તેવા આસાર વર્તાય રહ્યો છે.

### સૌરાષ્ટ્ર...

કેટલાક દિવસથી અસહ્ય ગરમી અને બફારો લોકોને અકળાવતો હતો ત્યારે બપોર બાદ અચાનક વરસાદી વાતાવરણ સર્જાયું હતું રાજુલા શહેરમાં અને ગામડાઓમાં ભારે વરસાદ વરસ્યો હતો રાજુલાના ડુંગર કુંભારિયા દેવકા વિકટર માંડરડી સહિતના ગામોમાં વરસાદ થતાં ખેડૂતો ની આતુરતાનો અંત આવ્યો હતો અને વરસાદના પાણી રોડ પર રહેતા થયા હોવાના અહેવાલો મળી રહ્યા છે

### ઉપલેટા...

આ કમિટી ત્રણ દિવસમાં રિપોર્ટ તૈયાર કરી જિલ્લા કલેકટરને સોંપવાની છે. ત્યારબાદ જિલ્લા કલેકટર દ્વારા પગલાં લેવામાં આવનાર છે.

વધુમાં જાણવા મળતી વિગતો અનુસાર કમિટી દ્વારા ફેક્ટરીની અંદર પીવાતા પાણીની તપાસ કરવામાં આવશે. આ સાથે આજુબાજુમાં પાણીની પણ તપાસ કરવામાં આવશે. વધુમાં આજુબાજુમાં પેપ્સી જેવા જે કોલ્ડડ્રિંક્સ મળે છે તેની પણ ચકાસણી કરવામાં આવશે.

જો આ મામલે કોઈ કસૂરવાર ઠરશે તો તેની સામે કડક કાર્યવાહી પણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે બનાવને પગલે જિલ્લા કલેકટરે પ્રતિબંધિત આદેશો જારી કર્યા છે. જેમાં આદેશ અપાયો છે કે બરફના કારખાનેદારોએ બરફ બનાવવા પીવાલાયક પાણી જ વાપરવાનું રહેશે તેમજ ખાદ્ય પદાર્થ બનાવવા કે ઠંડા પીણા માટે બરફનો સીધો ઉપયોગ કરવા પર, પાણી મેળવવા માટે નળ કનેકશનના સ્થળે ખાડા ખોદી પાણી મેળવવામાં દૂષિત પાણીની શકયતા હોવાથી ખાડા ખોદી પાણી મેળવવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે, શહેરના તમામ મકાનોમાં આવેલ ઓવરહેડ અને અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી સાફ કરાવવા અને પીવાના પાણીને કલોરિનેશન બાદ જ ઉપયોગમાં લેવાના રહેશે.

ખાદ્ય પદાર્થના વેપારીઓએ ફરસાણ,મીઠાઈ, ગોળ,ખજૂર તથા અન્ય કોઈ ખાદ્ય પદાર્થો ખુલ્લા રાખવા,શાકભાજી ફળફળાદીના ધંધાર્થીઓએ તેને કાપીને ખુલ્લા રાખવા તેમજ આવી વસ્તુઓનું ટુકડા કરીને વેચાણ કરવા પર, બરફ ગોલા તથા ગુલ્ફીમાં માવાના વેચાણ પર, વાસી ખોરાક ઉપયોગમાં લેવા પર મનાઈ ફરમાવી છે. શહેરના તમામ ખાણીપીણીના સ્થળો, હોટલ,રેસ્ટોરન્ટ, મીઠાઈ,-ફરસાણની દુકાન,ભોજનાલયો વગેરેમા સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવા તેમજ ખાદ્ય પદાર્થોને યોગ્ય રીતે ઢાંકવા કાચની પેનલ લગાવી અથવા માખી ન પ્રવેશી શકે તેટલી બારીક વાયરનેટ લગાવી ઢાંકી રાખવા અને પેપર ડીશમાં જ ખોરાક પીરસવા અને શેરડીનો રસ, બરફના ગોલાનું વેચાણ ડિસ્પોઝિબલ ગ્લાસમાં જ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

## અબતક જામનગર ન્યુઝ-પેપર એજન્ટ કાનાભાઈના માતૃશ્રીનું નિધન



અબતકના જામનગરના એજન્ટ કનુભાઈ કનૈયાલાલ ડાયાલાલના માતા સ્વ. શાન્તાબેન ડાયાલાલ માંડલીયા તે સ્વ. ડાયાલાલ ચુનીલાલ માંડલીયાના પત્ની, ધર્મેન્દ્રભાઈ, સતિષભાઈ, ઉમેશભાઈ, નટવરલાલ, કનૈયાલાલ ડાયાલાલ માંડલીયાના માતાનું તા. ૨૩ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૪ ને સોમવારે સાંજે ૫ થી ૫.૩૦ કલાકે તેમના નિવાસ સ્થાન જનતા-૧, જનતા સોસાયટી કામદાર કોલોની પાસે જામનગર ખાતે રાખેલ છે.

## જય ચામુંડા પ્રિન્ટીંગ પ્રેસના નાથાભાઈ ઉનાગરના પુત્ર રાજુભાઈનું નિધન

**અબતક, રાજકોટ**



રાજકોટના જાણીતા શ્રી જય ચામુંડા પ્રિન્ટીંગ પ્રેસવાળા વાટલીયા પ્રજાપતિ નાથાભાઈ ભાણજીભાઈ ઉનાગરના પુત્ર રાજુભાઈ નાથાભાઈ ઉનાગર (ઉ.વ.૫૯) તે ચંદુભાઈ ભાણજીભાઈ ઉનાગર, વાટલીયા પ્રજાપતિ યુવક મંડળ રાજકોટના પ્રમુખ યોગેશભાઈ, હર્ષદભાઈના મોટાભાઈનું તા. ૨૨ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સમાજમાં ઘેરો શોક છવાયો છે.

તેમનું બેસણું તા. ૨૪ ને સોમવારે સાંજે ૫ થી ૬ કલાકે વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી ઉદયનગર-૧ ભકત ગોરા કુંભાર ચોક મવડી ચોકડી રાજકોટ ખાતે રાખેલ છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** કુસુમબા રાજેશસિંહ જાડેજા (ઉ.વ.૬૬) તે રાજેશસિંહ ઉમેદસિંહ જાડેજા મુળ ઠેબચડાના પત્ની, કુલદિપસિંહ, શકિતસિંહ જાડેજા, તેજલબા, રીનાબા, મીતલબાના માતાનું તા. ૨૨ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૪ ને સોમવારના સાંજે ૪ થી ૬ કલાકે ડી-૨૦૦ શાસ્ત્રીનગર (અજમેરા) નાના મવા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ, અજીતાબેન પ્રફુલભાઈ દવે (ઉ.વ.૮૨) તે પ્રફુલભાઈ (એડવોકેટ) (નિવૃત મેનેજર દેના બેંક) ના પત્ની, દેવાંગભાઈ (એડવોકેટ), દિપ્તીબેન ભટ્ટ, સોનલબેન પંડયા, શિતલબેન પંડયા (એલઆઈસી), જયોતિબેન મહેતાના માતા, મીનલબેનના સાસુ, સ્વ. શંકરલાલ ભટ્ટની પુત્રી, સ્વ. ઈન્દ્રવદનભાઈ, સ્વ. ધર્મેન્દ્રાઈ, સ્વ. ભુપેન્દ્રભાઈ, મુકુન્દભાઈ (લંડન), સ્વ. પ્રદીપભાઈ, સ્વ. નલીનીબેન વ્યાસ, પ્રતિભાબેન ભટ્ટ (લંડન) ના બહેન, મુદુલાબેન વ્યાસ, હંસાબેન વ્યાસના ભાભી, આર્યનના દાદીમાનું તા.૨૨ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા. ૨૪ ને સોમવારના સાંજે ૫ થી ૬ કલાકે સ્વામીનારાયણ ગુરુકુળ, સહાજાનંદ હોલ, ઢેબર રોડ રાજકોટ ખાતે રાખેલ છે. સદગતે તેના સ્વસંકલ્પને આધિન નેત્રદાન કરેલ છે)

**મોરબી :** સ્વ.સુભાષચંદ્ર વિનોદરાય ઘેલાણી (ઉ.વ.૭૦) તે સ્વ.વિનોદરાય મગનલાલ ઘેલાણીના મોટા પુત્ર, સુરેશભાઈ, હસમુખભાઈ, સ્વ.નરેન્દ્રભાઈ, કલાબેન, ભાવનાબેન, વીણાબેનના ભાઈ, પુનિતાબેનના પતિ, જીજ્ઞેશભાઈ અને દીપેનભાઈના પિતા તથા જયંતીલાલ મેંઢાના જમાઈ તા.૨૩ જુન ૨૦૨૪ને રવિવારનાં રોજ અવસાન થયેલ છે.

તેમનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા.૨૪ જુન ૨૦૨૪ને સોમવારે શ્રી લોહાણા વિદ્યાર્થી ભુવન, વસંત પ્લોટ મેઈન રોડ, મોરબી ખાતે સાંજે ૦૪ થી ૦૫ વાગ્યે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# તાવ, શરદી, ઝાડા-ઉલ્ટીના ૧૧૮૮ કેસઃ ડેન્ગ્યૂએ પણ દેખા દીધી



## શરદી-ઉધરસના ૬૪૪, સામાન્ય તાવના ૩૪૪, ઝાડા-ઉલ્ટીના ૧૯૯ અને ટાઈફોઈડનો એક કેસ નોંધાયોઃ મચ્છરની ઉત્પતિ સબબ ૪૪૮ આસામીઓને નોટિસ

**અબતક, રાજકોટ**

શહેરમાં રોગચાળાએ ફરી માથું ઉંચક્યું છે. તાવ, શરદી-ઉધરસ અને ઝાડા-ઉલ્ટીના ૧૧૮૮ કેસ નોંધાયા છે. જ્યારે ડેન્ગ્યૂએ પણ દેખા દીધી છે. મચ્છરોની ઉત્પતિ સબબ ૪૪૮ આસામીઓને નોટિસ ફટકારવામાં આવી છે.

આજે કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગત સપ્તાહે શહેરની અલગ-અલગ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાંથી શરદી-ઉધરસના ૬૪૪ કેસ મળી આવ્યા હતા. જ્યારે સામાન્ય તાવના ૩૪૪ કેસ નોંધાયા છે. ઝાડા-ઉલ્ટીના ૧૯૯ અને ટાઈફોઈડ તાવનો એક કેસ મળી આવ્યો હતો. ડેન્ગ્યૂનો પણ એક કેસ નોંધાયો છે. જાન્યુઆરીથી લઈ અત્યાર સુધીમાં શહેરમાં ડેન્ગ્યૂના કુલ ૧૯ કેસ નોંધાયા છે. જ્યારે ટાઈફોઈડના ૧૫ કેસો મળી આવ્યા છે. શરદી-ઉધરસના ૨૩,૧૫૨, સામાન્ય તાવના ૬૫૯૧ અને ઝાડા-ઉલ્ટીના ૫૮૮૦ કેસ આજ સુધીમાં નોંધાયા છે. ચોમાસાની સિઝનમાં રોગચાળો વકરે નહિં તે માટે આરોગ્ય કેન્દ્રના આશા વર્કર સહિતની ૩૨૦ ટીમો દ્વારા ૩૮૦૮૮ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. જ્યારે ૨૮૫ ઘરોમાં ફોગીંગની કામગીરી કરાઈ હતી. બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્સ, ભંગારના ડેલા, સેલર, હોલ, વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ અને સરકારી કચેરી સહિત બિનરહેણાંક હેતુની ૫૫૭ મિલકતોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે પૈકી ૨૦૯ જગ્યાએથી મચ્છરોના લારવા મળી આવતા તમામને નોટિસ આપવામાં આવી હતી. જ્યારે રહેણાંક હેતુની ૨૩૯ મિલકતોમાં મચ્છરોના લારવા મળી આવતા તેઓને પણ નોટિસ આપવામાં આવી છે. ચોમાસાની સિઝનમાં હવે વરસાદી વાતાવરણના કારણે રોગચાળો માથું ઉંચકે તેવી પણ સંભાવના જણાઈ રહી છે.

# રાજ્યના ૧૨ પ્રોબેશનલ ડેપ્યુટી કલેકટરોને અપાયા પોસ્ટિંગ

## રાજકોટ, બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, જામનગર અને કચ્છ જિલ્લાને એક-એક નવા ડેપ્યુટી કલેકટર મળ્યાઃ વંથલી મામલતદારને અપાયું ડેપ્યુટી કલેકટરનું પ્રમોશન

**અબતક, રાજકોટ**

રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા ૧૨ પ્રોબેશનલ ડેપ્યુટી કલેકટરોને પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. રાજકોટ, બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, જામનગર અને કચ્છ જિલ્લાને એક-એક નવા ડેપ્યુટી કલેકટર મળ્યા છે. આ સાથે વંથલી મામલતદારને ડેપ્યુટી કલેકટરનું પ્રમોશન આપવામાં આવ્યું છે.

લોકસભાની ચૂંટણી બાદ ગુજરાતમાં મોટાપાયે બદલીઓ થઈ રહી છે. પહેલા પોલીસ કર્મચારીઓ ત્યારબાદ અનેક જિલ્લાઓમાં નાયબ મામલતદાર અને હવે જીએએસ કેડરના અધિકારીઓનો પ્રોબેશન પિરિયડ પૂર્ણ થતાં તેઓને પોસ્ટિંગ આપવામાં આવ્યા છે.

મહેસુલ વિભાગ દ્વારા ૧૨ પ્રોબેશનલ ડેપ્યુટી કલેકટરોને પોસ્ટિંગ આપ્યા છે. જેમાં આદર્શ રાજેન્દ્ર બસેરને જામનગર સ્ટેમ્પ ડ્યુટી ડેપ્યુટી કલેકટર, મુકલ કમલેશ મહેરચંદાનીને સુરેન્દ્રનગર જિલ્લા પુરવઠા અધિકારી, નિકુંજકુમાર વિષ્ણુભાઈ પટેલને ભરૂચ સ્ટેમ્પ ડ્યુટી ડેપ્યુટી કલેક્ટર, ડો.નીતિ ચારણને ગાંધીનગર ઓ સ એ લ એ ઓ - એસએસએનએનએલ, સંધ્યાબેન અરજણભાઈ હેરમાને ભાવનગર સ્ટેમ્પ ડ્યુટી ડેપ્યુટી કલેકટર, સંજનભાઈ ગભરૂભાઈ મેરને મહેસાણા સ્ટેમ્પ ડ્યુટી ડેપ્યુટી કલેકટર, રશ્મિ જય રાજાવઢાને અરવલ્લી ડેપ્યુટી કલેકટર, ગૌતમ મહેશભાઈ લોડલિયાને દાહોદ ડેપ્યુટી કલેકટર, ડો.મેહુલકુમાર અમૃતસિંહ પંડોરને બોટાદ ડેપ્યુટી કલેકટર, શાંતિબેન વેલા ઢીલાને સુરત સ્ટેમ્પ ડ્યુટી કલેકટર, ક્રિષ્નાબેન પંકજભાઈ પટેલને રાજકોટ ગ્રામ્ય સ્ટેમ્પ ડ્યુટી ડેપ્યુટી કલેકટર, અજયકુમાર જેઠાભાઈ શામળાને મહીસાગર ડેપ્યુટી કલેકટર તરીકે પોસ્ટિંગ આપવામાં આવ્યા છે.

આ સાથે વેઈટિંગ ફોર પોસ્ટિંગ રહેલા ચિંતન વૈષ્ણવની સિપુ પ્રોજેક્ટ (પાલનપુર)માં જમીન અધિગ્રહણ અને પુનર્વસનના ડેપ્યુટી કલેક્ટર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. તો સુરત શહેર-કતારગામ મામલતદાર આર.એસ.હુંનેને બઢતી આપી ડેપ્યુટી કલેક્ટર(ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ડાયરેકટર ઓફ રિલીફ, ગાંધીનગર) બનાવવામાં આવ્યા છે. જૂનાગઢ જિલ્લાના વંથલીના મામલતદાર ડી.જે જાડેજાને પણ બઢતી આપી નર્મદા જિલ્લાના ડેપ્યુટી કલેક્ટર(સ્ટેમ્પ ડ્યુટી) બનાવવામાં આવ્યા છે.

# સરકારી-ગ્રાન્ટેડ કોલેજોમાં ફાયર સેફ્ટીના સાધનો વસાવવા માટે સૌ.યુનિ. પાંચ લાખ આપે

## જે.જે.કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય યજ્ઞેશ જોશીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને કુલપતિને લેખિત રજૂઆત કરીને માંગણી કરી

**અબતક, રાજકોટ**

ગ્રાન્ટેડ કોલેજો /સરકારી કોલેજોમાં ફાયર સેફ્ટીનાં સાધનોનો ખર્ચ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી આપવામાં આવે તે માટે જે.જે.કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્યએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને કુલપતિને લેખિત રજૂઆત કરીને માંગણી કરી છે. ફાયર સેફ્ટીના સાધનો લેવા માટે આશરે ૫ લાખ જેટલો ખર્ચ થાય છે જે સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને પરવડે તેમ નથી તેથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિકાસ ફંડમાંથી રકમ આપવા માંગણી કરી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. નીલાંબરી દવેને કરેલી રજૂઆતમાં કુંડલિયા કોલેજના આચાર્યએ કહ્યું છે કે નવા ફાયર સેફ્ટીના નિયમો મુજબ ફાયર સેફ્ટીની સિસ્ટમનો અંદાજે ૫ લાખ રૂપિયા જેવો ખર્ચ થાય છે. જે ગ્રાન્ટેડ કોલેજો અને સરકારી કોલેજમાં અને ખાસ કરીને આર્ટસ / કોમર્સ કોલેજોને પરવડે તેમ નથી. આથી આપની પાસે સ્પષ્ટ માંગણી કરીએ છીએ કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિકાસ ફંડમાંથી દરેક ગ્રાન્ટેડ કોલેજને પાંચ લાખની સહાય કરવામાં આવે જે વિદ્યાર્થીઓના સંરક્ષણ માટે જ વપરાવાના છે અને વિદ્યાર્થીઓના હિત માટે જ છે. ઉપરોક્ત બાબતે આપની કક્ષાએ યોગ્ય હકારાત્મક નિર્ણયની અપેક્ષા હોવાનું રજૂઆતમાં જણાવ્યું છે. ફાયર એનઓસી અને સેફ્ટીના જરૂરી સાધનોના અભાવે અગાઉ શાળાઓ અને કોલેજોમાં કડક કાર્યવાહી કરવામાં આવી હતી. રાજકોટની કેટલીક ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોને સીલ કરવામાં આવી હતી જો કે બાદમાં શાળાઓ અને કોલેજોને ફાયર એનઓસી અને ફાયર સેફ્ટીના સાધનો લેવા માટે સમય આપવામાં આવ્યો હતો અને સોગંધનામા કરીને શાળાઓના સીલ ખોલી દેવાયા હતા. અગાઉ ખૂદ યુનિવર્સિટી પાસે ફાયર એનઓસી અને ફાયર સેફ્ટીના સાધનોનો અભાવ જોવા મળ્યો હતો.

# અદાણી એન્ટરપ્રાઈઝની સિધ્ધીઓ જ સફળતાનો પુરાવો છેઃ ગૌતમ અદાણી

## અદાણી એન્ટરપ્રાઈઝની જનરલ બોર્ડની બેઠકમાં ગૌતમ અદાણીએ શેર હોલ્ડરોને કંપનીના સહયોગ-વિશ્વાસ બદલ આપ્યા અભિનંદન

**અબતક,રાજકોટ**

વિશ્વના ટોચના ઉદ્યોગગૃહમાં ભારતનું નામ રોશન કરનાર અદાણી એન્ટરપ્રાઈઝની મળેલી વાર્ષિક સાધારણ સભામાં ગૌતમ અદાણીએ શેર હોલ્ડરોને સંબોધન કરી જણાવ્યું હતુ કે અદાણી એન્ટરપ્રાઈઝની સિધ્ધિઓજ તેની સફળતાનો પુરાવો છે. તેમ તેમણે જણાવ્યું હતુ.

આ વર્ષ અનેક રીતે મહત્વનું સીમાચિહ્નરૂપ બની રહ્યું છે. જોગાનુજોગ તે અમારી ૩૦મી વર્ષગાંઠ છે.આથી અદાણી એન્ટરપ્રાઈઝના ૧૯૯૪માં તેના પ્રથમ આઈપીઓથી લઈને અમે જે પડકારોનો સામનો કરીને અમે જે સફળતા હાંસલ કરી છે તે સુધીની અનેરી સફર ઉપર પાછલી નજર કરવાનો અને ઉજવણી કરવાનો આ રુડો સમય છે.

મારા વિનમ્ર દષ્ટિકોણ મુજબ આપણી સિદ્ધિઓમાં આપણી સફળતાનું સાચું માપ ઓછું અને પ્રતિકૂળતાનો સામનો કરવાની આપણી ક્ષમતા વધુ છે. મારા કિસ્સામાં મેં મારી માતા પાસેથી મારા જ્ઞાનના પાઠ પ્રાપ્ત કર્યા છે. બનાસકાંઠાના કઠોર રણમાં ઉછરીને મેં ખરી તાકાત દ્રઢતામાં રહેલી છે તેવો પાઠ તેમની પાસેથી શીખ્યો છું.

આ દ્રઢ મનોબળે જ અમને દેશની સૌથી પ્રશંસનીય કંપનીઓમાંની એક બનવાનો માર્ગ કંડાર્યો છે અને પાછલા વર્ષે જ અમે અમારા દ્રઢ મનોબળનો પરિચય કરાવ્યો હતો આનાથી વધુ મજબૂત સાબિતી અગાઉ ક્યારેય દર્શાવી ન હતી.

એક વિદેશી શોર્ટ સેલર દ્વારા કરવામાં આવેલા પાયાવિહોણા આરોપોનો આપણે સામનો કરવો પડ્યો હતો જેણે અમારી દાયકાઓની મહેનત પર સવાલ ઉઠાવ્યા હતા. અમારી પ્રામાણિકતા અને પ્રતિષ્ઠા ઉપર થયેલા અભૂતપૂર્વ હુમલાનો સામનો કરીને અમે વળતો મુકાબલો કરીને એ પૂરવાર કર્યું છે કે જે પાયા ઉપર આપના જૂથની સ્થાપના કરવામાં આવી છે તેને કોઈપણ પડકાર નબળું પાડી શકે નહીં.



ટકી રહેવાની હિંમત, અમારી ક્ષમતાઓમાં વિશ્વાસ અને અમારા હેતુને સિધ્ધ કરવા માટેની પ્રતિબદ્ધતા.એવા અમારા આ ત્રણ મુખ્ય મૂલ્યો ધરાવતા પાયાઓ છે. આ મૂલ્યો સાથેની સ્થાપના ૨૦૧૨ માં કરવામાં આવી હતી અને પસાર થતા દરેક વર્ષ સાથે વધુ સુસંગત અનુકુળતા સાધવાનું ચાલુ રાખ્યું છે.

સામાન્ય શોર્ટ સેલર્સ નાણાકીય બજારોમાંથી નફો રળી લેવાને લક્ષ્ય બનાવે છે. પરંતુ આ શોર્ટ સેલરનો ઈરાદો અલગ હતો તે દ્વિપક્ષીય હુમલો હતો - અમારી નાણાકીય સ્થિતિની અસ્પષ્ટ ટીકા અને તે જ સમયે વિકૃત માહિતી ફેલાવવાની ઝુંબેશ અમોને રાજકીય સંઘર્ષનામેદાનમાં ખેંચી ગઈ. આ હુમલો અમારી ફોલો-ઓન પબ્લિક ઑફર બંધ થયાના બે દિવસ પહેલા ગણતરીપૂર્વકની ચાલબાજી હતી. પશ્ચિમના પ્રસાર માધ્યમોના એક ભાગ દ્વારા વ્યાપક રીતે અમને બદનામ કરી મહત્તમ નુકસાન કરવા અને અમારી મહેનતથી કમાયેલા બજાર મૂલ્યને નષ્ટ કરવા માટે પ્રપંચ રચવામાં આવ્યું હતું.

આ શોરબકોરને ધ્યાને લઈ ભારતના અત્યાર સુધીના સૌથી મોટા એફપીઓ દ્વારા સફળતાપૂર્વક રૂ.૨૦,૦૦૦ કરોડ એકત્ર કરવા છતાં, અમારા રોકાણકારો પ્રત્યેના અમારા સમર્પણ અને નૈતિક વ્યાપાર પ્રથાઓ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને વળગી રહીને અમે આ રકમ પરત કરવાનો અસાધારણ નિર્ણય લીધો.

આ સ્થિતિમાં જ્યાં મોટાભાગની કંપનીઓ ભાંગી પડી હશે, તે સંજોગોમાં આપણી લિક્વિડિટી આપણી સૌથી મોટી સંપત્તિ બની ગઈ છે. આપણી રોકડ અનામતને વધુ વધારવા માટે અમે વધારાના રૂ.૪૦,૦૦૦ કરોડ ઊભા કર્યા છે, જે અમારા દેવાની ચુકવણીના આગામી બે વર્ષને આરામથી આવરી લે છે. આ નિર્ણાયક કાર્યવાહી આપની કંપનીની મહાન શક્તિનો પુરાવો છે. તેણે બજારનો વિશ્વાસ પુનઃસ્થાપિત કર્યો અને આપણે માર્જિન-લિંક્ડ ફાઈનાન્સિંગમાં રૂ.૧૭,૫૦૦ કરોડની પૂર્વ ચુકવણી કરીને કોઈપણ અસ્થિરતા સામે આપણા પોર્ટફોલિયોનું રક્ષણ કર્યું છે.

વધુમાં દેવાની ચુકવણીમાં આજ સુધી ક્યારેય કોઈ પડકારોનો સામનો કરવો પડ્યો ના હોવા છતાં અમે ફક્ત છ મહિનામાં અમારું દેવું અને EBITDA રેશિયો ૨.૫૬ સુધી ઘટાડવાનું પસંદ કર્યું હતું જે હવે ૨.૨૬થી પણ નીચું છે. આ અભિગમે આપણી નાણાકીય સ્થિતિસ્થાપકતાને માત્ર મજબૂત જ કરી નથી પરંતુ ભવિષ્યના વિસ્તરણ માટે આપણા હેડરૂમમાં પણ વધારો કર્યો છે.

જ્યારે ભારતની સર્વોચ્ચ અદાલતે પગલાંને સમર્થન આપ્યું ત્યારે આ હુમલા સામેનું આપણું વલણ વધુ દ્વેષપૂર્ણ સાબિત થયું. વધુમાં કામકાજની શ્રેષ્ઠતા અને પારદર્શક જાહેરાતો પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાને માત્ર રેટિંગ એજન્સીઓ અને નિષ્ણાંત નાણાકીય સમુદાયો જ નહીં પણ GQG પાર્ટનર્સ, TotalEnergies, IHC, QIA અને યુએસ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન જેવા આદરણીય વૈશ્વિક રોકાણકારો દ્વારા પણ માન્ય કરવામાં આવી હતી. જેમણે આપણા વ્યવસાયમાં રોકાણ કરવાનું પસંદ કર્યું છે.

જે ઝંઝાવાતોએ આપણી. કસોટી કરી હતી તેણે જ આપણને વધુ શક્તિશાળી બનાવ્યા છે.

હું આપ સમક્ષ ખાવડાનું ચિત્ર પ્રસ્તુત કરું તો વિશ્વના સૌથી મુશ્કેલ રણમાં જેની ગણના થાય છે એ હવે કેટલાક સો ચોરસ કિલોમીટરમાં ફેલાયેલ વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી ઈન્સ્ટોલેશનનું ઘર બન્યું છે. પહેલેથી જ ૩,૦૦૦ મેગાવોટ સ્વચ્છ ઉર્જા ઉત્પન્ન કરી રહયો છે, આગામી પાંચ વર્ષમાં ૩૦ GW ક્ષમતા વિકસાવવાની આપણી આક્રમક સમયરેખા સાથેનું લક્ષ્ય છે. જે બેલ્જિયમ અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોને વીજળી આપવા માટે પૂરતો હશે.

આપણા માટે ખાવડા પાર્ક ટકાઉપણા પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતા અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક છે.

વધુમાં મુંબઈના ધારાવીમાં વિશ્વના સૌથી મોટા પુનઃવિકાસ પ્રોજેક્ટની કલ્પના કરો કારણ કે આગામી દાયકામાં વિશ્વની સૌથી મોટી ઝૂંપડપટ્ટીમાં આપણે આમૂલ પરિવર્તન કરીશું. આ પરિવર્તનમાત્ર તેના ૧૦ લાખથી વધુ રહેવાસીઓને જીવન જીવવાનું ગૌરવ પ્રદાન કરશે એટલું જ નહીં પરંતુ તે જ વેળા મુંબઈના આ હૃદયમાં ટકાઉ જીવન અને નવીનતાની એક બેનમૂન ઈકોસિસ્ટમનું નિર્માણ કરશે

અથવા તો ભારતીય નવીનતાનું પ્રતીક દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર UAV જે આપણા રાષ્ટ્રની સરહદોનું રક્ષણ કરતી આકાશમાં ઉડીને આગળ વધી રહી છે. આ માત્ર મશીનો નથી - તે ભારતની સુરક્ષા અને સુખાકારી માટે આપણી અતૂટ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

પરિકલ્પના કરવાની અને જટિલતાને સંભાળવાની તેમજ મુશ્કેલ પરિસ્થિતિઓમાં ખૂબ મોટા પ્રોજેક્ટને અમલમાં મૂકવાની આ ક્ષમતા એ આપણી એક અજોડ યોગ્યતા છે જેને આપણે વધુ સારી રીતે જાળવવાનું ચાલુ રાખ્યું છે. પરિણામો આપણે નાણાકીય સંખ્યામાં પ્રગટ કરીએ છીએ. ૨૦૨૩-૨૪માં આપણે અભૂતપૂર્વ સીમાચિહ્ન હાંસલ કર્યું છે અને રૂ. ૮૨,૯૧૭ કરોડનો આજ સુધીનો સૌથી વધુ EBITDA આપણે નોંધાવ્યો છે.અથવા લગભગ USD ૧૦ બિલિયન અર્થાત ૪૫% નો નોંધપાત્ર ઉછાળો હાંસલ કર્યો છે.

# મોરબીઃ ટોળ ખાતે મુનિ સંત બાલજી પુસ્તકાલયનું લોકાર્પણ કરતા સાંસદ પરસોત્તમ રૂપાલા

**અબતક, રાજકોટ**

મહાત્મા ગાંધીના મૂલ્યો-વિચારોથી પ્રેરિત, સર્વધર્મ સમભાવ ધરાવતા ક્રાંતિકારી લોકસંત અને લોકસેવક જૈન મુનિ સંતબાલજીની જન્મભૂમિ ટોળ (તા. ટંકારા, જિ. મોરબી) સ્થિત ગ્રામ પંચાયતની કચેરી ખાતે મુનિ સંતબાલજી સાર્વજનિક પુસ્તકાલયની સ્થાપના થઈ છે.



ટોળ ખાતે જન્મેલા મુનિ સંતબાલજીએ ધર્મમય સમાજ રચનારૂપે રાષ્ટ્રવાદ, શિક્ષણ, આરોગ્ય, ગ્રામ સ્વાવલંબન, સ્વરોજગારી, ખેડૂત-ગૌપાલકલક્ષી, ખાદી-ગ્રામોદ્યોગ, મહિલાઓ અને વંચિત સમાજનાં ઉત્થાનની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની જ્યોત જગાવી હતી. ૨૬ માર્ચ ૧૯૮૨ (ચૈત્ર સુદ એકમ : ગુડી પડવો, વિક્રમ સંવત ૨૦૩૮)ના રોજ મુંબઈ ખાતે નિર્વાણ પામ્યા હતા.

નવી પેઢી આપણી ગૌરવવંતી સંસ્કૃતિ-સાહિત્યની મહામૂલી વિરાસતથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્ર-ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય તે આશયથી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીની પ્રેરણા-પરિકલ્પનાથી મોરબી જિલ્લાના સહુપ્રથમ આ વિશિષ્ટ પુસ્તકાલયનું લોકાર્પણ રાજકોટ લોકસભા સાંસદ અને સંસ્કૃતિ-સાહિત્ય- સંગીત- શિક્ષણ- પ્રેમી પરશોત્તમભાઈ રૂપાલાના વરદ્-હસ્તે કરવામાં આવ્યું હતું. ગુજરાતી ભાષા-સાહિત્યના કવિતા, નવલકથા, નવલિકા, નાટક, જીવન-ચરિત્ર, ઈતિહાસ, પ્રવાસ-વર્ણન, ચિંતન, લોકસાહિત્ય જેવાં વિવિધસભર વિષયોનાં ૧૦૦૦ જેટલાં પ્રેરણાદાયી પુસ્તકોનું સુયોગ્ય ચયન કરીને અહીં મૂકાયાં છે. મેઘાણી-સાહિત્ય કોર્નર, ગુજરાતી ભાષા-સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોની ઉત્તમ કૃતિઓ તેમજ નવયુવાનો માટે સ્પર્ધાત્મક પુસ્તકો આ પુસ્તકાલયની વિશેષતા છે.

રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજ્યસભાના સાંસદ અને વાંકાનેર સ્ટેટના રાજવી કેસરીદેવસિંહ ઝાલા, પૂર્વ રાજકોટ લોકસભા સાંસદ મોહનભાઈ કુંડારીયા, મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતીયા, આર.એસ.એસ.ના પશ્ચિમ ક્ષેત્ર સંઘચાલક ડો. જયંતીભાઈ ભાડેશીયા, પિનાકી મેઘાણી, ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ, સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિતિ રહી હતી. સંસ્કૃતિ-સાહિત્ય-સંગીત સમન્વય અંતર્ગત પરશોત્તમભાઈ રૂપાલા, ડો. પંકજભાઈ ગોસ્વામી અને પિનાકી મેઘાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. લોકગાયક અભેસિંહ રાઠોડે મેઘાણી-ગીતોના હૃદયસ્પર્શી આસ્વાદ દ્વારા સહુને ડોલાવી દીધા હતા. ગ્રામજનો દ્વારા મહાનુભાવોનું ઉમળકાભેર સ્વાગત અને સામૈયું પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગ્રંથાલય નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માન્યતા-પ્રાપ્ત, અનુદાનિત તથા ટોળ ગ્રામ પંચાયત દ્વારા સંચાલિત આ પુસ્તકાલય માટે વીટુ ટેક વેન્ચર્સ પ્રા. લિ. - વિજયભાઈ શાહ, જયવંતભાઈ દેસાઈ (વાશી, નવી મુંબઈ)ના સી.એસ.આર. ફંડનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે.

# કોલેરા સંદર્ભે કોર્પોરેશન દ્વારા ગાઈડ લાઈન કરાય જાહેર

## ગંદા પાણીના ઉપયોગથી કોલેરા ફેલાય છેઃ ઉકાળેલું પાણી પીવાની સલાહ

**અબતક, રાજકોટ**

હાલ રાજ્યમાં ઘણી જગ્યાએ કોલેરાના કેસ આવી રહ્યા છે. આ માટે લોકોએ શું તકેદારી રાખવી તેના ભાગરૂપે રાજકોટ મહાપાલિકાની આરોગ્ય શાખા દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

**કોલેરા શું છે ?**

કોલેરા બેકટેરિયાથી થતી બીમારી છે. તે વિબ્રિયો કોલેરી જીવાણુના કારણે થાય છે, જે દૂષિત પાણીના કારણે ફેલાય છે. કોલેરા એક ચેપી રોગ છે જેમાં દર્દીને ઉલ્ટી અને ઝાડા થાય છે. પાણી અને પોષણના અભાવે ડિહાઈડ્રેશનની સમસ્યા પણ થઈ શકે છે. ત્યાં સુધી કે યોગ્ય સારવાર ન મળે તો દર્દીનું મોત પણ થઈ શકે છે. કોલેરા બેક્ટેરિયા મુખ્યત્વે ખરાબ ખોરાક અને ગંદા પાણીને કારણે ફેલાય છે. આવી સ્થિતિમાં, તમારે ખાસ કરીને ખોરાક અને પીવાના પાણીને સ્વચ્છ રાખવા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

**કોલેરા કેવી રીતે ફેલાય છે ?**

- કોલેરા એક બેક્ટેરિયાને કારણે થાય છે જે આપણા ખોરાક અથવા પાણી દ્વારા આપણા શરીરમાં પહોંચે છે. તે મળ, પેશાબ અને ગંદકી દ્વારા ફેલાય છે.
- કોલેરા સીફૂડ અને માછલી દ્વારા પણ ફેલાય છે.
- શાકભાજી અને સલાડને બરાબર ન ધોવામાં આવે અથવા ગંદા પાણીથી ધોવામાં આવે તો કોલેરાનો ખતરો રહે છે.
- જે વિસ્તારોમાં સ્વચ્છતાનો અભાવ છે ત્યાં કોલેરા ફેલાવાનું જોખમ વધારે છે.
- જો તમે ચેપગ્રસ્ત વ્યક્તિના મળ (ઝાડા)ના સંપર્કમાં આવો.
- જો તમે મળથી દૂષિત ખોરાક ખાઓ અથવા પાણી પીવો.
- જો તમે કાચી અથવા ઓછી રાંધેલી શેલફિશ ખાઓ.
- કોલેરા એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાતો નથી પરંતુ ચેપગ્રસ્ત વ્યક્તિના મળ સાથે સંપર્કમાં આવવાથી ફેલાય છે.

**કોલેરાના લક્ષણો શું છે ?**

કોલેરાના લક્ષણો જુદા જુદા લોકોમાં જુદા-જુદા સમયે ઉદ્ભવે છે. કેટલાક લોકોમાં, તેના લક્ષણો ચેપના થોડા કલાકો પછી જ જોવા મળે છે, જ્યારે કેટલાક લોકોમાં તે ૨-૩ દિવસ પછી પણ થઈ શકે છે. કોલેરા સામાન્ય રીતે ઝાડાનું કારણ બને છે. ઝાડા ઉપરાંત તેના અન્ય લક્ષણો નીચે મુજબ છે.

- ઉલટી થવી તેમજ હૃદયના ધબકારા વધી જવા
- મો, ગળું તેમજ આંખો શુષ્ક થઈ જવી
- બ્લડ પ્રેશર ઘટી જવું, તરસ વધારે લાગવી
- હાથ પગના સ્નાયુઓમાં દુખાવો થવો,
- ગભરામણ થવું, ઊંઘ આવવી તેમજ વધુ પડતો થાક લાગવો

આ લક્ષણો દેખાય તો તરત જ નજીકના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સરકારી હોસ્પિટલ ખાતે જઈ તબીબી સલાહ લેવી. ઈમરજન્સીમાં ૧૦૮ નો સંપર્ક કરવો.

**કોલેરાને અટકાવવાના ઉપાયો ક્યાં ક્યાં છે ?**

- આપની આસપાસ સ્વચ્છતાનું ધ્યાન રાખવું જોઈએ.
- જે લોકોને કોલેરા થયો તે લોકોએ ખાવા-પીવાની આદતમાં ફેરફાર કરીને તો કેટલાક ઘરગથ્થુ ઉપચારથી થઈ શકે છે. જેમ કે કાકડીના પાન, નારિયેળ પાણી, લીંબુ, છાશ, આદુ, ફુદીનાનો રસ, હળદર, મેથીના દાણા વગેરેનું સેવન ફાયદાકારક બની શકે છે.
- જો તમે કોલેરાથી અસરગ્રસ્ત જગ્યાએ રહેતા હોવ અથવા આવી જગ્યાએ મુસાફરી કરી રહ્યા હોવ, તો આ બાબતોનું પાલન કરો.
- ખાદ્ય ચીજોને સ્પર્શતા પહેલાં અને શૌચાલયનો ઉપયોગ કર્યા પછી સાબુ અને પાણીથી હાથ ધોવા.
- માત્ર ઉકાળેલું, શુદ્ધ કરેલું અથવા બોટલનું પાણી પીવો.
- શક્ય હોય ત્યાં સુધી શેરી પરના ફેરિયાઓ પાસેથી ખાદ્ય ચીજો લેવાનું ટાળો.
- જેમાંથી રસ ટપકતો હોય તેવા ફળ જેમ કે દ્રાક્ષ અને બેરી લેવાનું ટાળો.
- સુશી અને શેલફિશ જેવા કાચા અથવા ઓછા રાંધેલા સીફૂડ લેવાનું ટાળો.

# રાજકોટ ડિવીઝનમાં ડબલ ટ્રેકના કામને કારણે રવિવાર સુધી રેલ વ્યવહારને અસર

## અનેક ટ્રેનો રદ તથા ડાયવર્ટ કરેલા રૂટ પર દોડતી ટ્રેનો રીશેડયુલ કરાઇ

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાં આવેલા રાજકોટ-ખંઢેરી-પડધરી સેક્શનમાં ડબલ ટ્રેકના કામ માટે બ્લોક લેવામાં આવેલ છે, જેના કારણે 30 જૂન, સુધી રેલ વ્યવહાર ને અસર થશે.

જેમાં રદ કરાયેલી ટ્રેનો વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઈન્ટરસિટી ૨૪.૬ થી ૨૯.૬.૨૦૨૪ સુધી રદ, ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઈન્ટરસિટી ૨૫.૬ થી ૩૦.૦૬.૨૦૨૪ સુધી રદ, રાજકોટ-પોરબંદર એક્સપ્રેસ ૨૪.૬ થી ૩૦.૬.૨૦૨૪ સુધી રદ, પોરબંદર-રાજકોટ એક્સપ્રેસ ૨૪.૬ થી ૩૦.૬.૨૦૨૪ સુધી રદ રહેશે.

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો ટરાજકોટ-વેરાવળ લોકલ ૨૩.૬ થી ૨૯.૬.૨૦૨૪ સુધી ભકિતનગરથી વેરાવળ સુધી ચલાવવામાં આવશે. વેરાવળ-રાજકોટ લોકલ૨૩.૬ થી ૨૯.૬.૨૦૨૪ સુધી વેરાવળથી ભકિતનગર સુધી ચલાવવામાં આવશે. રાજકોટ-વેરાવળ લોકલ ૨૪.૬ થી ૩૦.૬.૨૦૨૪ સુધી ભકિતનગરથી વેરાવળ સુધી ચલાવવામાં આવશે. વેરાવળ-રાજકોટ લોકલ ૨૩.૬ થી ૨૯.૬.૨૦૨૪ સુધી વેરાવળથી ભકિતનગર સુધી ચલાવવામાં આવશે. પોરબંદર-રાજકોટ એકસપ્રેસ ૨૩.૬ થી ૨૯.૬-૨૦૨૪ સુધી પોરબંદરથી ભકિતનગર સુધી ચલાવવામાં આવશે. રાજકોટ-પોરબંદર એકસપ્રેસ ૨૩.૬ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી ભકિતનગરથી પોરબંદર સુધી ચલાવવામાં આવશે. ઓખા-રાજકોટ લોકલ૨૩.૬ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી ઓખાથી હાપા સુધી ચલાવવામાં આવશે. રાજકોટ-ઓખા લોકલ ૨૪.૬ થી ૩૦.૬.૨૦૨૪ સુધી હાપાથી ઓખા સુધી ચલાવવામાં આવશે.

૨૮.૬.૨૦૨૪ના રોજ, રાજકોટ-બરૌની સ્પેશિયલ સુરેન્દ્રનગરથી બરૌની સુધી ચલાવવામાં આવશે.

૨૭.૬.૨૦૨૪ના રોજ રાજકોટથી ચાલતી રાજકોટ-દિલ્હી સરાય રોહિલ્લા એકસપ્રેસ સુરેન્દ્રનગરથી દિલ્હી સરાય રોહિલ્લા સુધી દોડશે.

૨૮.૬.૨૦૨૪ના રોજ દિલ્હી સરાય રોહિલ્લા થી ચાલતી દિલ્હી સરાય રોહિલ્લા-રાજકોટ એક્સપ્રેસ દિલ્હી સરાય રોહિલ્લા થી વાંકાનેર સુધી દોડશે.

૨૫.૬.૨૦૨૪ ના રોજ જડચેરલાથી દોડતી જડચેરલા-રાજકોટ સ્પેશિયલ જાડચેરલાથી વાંકાનેર સુધી ચલાવવામાં આવશે.

૨૪.૬ અને ૨૫.૬.૨૦૨૪ના રોજ સિકંદરાબાદથી ચાલતી સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ સિકંદરાબાદથી વાંકાનેર સુધી દોડશે. આ રીતે ૨૬.૬.૨૦૨૪ અને ૨૭.૬.૨૦૨૪ના રોજ રાજકોટથી ચાલતી રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ વાંકાનેરથી સિકંદરાબાદ દોડશે. આ રીતે ભાવનગર-ઓખા એકસપ્રેસ ૧૦.૬ થી ૨૮.૦૬.૨૦૨૪ સુધી ભાવનગરથી સુરેન્દ્રનગર ચાલશે.

ઓખા-ભાવનગર એક્સપ્રેસ ૧૧.૬.૨૦૨૪ થી ૨૯.૬.૨૦૨૪ સુધી સુરેન્દ્રનગરથી ભાવનગર સુધી દોડશે.

૨૪.૬ અને ૨૭.૦૬.૨૦૨૪ ના રોજ, બાંદ્રા થી ચાલતી બાંદ્રા-જામનગર હમસફર એક્સપ્રેસ બાંદ્રાથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે.

૨૫.૬અને ૨૮.૬.૨૦૨૪ ના રોજજામનગર-બાંદ્રા હમસફર એક્સપ્રેસ સુરેન્દ્રનગરથી બાંદ્રા સુધી ચલાવવામાં આવશે.

વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ૯.૬ થી ૨૮.૬.૨૦૨૪ સુધી વડોદરાથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે.

'જામનગર-વડોદરા ઈન્ટરસિટી એકસપ્રેસ ૧૦.૬ થી ૨૯.૬.૨૦૨૪ સુધી સુરેન્દ્રનગરથી વડોદરા સુધી ચલાવવામાં આવશે.

ડાયવર્ટ કરેલા રૂટ પર દોડતી અને રીશેડ્યુલ કરેલ ટ્રેનોઃ

ઓખા-વેરાવળ એકસપ્રેસ ૨૫.૬ થી ૨૮. ૬.૨૦૨૪ના રોજ ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનાલુસ-વાંસજાળીયા-જેતલસર-વેરાવળ થઈને ચલાવવામાં આવશે.આ ટ્રેન ને રીશેડ્યુલકરવામાં આવેલ છે. આ ટ્રેન ઓખા થી તેના નિર્ધારિત સમય થી ૫ કલાક અને ૪૫ મિનિટ મોડી એટ્લે કે ૨.૦૦ વાગ્યે ઉપડશે.

''ટ્રેન નંબર ૧૯૨૫૧ વેરાવળ-ઓખા એકસપ્રેસને ૨૫.૬.૨૦૨૪થી ૨૮.૬.૨૦૨૪ના રોજ ડાયવર્ટ કરેલા રૂટ વાયાજેતલસર-વાંસજાળીયા-કાનાલુસ થઈને ચલાવવામાં આવશે.આ ટ્રેન ને રીશેડ્યુલકરવામાં આવેલ છે. આ ટ્રેન ઓખા થી તેના નિર્ધારિત સમય થી ૩ કલાક અને ૫૫ મિનિટ મોડી એટ્લે કે ૦૩.૦૦ વાગ્યે ઉપડશે. ઉપરાંત

રીશેડ્યુલ કરેલ ટ્રેનોઃ

વેરાવળ-જબલપુર એક્સપ્રેસને ૨૬.૬.૨૦૨૪ ના રોજ વેરાવળ ૨ કલાક ૩૦ મિનિટમોડી એટ્લે કે ૧૨.૩૫ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે.

વેરાવળ-બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસને ૨૬.૬.૨૦૨૪ના રોજ વેરાવળથી ૧ કલાક ૩૦ મિનિટમોડી એટ્લે કે ૧૩.૨૦ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે.

તિરુવનંતપુરમ-વેરાવળ એકસપ્રેસને ૨૪.૬.૨૦૨૪ના રોજતિરુવનંતપુરમથી ૬ કલાક મોડી એટલે કે ૨૧.૪૫ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે.

ઈન્દોર-વેરાવળ મહામના એક્સપ્રેસને ૨૫.૬.૨૦૨૪ના રોજ ઈન્દોરથી ૫ કલાક મોડી એટલે કે ૨૬.૬.૨૦૨૪ના રોજ ૦૩.૨૦ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે.

જબલપુર-વેરાવળ એક્સપ્રેસને ૨૫.૬.૨૦૨૪ના રોજજબલપુરથી ૪ કલાક મોડીએટલે કે ૧૮.૦૦ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે. માર્ગ માં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનો '' ૨૩. ૬.૨૦૨૪ ના રોજ શ્રી માતા વૈષ્ણો દેવી કટરાથી ચાલતી શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-જામનગર એક્સપ્રેસ માર્ગ માંઉ કલાકમોડી થશે.

# રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી પાંચ ટ્રેનના ફેરા લંબાવાયા

## રાજકોટ-જડચર્લા, રાજકોટ-બરૌની, ઓખા-મદુરાઈ, હાપા-નાહરલગુન, ઓખા-દિલ્હીના ટ્રેનના ફેરા લંબાવાયા

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ ડિવિઝન માં થી પસાર થતી ૫ જોડી સ્પેશિયલ ટ્રેનો ના ફેરા (વિશેષ ભાડા પર) લંબાવવામાં આવ્યા છે. જેમાં

રાજકોટ-જડચર્લા વીકલી સ્પેશિયલ, જે અગાઉ ૨૪ જૂન સુધી સૂચિત કરવામાં આવી હતી, તે હવે ૩૦ સપ્ટેમ્બર, સુધી લંબાવવામાં આવી છે. જડચર્લા-રાજકોટ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૫ જૂન, સુધી સૂચિત કરવામાં આવી હતી, તે હવે ૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

રાજકોટ-બરૌની સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૮ જૂન, સુધી સૂચિત કરવામાં આવી હતી, તે હવે ૨૭ સપ્ટેમ્બર, સુધી લંબાવવામાં આવી છે.

બરૌની-રાજકોટ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૩૦ જૂન, સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૨૯ સપ્ટેમ્બર, સુધી લંબાવવામાં આવી છે.

ઓખા-મદુરાઈ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૪ જૂન, સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૩૦ ડિસેમ્બર, સુધી લંબાવવામાં આવી છે. મદુરાઈ-ઓખા સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૮ જૂન, સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૦૩ જાન્યુઆરી, સુધી લંબાવવામાં આવી છે.

હાપા-નાહરલગુન સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૬ જૂન, સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૨૫ ડિસેમ્બર, સુધી લંબાવવામાં આવી છે. નાહરલગુન-હાપા સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૯મી જૂન, સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૨૮મી ડિસેમ્બર, સુધી લંબાવવામાં આવી છે.

ઓખા-દિલ્હી સરાય રોહિલા સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૫ જૂન, સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૩૧ ડિસેમ્બર, સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૫૨૪ દિલ્હી સરાઈ રોહિલ્લા-ઓખા સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૨૬મી જૂન, ૨૦૨૪ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૦૧ જાન્યુઆરી, સુધી લંબાવવામાં આવી છે.

# ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડકપનો ગેરકાયદે સ્ટ્રીમિંગ-સટ્ટાનો પર્દાફાશઃ અમદાવાદ-ઊંઝાના બેની ધરપકડ

## કૌભાંડના તાર પાકિસ્તાન અને કેનેડા સુધી આંબ્યાઃ માસ્ટર માઈન્ડ કેનેડા રહીને ચલાવતો'તો નેટવર્ક

**અબતક, રાજકોટ**

હાલ ટી-૨૦ વર્લ્ડ કપ ચાલી રહ્યો છે ત્યારે ક્રિકેટના ગેરકાયદે લાઈવ સ્ટ્રીમિંગ અને સટ્ટાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. અમદાવાદ સાયબર ક્રાઈમને ફરિયાદ મળતા જ બે આરોપીઓની ધરપકડ કરી છે જ્યારે અન્ય એક આરોપી માટે લુક આઉટ નોટિસ જાહેર કરી છે. પકડાયેલા આરોપીઓના અને કૌભાંડના તાર પાકિસ્તાન, દુબઈ અને કેનેડા સુધી જોડાયેલા છે. કેનેડામાં રહેતો માસ્ટર માઈન્ડ આ સંપૂર્ણ નેટવર્ક ચલાવતો હતો.

સમગ્ર કૌભાંડની પ્રાપ્ત વિગત અનુસાર અમદાવાદ સાયબર ક્રાઈમને એક ફરિયાદ મળી હતી. જેમાં કેટલાક શખસો ગેરકાયદે રીતે ટી-૨૦ વર્લ્ડ કપની ક્રિકેટ મેચનું સ્ટ્રીમિંગ કરીને અધિકૃત કંપનીને આર્થિક નુકસાન પહોચાડતા હોવાની માહિતી મળી હતી. સાયબર ક્રાઈમે ટેકિનકલ એનલીસિસની મદદથી આ ગુનાનો ભેદ ઉકેલી બે આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે ઊંઝાના દિવ્યાશું પટેલ અને બેન્ક એકાઉન્ટ ભાડે આપનાર આકાશ ગીરી ગોસ્વામીની ધરપકડ કરી છે.

સાયબર ક્રાઈમના ડીસીપી લવિના સિન્હાએ આ ઘટના અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, આરોપી દિવ્યાંશુ પટેલે આઈટી એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. વર્ષ ૨૦૧૧-૧૨થી તે સોફ્ટવેર ડેવલોપરનું કામ શીખ્યો હતો. છેલ્લા બે વર્ષથી પોતાના કેનેડા રહેતા મિત્ર શુભમ પટેલ સાથે મળીને અલગ-અલગ વેબસાઈટ પર પ્રોગ્રામિંગ અને સ્ટ્રીમિંગમાં કોઈ ખામી આવે તો તેને ઉકેલી આપવાનું કામ કરતો હતો. વર્ષ ૨૦૨૦માં શુભમ પટેલના કહેવાથી આરોપી દિવ્યાંગ પટેલે એસએસ૪૭.લાઈફ અને એસએસ૪૭.લાઈવ નામના ડોમેઈન પોતાના નામે ખરીદ્યા હતા.

વધુમાં તેઓએ જણાવ્યું કે, શુભમના કહેવાથી દિવ્યાંશુ અલગ-અલગ વેબસાઈટ પર ગેરકાયદેસર સ્ટ્રીમિંગ વીડિયો લઈ ભાડે રાખેલા સર્વર પર અપલોડ કરતો હતો. દિવ્યાંશુ ઉપરાંત ઊંજાનો હર્ષ પટેલ પણ આ ગુનામાં સંડોવાયેલો છે. જે પણ શુભમના કહ્યા મુજબ કામગીરી કરતો હતો અને ત્યારબાદ આગળની પ્રક્રિયા શુભમ પટેલ કેનેડાથી કરતો હતો. આ ત્રણેય આરોપીઓ ક્રિકેટની ગેરકાયદેસર સ્ટ્રીમિંગ પાકિસ્તાનના પંજાબમાં રહેતા અને ડિશ ટીવી નેટવર્કનો ધંધો કરતા અજહર અમીન પાસેથી મેળવતા હતા. જેના બદલામાં શુભમ પટેલ તેને કેનેડાથી પેમેન્ટ ચૂકવતો હતો.

આ તમામ આરોપીઓ સતત એકબીજાના સંપર્કમાં હતા. આરોપીઓ આ સર્વિસ અલગ-અલગ વેબસાઈટોને આપતા હતા. જે બાબતે ટેકનિકલ તપાસ કરતા સામે આવ્યું છે કે, આ ગેરકાયદે




સ્ટ્રીમિંગની પ્રવૃત્તિની સાથે સટ્ટાની પણ પ્રવૃત્તિ કરવામાં આવતી હતી. જેના માટે અલગ-અલગ બેન્કમાં બોગસ એકાઉન્ટ પણ ખોલવામાં આવ્યા હતા. જેમાં પૈસા જમા કરાવવામાં આવતા હતા. સાયબર ક્રાઈમે તપાસ કરતા સામે આવ્યું છે કે, ઈન્ડ્યુસન્ડ બેન્કના કર્મચારી આકાશ ગીરી ગોસ્વામી જુદા-જુદા નાગરિકોના નામે બંધન બેન્કમાં બોગસ એકાઉન્ટ ખોલાવી આરોપીઓને પ્રોવાઈડ કરતો હતો.

હાલમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે હર્ષ પટેલને પકડવા માટેમાં ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે દિવ્યાશું પાસેથી ૩ સીપીયુ, ૪ મોનિટર, ૧ લેપટોપ, આઈપેડ, રાઉટર, અને વિદેશી ડેબિટ કાર્ડ સહિત કુલ ૬૧ હજાર નો મુદ્દામાલ કબ્જે કર્યો છે .આરોપીઓ કેટલા વર્ષથી આ પ્રવૃત્તિ સાથે સંકાયેલા હતા. તે અંગે પણ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# સ્ટેટ હાઈવે પર બે નવા બ્રિજ બનાવવા રૂ.૩૯૯ કરોડનો ખર્ચ મંજુર

## બનાસ નદી ઉપર ૧૭૯ કરોડના ખર્ચે ફોર લેન અને સાબરમતી નદી પર દેરોલ ખાતે ૨૨૦ કરોડના ખર્ચે નવો ૬ લેન બ્રિજ બનશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના રોડ નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સુદ્રઢ અને વાહન યાતાયાત માટે સરળ બનાવવા ઉત્તર ગુજરાતમાં સ્ટેટ હાઈવે ૫૫ પર બે નવા બ્રિજ નિર્માણ માટે રૂ. ૩૯૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ રાજ્યમાં જૂના પુલોના - માર્ગોના પુનઃબાંધકામ, મજબૂતીકરણ અને સ્ટ્રક્ચર્સની મરામત હાથ ધરીને સમયાનુકૂલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે માર્ગ-મકાન વિભાગને દિશા-નિર્દેશો આપેલા છે.

ઉત્તર ગુજરાતમાં રાધનપુર-ચાણસ્મા રોડ - સ્ટેટ હાઈવે-૫૫ ઉપર રાધનપુર નજીક બનાસ નદી ઉપર રૂ. ૧૭૯ કરોડના અંદાજિત ખર્ચે નવો ફોર લેન બ્રિજ બનાવવા તેમણે સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

ચાણસ્માને સરહદી વિસ્તાર રાધનપુર સાથે જોડતા આ અગત્યના માર્ગ પર ગોચનાદ ગામ નજીક બનાસ નદી પર પુલ હાલ હયાત છે. આ પુલ ૧૯૬૫ના વર્ષમાં એટલે કે ૫૯ વર્ષ પહેલાં નિર્માણ થયેલો છે.

આ જૂના પુલનો લાઈફસ્પાન પૂર્ણ થઈ ગયો હોઈ, તેની સામે રોડ સેફ્ટી અને ભવિષ્યના વધતા જતા વાહન ટ્રાફિકને ધ્યાનમાં લઈને નવો ચાર માર્ગીય પુલ બનાવવાની માર્ગ-મકાન વિભાગની દરખાસ્તને મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપી છે.

આ નવો બ્રિજ હયાત પુલની બાજુમાં નિર્માણ પામશે તથા આ બ્રિજ બનતા હાલના ટ્રાફિક ભારણના બોટલનેક નિવારી શકાશે. અંદાજે ૪૦ લાખ જેટલા લોકોને પરિવહનમાં સરળતા મળતી થશે.

મહેસાણા-હિંમતનગર ફોર લેન સ્ટેટ હાઈવે-૫૫ ઉપર સાબરમતી નદી પર દેરોલ ખાતે રૂ. ૨૨૦ કરોડના અંદાજિત ખર્ચે નવા સિક્સલેન બ્રિજનું બાંધકામ હાથ ધરવામાં આવશે.

મહેસાણાને હિંમતનગર સાથે જોડતા આ અગત્યના રસ્તા પર દેરોલ ગામ નજીક સાબરમતી નદી પર અત્યારનો જે બ્રિજ કાર્યરત છે તે ૧૯૬૬માં એટલે કે ૫૮ વર્ષ પહેલાં નિર્માણ થયેલો છે.

એટલું જ નહિ, હાલ દ્વિમાર્ગીય બ્રિજ હોવાના પરિણામે ટ્રાફિકજામની વાહન વ્યવહાર પર અસર પડે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હયાતપુલનો લાઈફ સ્પાન પૂર્ણ થઈ જવા ઉપરાંત રોડ સેફ્ટી અને ટ્રાફિક પરિવહન ધ્યાને રાખીને ૬ માર્ગીય પુલ નિર્માણ માટે અનુમતિ આપી છે.

આ પુલનું નિર્માણ થતાં આસપાસના વિસ્તારના અંદાજે ૫૦ લાખ પ્રજાજનોને પરિવહન સરળતા મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સુદ્રઢ અને મજબૂત રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે માર્ગ-મકાનના વિભાગને જૂના પુલોના પુનઃબાંધકામ, માર્ગો - પુલો - નાળાઓના મજબૂતીકરણ, સ્ટ્રક્ચર્સ મરામત માટેના કામો માટે ગ્રાન્ટ ફાળવવાનો અભિગમ અપનાવ્યો છે.

આ સંદર્ભમાં અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૯ પુલોના પુનઃ બાંધકામ માટે ૧૧૩.૬૪ કરોડ, ૧૨૬ પુલ મજબૂતીકરણ માટે ૧૬૬.૭૭ કરોડ અને ૨૧૮૮ પુલો-નાળા- માર્ગોના સ્ટ્રક્ચર્સની મરામત માટે ૨૩૬૭ કરોડ રૂપિયા ફાળવેલા છે.

# રશિયામાં આંતકવાદી હુમલોઃ ચર્ચમાં ગનમેને હુમલો કરતા ૮ પોલીસના મોત

## હુમલા બાદ સિનેગોગમાં આગ લાગી હોવાના સમાચારઃ ૧૨ થી વધુ ઘાયલ

**અબતક, નવીદિલ્હી**

રશિયાના દાગેસ્તાનમાં રવિવારના હુમલામાં સામેલ પાંચ બંદૂકધારીઓ માર્યા ગયા છે, રશિયન સમાચાર એજન્સીઓએ સોમવારે રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી સમિતિને ટાંકીને અહેવાલ આપ્યો છે કે હુમલાખોરોએ દાગેસ્તાનના ઉત્તર કાકેશસ પ્રદેશમાં એક સિનાગોગ, એક ઓર્થોડોક્સ ચર્ચ અને એક પોલીસ ચોકી પર હુમલો કર્યો હતો. ઓછામાં ઓછા ૮ પોલીસ અધિકારીઓ માર્યા ગયા અને ૧૨ થી વધુ ઘાયલ થયા. હુમલા બાદ સિનેગોગમાં આગ લાગી હોવાના સમાચાર છે. અજ્ઞાત વ્યક્તિઓએ સિનાગોગ અને ચર્ચ પર સ્વયંસંચાલિત હથિયારો વડે ગોળીબાર કર્યો. એક પોલીસ અધિકારી માર્યો ગયો અને એક ઘાયલ થયો.

હુમલાખોરોએ રવિવારે દાગેસ્તાનના ઉત્તર કાકેશસ વિસ્તારમાં એક સિનેગોગ, એક ઓર્થોડોક્સ ચર્ચ અને પોલીસ ચોકીને નિશાન બનાવી હતી. ગૃહ મંત્રાલયે, રશિયન સમાચાર એજન્સીઓના અહેવાલ મુજબ, પુષ્ટિ કરી છે કે ઘટનાઓમાં બે પોલીસ અધિકારીઓ સહિત ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા હતા, જ્યારે તેર અન્ય લોકો ઘાયલ થયા હતા. ડર્બેન્ટમાં, જે તેના પ્રાચીન યહૂદી સમુદાય માટે જાણીતું છે અને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે ઓળખાય છે, હુમલાખોરોએ સિનાગોગ અને ચર્ચ પર ગોળીબાર કર્યો ત્યારે એક અધિકારી અને એક પાદરીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.


ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, અજ્ઞાત વ્યક્તિઓએ સિનાગોગ અને ચર્ચ પર સ્વયંસંચાલિત હથિયારોથી ગોળીબાર કર્યો હતો. એક પોલીસ અધિકારીનું મોત થયું હતું અને એક ઘાયલ થયો હતો.'' હુમલા પછી, સિનાગોગમાં આગની જાણ કરવામાં આવી હતી, અને અપરાધીઓ વાહનમાં ભાગી ગયા હતા.

# વ્રજ આયર્ન એન્ડ સ્ટીલ લિ.નો બુધવારે પબ્લીક ઈશ્યુ આવશે

## રૂ.૧૦ની ફેસ વેલ્યુના શેર દીઠ રૂ.૧૯૫થી રૂ.૨૦૭ નકકી કરાઈ

**અબતક,રાજકોટ**

વ્રજ આયર્ન એન્ડ સ્ટીલ લિમિટેડ (VISL or the Company) બુધવાર, ૨૬ જૂન, ના રોજ ઈક્વિટી શેર્સનો તેનો આઈપીઓ સંદર્ભે તેની બિડ/ઈશ્યૂ ખોલશે.



પ્રત્યેક રૂ. ૧૦ના ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સની કુલ ઈશ્યૂ સાઈઝ રૂ. ૧,૭૧૦ મિલિયન (રૂ. ૧૭૧ કરોડ) સુધીની છે જેમાં ફ્રેશ ઈશ્યૂ (The Fresh Issue)નો સમાવેશ થાય છે.

એન્કર ઈન્વેસ્ટર બીડિંગ તારીખ મંગળવાર, ૨૫ જૂન, ૨૦૨૪ છે. સબ્સ્ક્રીપ્શન માટે બિડ/ઈશ્યૂ શુક્રવાર, ૨૮ જૂન, ૨૦૨૪ના રોજ બંધ થશે.

ઈશ્યૂની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૯૫થી રૂ. ૨૦૭ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૭૨ શેર્સ અને તેના પછી ૭૨ શેર્સના ગુણાંકમાં કરી શકાય છે (The Price Band).

કંપની ઈશ્યૂમાંથી મળનારી રકમનો નીચે મુજબના ફંડ્સ માટે ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છેઃ (૧) બિલાસપુર પ્લાન્ટ ખાતેના ''વિસ્તરણ પ્રોજેક્ટ'' માટે અંદાજિત રૂ. ૧,૬૪૫ મિલિયન (રૂ. ૧૬૪.૫૦ કરોડ)ના મૂડી ખર્ચ અને (૨) બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુ માટે (The Object of the Issue).

બિલાસપુર પ્લાન્ટ ખાતે ''વિસ્તરણ પ્રોજેક્ટ'' માટે મૂડી ખર્ચ રૂ. ૧,૬૪૫ મિલિયન (રૂ. ૧૬૪.૫૦ કરોડ) હોવાનો અંદાજ છે. કંપનીએ પહેલેથી જ એચડીએફસી બેંક પાસેથી લોનમાંથી રૂ. ૭૦૦ મિલિયન (રૂ. ૭૦ કરોડ) મેળવ્યા છે જે આઈપીઓની ચોખ્ખી આવકમાંથી ચૂકવવાની દરખાસ્ત છે. રૂ. ૯૪૫ મિલિયન (રૂ. ૯૪.૫ કરોડ)ની બાકી રકમ માટે કંપનીએ આંતરિક ઉપાર્જનમાંથી પહેલેથી જ રૂ. ૩૨૦ મિલિયન (રૂ. ૩૨.૦૦ કરોડ) મેળવેલા છે અને આગળ આંતરિક ઉપાર્જનમાંથી રૂ. ૩૦ મિલિયન (રૂ. ૩.૦૦ કરોડ) મેળવવાની ઈચ્છા ધરાવે છે. બાકીના રૂ. ૫૯૫ મિલિયન (રૂ. ૫૯.૫ કરોડ)ને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આઈપીઓની ચોખ્ખી આવકમાંથી મેળવવામાં આવશે.

આર્યમાન ફાઈનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે.

# બસ પોર્ટમાં મુસાફર હિત રક્ષક સમિતિની રેડઃ અનેક પોલ છતી થઈ

## બસ પોર્ટમાં સેફ્ટી રેલીંગની હાલત જ મુસાફરો માટેજોખમકારકઃ ખુરશીઓ તુટેલી મળી આવી



**અબતક,રાજકોટ**

રાજ્યભરમાં નવી બસોનો લોકાર્પણ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા તત્કાલીન સમયે મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર મંત્રી અને જવાબદાર અધિકારીઓએ જણાવ્યું હતું કે મુસાફરોને આધુનિક ઈન્સ્ફાસ્ટ્રક્ચર સાથે સારી સવલતો આપવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

તેમ છતાં રાજકોટ એસ.ટી બસ પોર્ટ અને ડિવિઝનમાં ઓન ધ રોડ ચાલતી ભંગાર અને ખખડધજ તૂટેલા કાચ અને વાઈપર બંધ વાળી એસ.ટી બસો મુસાફરો માથે મોતની લટકતી તલવાર છે.

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ઉપરોક્ત આગેવાનોએ મુસાફરો માટે જનતા રેડ કરી એસ.ટી બસ પોર્ટમાં જઈ યાત્રિકોને પડતી હાલાકી અને હાડમારી અંગે જાત નિરીક્ષણ કરતા બસ પોર્ટ અને એસ.ટી બસોની પોલ ખુલી પડી હતી.

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિ અને રાજકોટના એસ.ટીના ઉચ્ચ અધિકારીઓ સાથે એસ.ટી બસ પોર્ટ ખાતે એક બેઠક યોજવામાં આવી હતી જેમાં રાજકોટ ડિવિઝનના વિભાગીય નિયામક જે.બી કરોતરાએ આગેવાનોને જણાવ્યું હતું કે વાઈપર અને તૂટેલા કાચવાળી તમામ બસો તાત્કાલિક યોગ્ય મરામત કરી ચલાવશે. બેઠકમાં બસપોર્ટમાં બેઠક વ્યવસ્થા અપૂરતી હોય ત્યારે અગાઉ મહિલા વેઈટિંગ રૂમ હતો જે હાલ ભંગાર ગોડાઉન અને ખુરશીઓ અસ્તવ્યસ્ત હોય તેની સાફસુફી કરાવી મહિલાઓ અથવા યાત્રિકોને માટે બેઠક વ્યવસ્થા ની વધુ સવલતો આપવા અંગે યોગ્ય કરવા અંગે રજૂઆત કરવામાં આવતા તે રૂમ પુનઃ મહિલાઓ કે યાત્રિકોને માટે બેઠક વ્યવસ્થા કરવા અંગેની બાહેધરી આપવામાં આવી છે

વધુમાં પ્લેટફોર્મ ની આગળના ભાગમાં જે સલામતી ગાર્ડ છે તેમાં કેટલીક રેલિંગો તૂટી ગયેલ છે આ સલામતી ગાર્ડ નહીં પરંતુ અસલામતી ગાર્ડ હોય તેવું જણાય છે. મુસાફર બસ આવતા દોડા દોડીમાં જરાક પણ ગફલતમાં રહેતો લોહી લુહાણ થઈ જાય એ પ્રકારનું રેલિંગ ગાડે છે જે રેલિંગ સત્વરે યોગ્ય કરવા સ્ટેન્ડ ઈન્ચાર્જને સૂચના આપી દેવામાં આવી છે.

# મુંદ્રાના ભદ્રેશ્વર નજીકના રંઘ બંદર પર સ્ટંટ કરવા જતા બે થાર દરિયામાં ફસાઈ

## સ્થાનિકોએ ટ્રેક્ટર વડે બંને કારને બહાર કાઢીઃ પોલીસે ગુનો નોંધ્યો

**અબતક,નવીનગીરી ગોસ્વામી, ભૂજ**



મુંદ્રાના ભદ્રેશ્વર નજીકના સંઘ બંદર પર સ્ટંટ કરવા જતા બે થાર દરિયામાં ફસાઈ ગઈ હતી. કાર ચાલકોને સ્ટંટ કરવું ભારે પડયું બે થાર દરિયામાં ફસાઈ જતા સ્થાનિકોએ ટ્રેક્ટર વડે દરિયામાંથી બહાર કાઢી આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મિડિયામાં વાયરલ થયો છે. બે થારમાંથી એક કારનું એન્જિન ફેઈલ થયું છે. બંને કાર ચાલકો વિરૂધ્ધ ગુનો નોંધી કાર ડીટેઈન કરવામાં આવી છે.


# લંડનના વડાપ્રધાન ઋષિ સુનકને વડતાલધામ દ્વિ-શતાબ્દી મહોત્સવનું આમંત્રણ પાઠવતા સંતો

## સાંળગપુર મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામી સહિતના સંતોએ ઋષિ સુનકને હનુમાનજીની પ્રતિમા અર્પણ કરી

**અબતક, રાજકોટ**

ઈંગ્લેન્ડના પ્રાઈમ મિનિસ્ટર ઋષિ સુનક કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - કેન્ટનના દર્શને ખાસ પધાર્યા હતા. હેરો વિસ્તારના લોકપ્રિય એમ.પી. બોબ બ્લેકમેન તથા હેરોના કાઉન્સેલર કાન્તિભાઈ ધનજી રાબડીયા, કાઉન્સેલર નિતેશ હિરાણી વગેરે અનેક ગણમાન્ય કાઉન્સેલરો તથા અધિકારીઓ પણ એમની સાથે હતા.

મંદિરના અગ્રણી તેમજ ભૂતપુર્વ પ્રમુખ વિશ્રામભાઈ વાગજીભાઈ, વર્તમાન પ્રમુખ સુરેશભાઈ રાબડીયા, ઉપપ્રમુખ કાનજીભાઈ કેરાઈ, સેક્રેટરી રીકીન કેરાઈ તથા કમિટી મેમ્બરોએ એમનું હાર્દિક સ્વાગત કર્યું હતું.



ઋષિ સુનકે કેન્ટનના કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરે સ્વામી માધવપ્રિયદાસજીના આશિર્વાદ પ્રાપ્ત કર્યા

આ પ્રસંગે ઉપસ્થિત ભાવિક ભકતજનોના વિશાળ સમુદાયે તાલીઓના ગડગડાટથી વડાપ્રધાન ઋષિ સુનકને વધાવ્યા હતા.

એસજીવીપીના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજી તથા વરતાલના કોઠારી ડો.સંતવલ્લભદાસજીએ ભગવાનની પ્રસાદીના હાર પહેરાવી ઋષિ સુનકને આશીર્વાદ આપ્યા હતા. બંને સંતો, મંદિરની કમિટીના સભ્યો સાથે ઋષિ સુનકે મંદિરના સુવર્ણ સિંહાસનમાં બિરાજતા ઘનશ્યામ મહારાજની આરતી ઉતારી હતી.

વડતાલના કોઠારી ડો. સંતવલ્લભદાસજીએ 'વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ'નું નિયંત્રણ સુનકજીને અર્પણ કર્યું હતું. જેનો સુનકજીએ આદરપૂર્વક સ્વીકાર કર્યો હતો.

આ પ્રસંગે આશીર્વચન આપતા સ્વામી માધવપ્રિયદાસજીએ જણાવ્યું હતું કે, આદરણીય સુનકજી ! આપ ન માત્ર ઈંગ્લેન્ડ, ભારતનું પણ ગૌરવ છો. ઈંગ્લેન્ડમાં વસતા હજારો હજાર ભારતીય ભાઈ-બહેનો આપને પ્રેમ કરે છે. આપના નેતૃત્ત્વમાં ભારત અને ગ્રેટ બ્રિટેનના સંબંધો વિશેષ સુદ્રઢ થયા છે અને ભવિષ્યમાં પણ વિશેષ સુદ્રઢ થતા રહેશે એવો અમને વિશ્વાસ છે.

વિશેષમાં સ્વામી માધવપ્રિયદાસજીએ જણાવ્યું હતું કે, આ હજારો ભારતીય ભાઈ-બહેનોએ સમજદારી અને પુરુષાર્થથી ગ્રેટબ્રિટેનના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપેલું છે. આ કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર એક અજોડ મંદિર છે. આ ભવ્ય મંદિરના બાંધકામમાં એક પણ પૈસાનો લેબર ખર્ચ થયો નથી. આ બાંધકામ આ ઉત્સાહી ભાઈ-બહેનોએ શ્રમયજ્ઞથી કરેલું છે. આ મંદિરમાં વપરાયેલું મટીરીયલ પણ દાતાઓ તરફથી દાનમાં મળેલું છે. ''સ્વામીના પ્રવચનથી પ્રભાવિત થઈને પીએમ સ્વામીને ભેટી પડ્યા હતા.



હનુમાન ચાલીશાનો પાઠ કરતી વખતે હનુમાનજીની મૂર્તિ મારી સામે રાખીશઃ ઋષિ સુનક

એમ.પી. બોબ બ્લેકમેન ભારતીય સમાજમાં ખૂબ જ લોકપ્રિય છે. તેઓને બધા બોબભાઈ કહીને બોલાવે છે. તેઓ બ્રિટીશ પાર્લામેન્ટમાં ભારતનો ખુલ્લો પક્ષ રાખે છે. એમણે મંદિરના સર્વ કાર્યકર્તાઓનો ઋષિ સુનકને પરીચય કરાવ્યો હતો અને જણાવ્યું હતું કે, 'અમને ઈંગ્લેન્ડવાસીઓને પ્રથમ હિંદુ વડાપ્રધાન મળ્યા છે, એ અમારું સદ્ભાગ્ય છે. તેઓ ઈંગ્લેન્ડના સામાન્ય સેવક તરીકે તમારા બધાની પ્રગતિ માટે સખત પરીશ્રમ કરે છે. અમારી સાથે પધારેલા હેરોના કાઉન્સીલના મેમ્બરો પણ આપની સુખાકારી અને સુરક્ષા માટે સતત મહેનત કરે છે. અમને આશા છે કે, આપનો સાથ સહકાર અમને હંમેશા મળતો રહેશે.'

વડાપ્રધાન ઋષિ સુનકે પોતાના અંતરનો અહોભાવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ મંદિરમાં આપે અમારૂં ઉષ્માભર્યું સ્વાગત કર્યું, સંતોના આશીર્વાદ પ્રાપ્ત થયા એ અમારા સદ્ભાગ્ય છે. અમે ધન્યતા અનુભવીએ છીએ. અમારો ઉછેર મંદિરના વાતાવરણમાં થયો છે. એવું લાગે છે કે, મંદિરમાં બિરાજતા ભગવાન આપણને બધાને જોઈ રહ્યા છે. આ વિસ્તારના એમ.પી. બોબ બ્લેકમેન હંમેશા હેરો મંદિરના સમુદાયની વાત અમને ગર્વથી કરતા રહે છે. અમારી કન્ઝર્વેટીવ પાર્ટી ધર્મોના મૂલ્યોને અનુસરે છે. અહીંના એમ.પી. બોબ તમારા પ્રતિનિધી છે. તમારી દરેકની સેવા કરવા માટે છે અને આપ સર્વેના સાથ સહકારથી આગળ પણ સેવા કરવાનું ચાલુ રાખશે. અમારી કન્ઝર્વેટીવ પાર્ટીના કાર્યાલયમાં બોબ બ્લેકમેન જેવા સમજદાર એમ.પી.ની ખૂબ જરૂર છે.

આ પ્રસંગે સ્વામી માધવપ્રિયદાસજી, ડો. સંત સ્વામી, સ્વામી શુકદેવદાસજી-નારવાળા તથા સારંગપુરના કોઠારી વિવેક સ્વામી વગેરે સંતોએ સારંગપુર કષ્ટભંજનદેવની સુંદર પ્રતિમા સુનકજીને અર્પણ કરી હતી. જેનો સહર્ષ સ્વીકાર કરતા સુનકજીએ કહ્યું હતું, 'હનુમાન ચાલીસાનો પાઠ કરતી વખતે આ મૂર્તિ હું મારી સામે પધરાવીશ.' શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - કેન્ટન ખાતે વડાપ્રધાન ઋષિ સુનકની આ મુલાકાત ઐતિહાસિક અને યાદગાર રહી હતી.

---

### પૂ. મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં

# સ્વથી અલગ થઇને સ્વયંને અર્પણ કરવાની ભાવના સાથે સમર્પણ દિનની ઉજવણી

## શિક્ષણદિનની ઉજવણીના ભાગરૂપે ૯૧ વર્ષના ગુરૂની સમક્ષ ૧૯ વર્ષના યુવાનોએ પોતાના પ્રશ્નોના સમાધાન મેળવ્યા

### બી.એ.પી.એસ. સ્વામીનારાયણ છાત્રાલયનાં યુવકોએ પ્રેરણાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરી

**અબતક, રાજકોટ**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણમંદિર રવિવારની પ્રભાતેસૂર્યદેવના સોનેરી પ્રકાશથી તેમજ ગોંડલ અને કચ્છ - ભુજથીપધારેલા હજારો ભકતોથી વધુ શોભાયમાન બન્યું હતું.પ.પૂ.મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજામાં ગોંડલથી૧૦ સંતો અને ૫૭૬ જેટલા ભક્તો પદયાત્રા કરીને રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણમંદિરે પધાર્યા હતા. ગોંડલથીપધારેલ બાળકો અને યુવાનોએ બેન્ડ દ્વારા મંદિરનાપ્રાંગણમાંપ.પૂ.મહંતસ્વામી મહારાજ સમક્ષ પોતાની કળા પ્રસ્તુત કરી હતી. કચ્છ અને ભૂજથી પણ૪૨૫ જેટલા હરિભકતોપ.પૂ.મહંત સ્વામી મહારાજના દર્શને પધાર્યા હતા. સ્વામીશ્રીનીપ્રાતઃપૂજામાંકચ્છના ભકતો દ્વારા શ્રીહરિનાકચ્છના પ્રસંગો સાથે કચ્છી ભાષામાં કીર્તનભક્તિ રજૂ કરવામાં આવી હતી. સાથે ગોંડલ અને ભુજ થી આવેલા હરિભકતો દ્વારા પ.પૂ.મહંતસ્વામી મહારાજ સાથે પ્રશ્નોતરી થઈ હતી જેમાંપ.પૂ.મહંતસ્વામીમહારાજે સર્વે હરિભક્તોને સત્સંગ સાચો છે એ વિશ્વાસ રાખીને દ્રઢતા રાખવી એવા આશીર્વચનપાઠવ્યા હતા.






#### ઘનશ્યામ મહારાજને કલાત્મક પુષ્પોને શણગાર

સંધ્યા રવિસભામા ૭૫૦૦ હરિભક્તો સાથે મેઘવર્ષા પણ 'સમર્પણ દિન'ને વધાવવા પધાર્યા હતા. રવિસભાની શરૂઆત મેઘનાસૂરો સાથે તાલ મિલાવતાં સંગીતજ્ઞ યુવાવૃંદ દ્વારા ધૂન, પ્રાર્થનાં અને સ્તુતિ દ્વારા થઈ અને પારાયણ પૂજન બાદ, વિચક્ષણ વિચારક એવા વક્તા સંત પૂ. આદર્શજીવન સ્વામીએ બલિરાજાના સમર્પણની ગાથા તેમજ અન્ય સમર્પિત ભક્તોના પ્રસંગો દ્વારા ભક્તોમાં સેવા સમર્પણની પ્રેરણા પાઠવી હતી.બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાની ગુરુપરંપરા અને હરિભક્તોના અનંત સમર્પણની ગાથા સમજાવતા તેઓએ જણાવેલ કે,'સર્વે હરિભક્તોએ કરેલ સમર્પણ ફક્ત અનંત ગણું થઈને પાછુ નથી આવતુ પરંતુભક્તોનાહૃદયસોનાના કરી નાખે છે.'

તથા 'પથદર્શક' મધ્યવર્તી વિચાર અંતર્ગત શિક્ષણ દિનની ભવ્યતાપૂર્વક ઉજવણી કરવામાં આવી. સાયંસભામાં આજે અનેક ભક્તોથી પ્રમુખ સ્વામી સભાગૃહ હકડેઠઠ જોવા મળ્યો. આજે બી.એ.પી.એસ.રાજકોટ છાત્રાલયના યુવકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો, જેમાં છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓના વાલીઓ તેમજ શિક્ષણ જગતના અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

છાત્રાલયના યુવકો દ્વારા 'બ્રહ્માસ્ત્ર' નામક ખૂબજ રસપ્રદ સંવાદનીપ્રસ્તુતિ કરવામાં આવી. જેમાં આજના યુવાનો કઠિન પરિસ્થિતિમાં પણ સ્થિર રહી શકે અને સત્સંગની સાથે સાથે જીવનમાં સમજણ પૂર્વકના પગલાં લઈ શકે તેવી પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. ત્યારબાદ વિશેષ સિદ્ધિ મેળવનાર યુવકોને સંતોએ બિરદાવ્યા.





---

# સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભૂમિ પૂજન અને માપણીનો કાર્યક્રમ યોજાયો





સરકાર દ્વારા વિચરતી વિમુકત જાતિ મા સમાયેલા રાવળ સમાજ ના ૧૭૪ પરિવારો ને રાજકોટ જિલ્લા ના પીપડીયા ગામ ખાતે પ્લોટ ફાળવાયા છે. આ તકે રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના હસ્તે પીપડીયા ગામ ખાતે માપણી અને ભૂમિપૂજન ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.આ તકે વિશેષ રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી, નાયબ કલેક્ટર નિશા ચોધરી, સરપંચ કાનાભાઈ , તલાટી સોનલબેન ડોબરીયા અને રેવન્યુ અને ડીએલઆર ના અધિકારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.આ આયોજન ને સફળ બનાવા સમસ્ત રાવળ સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ ના પ્રમુખ ગોપાલ બોરાણા તથા તેમની ટીમ રાજુ ભાઈ

(અનુ. આઠમા પાને)

---

### ગીર ગંગા ટ્રસ્ટ દ્વારા

# પોલીસ હેડ કવાર્ટરનું લાખાણી કોપર એલીગેન્સ સરોવર પહેલા જ વરસાદમાં છલોછલ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર ગુજરાતમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૮૦ થી વધુ ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેમાં રાજકોટ શહેરમાં સ્પીડવેલ પાટી પ્લોટની સામે ,પોલિસ હેડકવાટર ખાતે હરીશભાઈ લાખાણીના આર્થિક સહયોગથી બનેલ લાખાની સરોવર અને બાબુ લાઈમ પરિવાર તથા હરીભાઈ ચૌહાણ પરિવારના આર્થિક સહયોગથી બનેલ કોપર એલીગેન્સ સરોવર સીજન ના પેલા





જ અમૃત સમાન વરસાદ થી વિશાળ પાણી આવવાથી બને સરોવર ઓવરફલો થયેલ છે. જેનાથી આજુ બાજુ ના વીસ્તારોમાં જમીનના તળમાં ખારું ,તળું અને કડચુ પાણી નું લેવલ ૧૫૦૦ થી ૨૫૦૦ ફૂટ હોય તે ખુબજ ઝડપથી ૨૫ થી ૫૦ ફૂટે મીઠું અને શુદ્ધ પાણી ઉપર આવી જશે જેનાથી લોકો ના આરોગ્યમાં ફાયદો થશે તેમજ આર્થિક દ્રષ્ટીએ પણ ખુબ મોટો ફાયદો થાશે. સાથેસાથે પ્રકૃતિની રક્ષા થવાથી પશુ

(અનુ. આઠમા પાને)

---

# શહેર ભાજપ દ્વારા કાલે મીસાવાસીઓનું સન્માન કરાશે

## કટોકટી દિવસ અંગે ભરતભાઈ બારોટ વકતવ્ય આપશે



**અબતક,રાજકોટ**

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારીયાદીમાં જણાવ્યું હતું કે દેશની

રાજનીતિમાં તા. ૨૫ જૂન, ૧૯૭૫ એ કલંકિત અને કાળા દિવસ તરીકે ઓળખવામાં આવે છે. કોંગ્રેસના વડાપ્રધાન સ્વ.શ્રી ઈન્દિરા ગાંધીએ મંત્રીમંડળની પરવાનગી વગર તત્કાલિન રાષ્ટ્રપતિ ફખરૂદીન અલી અહમદ પાસે રાતોરાત અધ્યાદેશ પર હસ્તાક્ષર કરાવી દેશમાં કટોકટી જાહેર કરી હતી. આ કટોકટી અંતર્ગત આખાયે દેશને એક જેલખાનુ બનાવી દેવામાં આવ્યો હતો.

તા.૨૫ જૂન કટોકટી દિવસ અંતર્ગત રાજકોટ શહેરના તમામ મીસાવાસીઓનુ સન્માન ભાજપના આગેવાનો દ્વારા કરવામાં આવશે. કટોકટી દિવસ અંતર્ગત રાજકોટ મહાનગર શહેર ભાજપ કમલમ ખાતે સાંજે ૬.૦૦ કલાકે વરિષ્ટ આગેવાન અને પૂર્વ મંત્રી ભરતભાઈ બારોટનુ વકતવ્ય યોજાશે. આ વકતવ્યમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ રાજકોટના તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

કટોકટી-કાળો દિવસને કોંગ્રેસના સ્વ.ઈન્દિરા ગાંધીએ લીધેલ કટોકટીના નિર્ણયના વિરોધ માટે દર વર્ષે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે અને કરતો રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાજપના સૌરાષ્ટ્રના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, કોષાધ્યક્ષ મયુરભાઈ શાહ અને કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીએ જવાબદારી સંભાળી છે.

---

# યુવા ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ નીમીતે યોજાયો રકતદાન કેમ્પ





વોર્ડ નં. ૧, ૫, ૧૦, ૧૬ માં યોજાયો જેમાં બહોળી સંખ્યામાં રકત એકત્રિત કરાયું

**અબતક, રાજકોટ**

પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં ભાજપ યુવા મોરચા દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ નિમિતે રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ હોય, બલિદાન સાપ્તાહ અંતર્ગત તા.૨૩ જૂનના વોર્ડ નં. ૧,૫,૧૦, ૧૬ ખાતે રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા બરા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વોર્ડમાં તબકકાવાર મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ અને આ રક્તદાન કેમ્પો થકી બહોળી સંખ્યામાં રક્ત એકત્ર કરવામાં આવ્યું.

ત્યારે યુવા મોરચાના પ્રમુખ

(અનુ. આઠમા પાને)

## સ્પર્ધાત્મક પરીક્ષા સેન્ટ્રલાઈઝ કરાતા ભણતર અંધકાર તરફ!

# નીટ-નેટ-ટેટ-ટાટમાં ગેરરીતિઓએ વિદ્યાર્થીઓના ભાવિને જોખમમાં મુકયાં!

### બોર્ડની પરીક્ષાનાં કે સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં પેપર ફૂટી જાય એ સામાન્ય થઈ ગયું છે પણ 'નીટ'માં ગેરરીતિઓ થાય એ તો હદ થઈ ગઈ કહેવાય!!!


**અબતક, રાજકોટ**

દેશમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ સેન્ટ્રલાઈઝ થતા ભણતર જાણે અંધકાર તરફ થયું હોય તેમ લાગી રહ્યું છે.નીટ-નેટ-ટેટ-ટાટમાંગોટાળા, ભ્રષ્ટાચાર, ગેરરીતિઓ શરૂ થઈ ગઈ.છેલ્લાં કેટલાંક વરસોમાં બોર્ડની પરીક્ષાનાં કે સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં પેપર ફૂટી જાય એ સામાન્ય થઈ ગયું છે પણ 'નીટ'માં ગેરરીતિઓ થાય એ તો હદ થઈ ગઈ કહેવાય. 'નીટ' આપનારા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં શ્રેષ્ઠ ડોક્ટર બનવા માગતા દેશના સૌથી તેજસ્વી વિદ્યાર્થીઓ ગણાય છે ને તેમની જિંદગી સાથે રમત થાય એ અસહ્ય કહેવાય. બીજા પ્રકારની ગેરરીતિઓ પણ વ્યાપક થાય છે. ગુજરાત તો સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં પેપર ફૂટવા માટે વગોવાઈ જ ગયું છે.આવી જ એક ગેરરીતિમાં દેશની મેડિકલ કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડરગ્રેજયુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટમાં ભારે ભ્રષ્ટાચારના આક્ષેપો થયેલા. ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે સૌથી અઘરી મનાતી 'નીટ'માં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો કરીને વિદ્યાર્થીઓએ આખી પરીક્ષા જ ફરી લેવાની માગ કરી હતી. આ ભ્રષ્ટાચાર અને ગેરરીતિમાં સૌથી મોટો મુદ્દો ગ્રેસ માર્ક્સનો હતો. આવી ગેરરીતિઓએ વિદ્યાર્થીઓના ભાવીને જોખમમાં મૂક્યું છે.નીટ લેનારી કેન્દ્ર સરકારની નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે એનટીએએ ૧૫૬૩ વિદ્યાર્થીને ગ્રેસ માર્ક્સ આપ્યા તેમાંથી ૭૯૦ વિદ્યાર્થી નીટ'માં પાસ થઈ ગયા અને એમબીબીએસ સહિતના કોર્સમાં એડમિશન માટે લાયક ઠર્યા હતા. એનટીએએ આ ૭૯૦ વિદ્યાર્થીને ગ્રેસ માર્ક્સ ના આપ્યા હોત હોત 'નીટ' પાસ ના કરી શક્યા હોત.આ ગ્રેસ માર્ક્સ અને નીટ પરીક્ષામાં થયેલી ગેરરીતિઓ સામે સુપ્રીમ કોર્ટમાં કેસ થયેલો. એનટીએ કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયના તાબા હેઠળ કામ કરે છે તેથી ગ્રેસ માર્ક્સના કૌભાંડના કારણે કેન્દ્ર સરકારના મંત્રીઓ અને અધિકારીઓ ભ્રષ્ટાચારમાં સામેલ હોવાના આક્ષેપ થયેલા. આબરૂ બચાવવા માટે કેન્દ્ર દ્વારા એવી દરખાસ્ત મૂકવામાં આવી હતી કે, ગ્રેસ માર્ક્સ મેળવનાર ૧૫૬૩ ઉમેદવારોના સ્કોરકાર્ડ રદ કરવામાં આવે અને ગ્રેસ માર્ક્સ વિના સ્કોરકાર્ડ આપવામાં આવશે.કેન્દ્ર સરકાર ૧૫૬૩ વિદ્યાર્થીઓને સાવ કોરાણે મૂકીને આખી વાતનો વીંટો વાળી દેવા માગતી હતી કે જેથી આ વિવાદ પર કાયમ માટે પડદો પડી જાય પણ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે, આ ઉમેદવારોની હવે ૨૩ જૂને ફરી પરીક્ષા લેવામાં આવશે અને ૩૦ જૂન પહેલાં પરિણામ જાહેર કરવામાં આવશે કે જેથી જુલાઈમાં શરૂ થતા કાઉન્સેલિંગને અસર ન થાય. પહેલાં નક્કી કરેલી ૬ જુલાઈની તારીખથી તમામ બાળકોનું કાઉન્સેલિંગ એક સાથે થઈ શકે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રના આ પ્રસ્તાવને સ્વીકારી લીધો છે કે, પરીક્ષામાં બેસવા માંગતા ન હોય તેવા ઉમેદવારનું પરિણામ ગ્રેસ માર્ક્સ વિના જૂના સ્કોરકાર્ડના આધારે જ ગણવામાં આવશે.એનટીએ કેન્દ્ર સરકારનાં શિક્ષણ મંત્રાલયના તાબા હેઠળ આવે છે.

શિક્ષણ મંત્રાલયના અધિકારીઓ અને નેતાઓએ ભ્રષ્ટાચાર કરીને ધનિકો અને વગદારો પાસેથી નાણાં લઈને તેમનાં સંતાનોને પાસ કરાવી આપવાનો ધંધો કર્યો હોવાનું કહેવાય છે. આ ચર્ચામાં કેટલો દમ છે તેની તપાસ થવી જ જોઈએ અને જે પણ ભ્રષ્ટાચારમાં સામેલ હોય તેમને સજા પણ થવી જ જોઈએ.

### ૭૫૦ વિદ્યાર્થીઓએ નીટ-યુજીની પુનઃ આયોજીત પરીક્ષા ના આપીઃ એનટીએ

નીટ-યુજી પરીક્ષામાં ગ્રેસ માર્ક મેળવનારા ૧૫૬૩ ઉમેદવારોમાંથી ૭૫૦ ઉમેદવારોએ રવિવારે ફરીથી પરીક્ષા આપી નથી. નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ રવિવારે એક નિવદેનમાં જાણકારી આપતા કહ્યું છે કે નીટ-યુજી પરીક્ષા આપવાની હતી પરંતુ તેમાંથી ૪૮ ટકા વિદ્યાર્થીઓ ફરી પરીક્ષા આપવામાં આવ્યા ન હતા. સુપ્રિમ કોર્ટના આદેશ બાદ ગ્રેસ માર્ક આપવામાં આવેલા ૧૫૬૩ વિદ્યાર્થીઓએ રવિવારે ફરીથી પરીક્ષા આપવાની હતી. એનટીએ દ્વારા જાહેર કરોલા ટેડામાં કુલ વિદ્યાર્થીઓમાંથી ૮૧૩ વિદ્યાર્થીઓ પુનઃ પરીક્ષા માટે હાજર રહ્યા હતા. જયારે ૭૫૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. એનટીએ છતીસગઢ, ગુજરાત, હરિયાણા, મેઘાલય અને કેન્દ્ર શાસિત પ્રદેશ ચંદીગઢમાં પુનઃ પરીક્ષા માટે ૭ જેટલા કેન્દ્રો બનાવ્યા હતા.



### પીજી-નીટ છેલ્લી ઘડીએ રદ્દ થતા હજારો વિદ્યાર્થી-વાલીઓ હેરાન

મેડિકલમાં પ્રવેશ માટે લેવાયેલી નીટના વિવાદના પગલે રવિવારે સમગ્ર દેશમાં લેવાનારી પોસ્ટ ગ્રેજયુએશન નીટની પરીક્ષા પણ મોડી રાત્રે રદ્દ કરવામાં આવતા હજ્જારો વિદ્યાર્થી-વાલીઓએ ભારે હેરાનગતિ ભોગવવી પડી હતી. પીજી-નીટ આપનારા વિદ્યાર્થીઓએ જે શહેરમાં સેન્ટર આવ્યું હતું ત્યાં એક દિવસ અગાઉ પહોંચી ગયા બાદ મોડી રાત્રે અચાનક પરીક્ષા સ્થગિત કરવાની જાહેરાતના કારણે વિદ્યાર્થી-વાલીઓ આઘાતજનક સ્થિતિમાં મૂકાઇ ગયા હતા. આ સાથે જ યુજી-પીજી મેડિકલની પરીક્ષાને લઈને મેડિકલ જગતમાં ચાલતી ભારે અરાજકતાને કારણે વિદ્યાર્થીઓનું હવે શું થશે. તેની દ્વિધામાં મૂકાઇ ગયા હતા. મેડિકલનો અભ્યાસ પૂરો કર્યા બાદ પોસ્ટ ગ્રેજયુએશન મેડિકલ એટલે કે એમ.ડી.-એમ.એસ.માં પ્રવેશ માટે પીજી-નીટ લેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાંથી અંદાજે પોણા ત્રણ લાખ અને ગુજરાતમાંથી સાડા સાત હજાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેવાના હતા. જો કે, છેલ્લી ઘડીયે આ પરીક્ષા રદ્દ થતા હજ્જારો વિદ્યાર્થીઓના ભાવિ પર પ્રશ્નાર્થ મૂકાયો છે.

### NO RE-NEETના બેનરો સાથે પરીક્ષા ફરી લેવા સામે વિદ્યાર્થીઓનો વિરોધ



તસવીરઃ શૈલેષ વાડોલીયા

નીટ-યુજી પરીક્ષામાં કથિત ગેરરિતીઓને લઈને વિવિધ સ્થળોએ વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ પ્રદર્શન ચાલુ થયા છે ત્યારે રાજકોટમાં રવિવારે વિદ્યાર્થીઓએ પુનઃ પરીક્ષાને લઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે તેઓએ સખત મહેનત કરીને પરીક્ષા આપી હતી અને માર્કસ મેળવ્યા હતા. તેથી ફરીથી પરીક્ષા ન આપવી જોઈએ. જે વિદ્યાર્થીઓ ૬૦૦થી ઓછા માર્કસ મેળવ્યા છે. તેઓ ફરીથી નીટની માંગ કરી રહ્યા છે. દોઢ મહિનાના અંતરાલ પછી ફરીથી સારો સ્કોર કરવો સરળ રહેશે નહિં. આ અમારા ભવિષ્ય સાથે રમવા જેવું છે. જેના સારા માર્કસ છે. તે ફરીથી પરીક્ષા શા માટે આપે? તેમ વિદ્યાર્થીઓ જણાવ્યું હતું અને નો-રી-નીટના બેનરો સાથે વિદ્યાર્થીઓએ વિરોધ નોંધાવ્યો હતો અને કહ્યું હતું કે જે સેન્ટરમાં ગોટાળો થયો છે ત્યાં જ ફરીથી પરીક્ષા લેવાવી જોઈએ.

## નીટની પરીક્ષાની ગેરરીતિની તપાસ સીબીઆઈને સોંપતી રાજય સરકાર

### ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર. નોંધાયા બાદ સરકારનો મોટો નિર્ણય

**અબતક, રાજકોટ**

નીટ યુજી-૨૦૨૪ ની પરીક્ષામાં થયેલી ગેરરીતિની એફઆઈઆર ગોધરા પોલીસ સ્ટેશનમાં નોંધાવા બાદ રાજય સરકાર દ્વારા આ એફઆરઆઈની તપાસ સી.બી.આઇ. ને સોંપવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આગામી દિવસોમાં સીબીઆઇ દ્વારા ઝીણવટ ભરી તપાસ કરવામાં આવશે.

નીટ યુજી- ૨૦૨૪ની ગત તારીખ ૫ મે, ૨૦૨૪ના રોજ લેવાયેલી પરીક્ષામાં ગેરરીતિઓ અંગે ડાયરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન ભારત સરકાર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવેલી છે.

આ અંગેની તપાસ સી.બી.આઇ. દ્વારા કરવામાં આવી રહી છે. આ પરીક્ષામાં થયેલી ગેરરીતિ અંગેની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકમાં તારીખ ૮ મે, ૨૦૨૪ના રોજ નોંધવામાં આવી છે.

આ સમગ્ર બાબતમાં વિસ્તૃત તપાસ થઈ શકે તેવા હેતુથી ગોધરા તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલી એફઆઈઆરની તપાસ પણ રાજ્ય સરકારે સી.બી.આઇ.ને સોંપવાનો નિર્ણય કર્યો છે.

આ તપાસ દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૧૯૪૬ની કલમ-૬ અન્વયે સી.બી.આઇ.ને સોંપવામાં આવી છે. રાજ્ય સરકારના ગૃહ વિભાગે આ સંદર્ભમાં નોટિફિકેશન પણ જારી કર્યું છે.

# સેન્ટ લુસિયામાં વાદળો ઘેરાતા ઓસ્ટ્રેલિયા ટી-૨૦ વિશ્વકપમાં હારી જશે?

### ટી-૨૦ વિશ્વકપના સેમિફાઈનલની રેસમાંથી અમેરિકા, વેસ્ટ ઈન્ડિઝ "આઉટ": ગ્રુપ ૧ની ટીમ માટે સેમિફાઈનલમાં પહોંચવાની રેસ જામી



**અબતક, નવીદિલ્હી**

ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપમાં સોમવારે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) સુપર-એઈટનો જે મુકાબલો છે એમાં વરસાદ વિલન બનવાની પાકી સંભાવના છે. જો મેચ નહીં રમાય તો બન્ને ટીમને એક-એક પોઈન્ટ મળી જશે. ભારત કુલ પાંચ પોઈન્ટ સાથે સેમિમાં જશે, પરંતુ ઑસ્ટ્રેલિયાને મોટું નુકસાન થશે. એણે રનરેટ સંબંધમાં અફઘાનિસ્તાન સાથે રસાકસીમાં ઊતરવું પડશે.

ઑસ્ટ્રેલિયાએ રવિવારે અફઘાનિસ્તાન સામે પછડાટ ખાધી હોવાથી એનો ઉત્સાહ તો થોડો ઉતરી જ ગયો હશે અને એવામાં સોમવારે એણે ભારત જેવી મજબૂત અને ટ્રોફી માટે ફેવરિટ ટીમ સામે રમવાનું છે. ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતનો ઑસ્ટ્રેલિયા સામે ૩-૨નો જીત-હારનો રેશિયો હોવાથી આ રેકોર્ડને આધારે પણ ભારત સોમવારે જીતવા ફેવરિટ છે. છેલ્લે આ ટૂર્નામેન્ટના ઈતિહાસમાં આ બન્ને દેશ વચ્ચેનો મુકાબલો છેક ૨૦૧૬ના વર્લ્ડ કપમાં થયો હતો. ઑસ્ટ્રેલિયન બોલર્સ ખાસ કરીને સૂર્યકુમાર અને હાર્દિક પંડ્યા તેમ જ રિષભ પંતને કાબૂમાં રાખવાની કોશિશ કરશે. સેન્ટ લ્યૂસિયામાં ગ્રોઝ આઈલેટની પિચ બેટર્સ-ફ્રેન્ડ્લી ગણાય છે. જોકે વરસાદ પડવાની આગાહી છે.ભારતને સ્પર્ધાની બહાર કરવા ઑસ્ટ્રેલિયા તથા અફઘાનિસ્તાને પોતપોતાની બાકીની એક-એક મેચ તોતિંગ માર્જિનથી જીતવી પડે. ઉદાહરણ તરીકે, ઑસ્ટ્રેલિયા જો ભારતને સોમવારે ૪૧ રનથી હરાવે તો ભારતથી રનરેટમાં આગળ થઈ જાય અને સેમિ ફાઈનલમાં પહોંચી જાય. બીજું, મંગળવારે અફઘાનિસ્તાન જો બંગલાદેશને ઓછામાં ઓછા ૮૩ રનથી હરાવે તો અફઘાનિસ્તાન સેમિ ફાઈનલમાં જાય. જોકે ભારતનો +૨.૪૨૫નો તોતિંગ રનરેટ જોતાં આ બન્ને અથવા બેમાંથી એક સંભાવના ઓછી છે. જો સોમવારે ભારત સામે ઑસ્ટ્રેલિયા જીતે અને મંગળવારે બંગલાદેશ જો અફઘાનિસ્તાનને હરાવે તો ભારત અને ઑસ્ટ્રેલિયા સેમિમાં જાય અને અફઘાન તથા બંગલાદેશ બે-બે પોઈન્ટ પર રહી જાય. જો સોમવારે ભારત અને મંગળવારે અફઘાનિસ્તાન જીતશે તો તેઓ બન્ને સેમિમાં પહોંચશે. અફઘાને ઓસ્ટ્રેલિયાની તો બાકી બગાડી પરંતુ ભારત માટે પણ ચિંતાના વાદળો ઉભા કરી દીધા છે.

### સુપર ૮ મુકાબલામાં મેજર અપસેટઃ અફઘાને ઓસ્ટ્રેલિયાને આપ્યો ૨૧ રને પરાજય

અફઘાનિસ્તાને આઈસીસી મેન્સ ટીવર્લ્ડ કપ ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયાને ૨૧ રને હરાવીને ઐતિહાસિક પ્રદર્શન કર્યું હતું. ૨૩ જૂનના રોજ કિંગ્સટાઉનના આર્નોસ વેલ ગ્રાઉન્ડમાં રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાને જીતવા માટે ૧૪૯ રન બનાવવાના હતા, પરંતુ તેની આખી ટીમ ૧૯.૫ ઓવરમાં ૧૨૭ રન સુધી જ સિમિત રહી હતી. ઓસ્ટ્રેલિયા સામે અફઘાનિસ્તાનની જીતને કારણે સુપર ૮માં ગ્રુપ-૧નું સમીકરણ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. આ ગ્રુપની ચારેય ટીમો હજુ પણ સેમીફાઈનલની રેસમાં છે. જો કે આ ગ્રુપમાંથી માત્ર બે ટીમોને જ સેમીફાઈનલમાં જવાની તક મળશે. જો ઓસ્ટ્રેલિયાએ અફઘાનિસ્તાનને હરાવ્યું હોત તો ભારત અને ઓસ્ટ્રેલિયા બંને સેમિફાઈનલમાં પહોંચી ગયા હોત. પરંતુ આ થઈ શક્યું નહીં. અફઘાનિસ્તાનની જીતથી બાંગ્લાદેશને પણ થોડી રાહત મળી છે.



### બાંગ્લાદેશને ધોબી પછડાટ આપી ભારતે ૫૦ રને મેળવ્યો વિજય

કુલદીપ યાદવની ત્રણ વિકેટના કારણે, શનિવારે નોર્થ સાઉન્ડ, એન્ટીગુઆના સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં રમાઈ રહેલી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ૪૭મી મેચમાં ભારતે બાંગ્લાદેશને ૨૦ ઓવરમાં ૧૪૬/૮ પર રોકીને ૫૦ રનથી જીત મેળવી હતી. હાર્દિક પંડ્યાની પ્રથમ અડધી સદી અને ઋષભ પંત, શિવમ દુબે અને વિરાટ કોહલીની મદદથી ભારતે ધીમી પીચ પર ૧૯૬/૫નો સ્કોર બનાવ્યો ત્યાર બાદ બાંગ્લાદેશના કેપ્ટન નઝીમુલ શાંતોએ પ્રથમ બેટિંગ કરી હતી. આ જીત સાથે, ભારત હવે આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની સેમિફાઈનલ માટે ક્વોલિફાય થઈ ગયું છે અને બાંગ્લાદેશ રેસમાંથી બહાર થઈ ગયું છે. ભારતે બાંગ્લાદેશને ૫૦ રને પરાજય આપી ધોબી પછડાટ આપી હતી. હાર્દિક પંડ્યા ની સટાસટીએ પણ ભારતને જંગી સ્કોર ઉભો કરવા મદદ કરી હતી.





### અમેરિકા સામે ઈંગ્લેન્ડનો ૧૦ વિકેટે વિજય



ક્રિસ જોર્ડનની શાનદાર બોલિંગ બાદ જોશ બટલરના આક્રમક અણનમ ૮૩ રનની મદદથી ઈંગ્લેન્ડે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા સામે ૧૦ વિકેટે વિજય મેળવ્યો હતો. અમેરિકા ૧૮.૫ ઓવરમાં ૧૧૫ રનમાં ઓલઆઉટ થઇ ગયું હતું. જવાબમાં ઈંગ્લેન્ડે ૯.૪ ઓવરમાં વિના વિકેટે પડકાર મેળવી લીધો હતો. આ જીત સાથે ઈંગ્લેન્ડ સુપર ૮ ના ગ્રુપ ૨ માં સેમિ ફાઈનલમાં પ્રવેશ કરનાર પ્રથમ ટીમ બની ગઇ છે. બટલરે ૩૮ બોલમાં ૬ ફોર ૭ સિક્સર સાથે અણનમ ૮૩ રન અને ફિલ સોલ્ટે ૨૧ બોલમાં ૨ ફોર સાથે અણનમ ૨૫ રન બનાવ્યા હતા. ક્રિસ જોર્ડન ટી ૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં હેટ્રિક લેનાર ઈંગ્લેન્ડનો પ્રથમ બોલર બન્યો છે. ઈનિંગ્સની ૧૯મી ઓવરમાં જોર્ડન હેટ્રિક સહિત કુલ ૪ વિકેટ ઝડપી હતી. ટી ૨૦ વર્લ્ડ કપમાં હેટ્રિક લેનાર જોર્ડન આઠમો બોલર બન્યો છે. જયારે આ વર્લ્ડ કપમાં હેટ્રિક લેનાર પેટ કમિન્સ પછી તે બીજો બોલર છે.



### રસાકસીભર્યા મેચમાં વેસ્ટઈન્ડિઝને હરાવી આફ્રિકાએ ૩ વિકેટે વિજય મેળવ્યોઃ સેમિફાઈનલમાં થયું ક્વોલીફાય

ઓલરાઉન્ડ બોલિંગના દમ પર, દક્ષિણ આફ્રિકાએ સોમવારે એન્ટીગુઆના નોર્થ સાઉન્ડમાં સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં રમાયેલી તેની છેલ્લી સુપર ૮ મેચમાં વેસ્ટ ઈન્ડિઝને ૮ વિકેટે ૧૩૫ રન પર રોકી દીધું. જવાબમાં દક્ષિણ આફ્રિકાને વરસાદે રમત અટકાવી તે પહેલા આન્દ્રે રસેલની બે વિકેટ ઝડપી હતી. ૧૭ ઓવરમાં ૧૨૩ રનનો લક્ષ્યાંક સંશોધિત કરવામાં આવ્યો હતો. અગાઉ દક્ષિણ આફ્રિકાના સુકાની એડન માર્કરામે ટોસ જીત્યો હતો અને રોવમેન પોવેલની વેસ્ટ ઈન્ડિઝ સામે કોઈપણ ખચકાટ વિના પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. બંને ટીમોએ તેમની છેલ્લી મેચમાં એક-એક ફેરફાર કર્યો છે. દક્ષિણ આફ્રિકા માટે, ડાબા હાથના કાંડાના સ્પિનર તબરેઝ શમીસને ઓટનીલ બાર્ટમેનની જગ્યાએ સામેલ કરવામાં આવ્યો છે, જયારે વેસ્ટ ઈન્ડિઝ માટે, કાયલ મેયર્સ જોન્સન ચાલ્ર્સની જગ્યાએ આવ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ હારતા જ તે સેમીફાઈનલની રેસમાંથી આઉટ થઈ ગઈ છે. જયારે દક્ષિણ આફ્રિકાનું સેમિફાઈનલમાં પ્રવેશ થઈ ગયો છે.

### ૬ મહિનામાં ત્રીજીવાર ધમકીભર્યો ઈમેઈલ મળ્યો

# અમદાવાદ એરપોર્ટને ફરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## સીઆઈએસએફની ડોગ-સ્કવોડ અને બોમ્બ-સ્કવોડ દ્વારા તપાસ હાથ ધરાઈ, પણ કોઈ વાંધાજનક વસ્તુઓ ન મળી

**અબતક, ગાંધીનગર**

અમદાવાદ એરપોર્ટને ફરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ઈ-મેઈલ દ્વારા આ ધમકી મળતાં સુરક્ષા એજન્સી સતર્ક થઈ ગઈ છે અને સઘન તપાસ હાથ ધરી છે. એરપોર્ટ પરથી કોઈ વાંધાજનક વસ્તુઓ ન મળી હોવાનું સામે આવ્યું છે.

તાજેતરમાં જ વડોદરા સહિત દેશના ૧૫ જેટલાં એરપોર્ટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીભર્યો મેઈલ એરપોર્ટ ઓથોરિટીને મળ્યો હતો. એરપોર્ટ ઓથોરિટીને ધમકીભર્યો મેઈલ મળતાં એરપોર્ટ તંત્ર દોડતું થયું હતું. આ ઘટનાના ૬ દિવસ બાદ આજે અમદાવાદના એરપોર્ટને ફરી એક વખત બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. જેને પગલે અમદાવાદ એરપોર્ટ ઉપર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. સીઆઈએસએફની ડોગ-સ્કવોડ અને બોમ્બ-સ્કવોડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

ગત ૧૨ મે ૨૦૨૪ના રોજ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. કોઈ અજાણ્યા ઈ-મેઈલ આઈડી પરથી અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેને લઈને એરપોર્ટ ઓથોરિટી દ્વારા ગ્રાઉન્ડ સ્ટાફ અને એરલાઈન્સ સ્ટાફને તમામ મુસાફરોનું સઘન ચેકિંગ કરવાની કડક સૂચના આપવામાં આવી હતી.પરંતુ ચેકિંગમાં કોઈ પણ શંકાસ્પદ વસ્તુ હાથ લાગી ન હતી. તથા ઈ-મેઈલમાં પણ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો.

આ પહેલાં ડિસેમ્બર, ૨૦૨૩માં અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ પોલીસને મળતા પોલીસ દોડતી થઈ હતી. આ ધમકીભર્યા ઈ-મેઈલ બાદ પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટીમે સર્ચ-ઓપરેશન હાથ ધર્યું હતું. જો કે પ્રાથમિક તપાસમાં એરપોર્ટ પર બોમ્બ હોવાની વાત માત્ર એક અફવા હોવાનું સામે આવ્યું હતું. અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવીની ધમકી આપતો એક ઈ-મેઈલ શહેર પોલીસને મળ્યો હતો. આ ઈ-મેઈલ આવ્યા બાદ પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટીમ સાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જો કે, પ્રાથમિક તપાસમાં એરપોર્ટ પર કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. આ મામલે હવે એરપોર્ટ પોલીસે અફવાને લઈને ફરિયાદ નોંધી હતી.

આ સાથે કર્ણાટકના કલબુર્ગી એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ ધમકી પણ ઈમેલ દ્વારા મોકલવામાં આવી છે. આ ઘટનાની જાણ એરપોર્ટ ડાયરેક્ટરે સ્થાનિક પોલીસને કરી, ત્યારબાદ પોલીસ અને બોમ્બ સ્કવોડ એરપોર્ટ પર પહોંચી ગયા છે અને એરપોર્ટને સેનિટાઈઝ કરવામાં આવી રહ્યું છે.

મહત્વનું છે કે, આ પહેલા રવિવારે દિલ્હી એરપોર્ટ પર બોમ્બ ધમકીનો મેઈલ મોકલવા બદલ એક ૧૩ વર્ષના છોકરાની અટકાયત કરવામાં આવી હતી. આ અંગે પોલીસના ડેપ્યુટી કમિશનર ઉષા રંગનાનીએ જણાવ્યું કે, બાળકે મનોરંજન માટે આ મેઈલ મોકલ્યો હતો.

દેશભરના એકબાદ એક ૫૦ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા અફરાતફરી સર્જાઈ હતી. સૌપ્રથમ વડોદરા, બાદમાં પટણા અને જયપુર સહિત દેશના ૫૦ એરપોર્ટમાં બોમ્બ હોવાના ઈ-મેઈલથી સુરક્ષા એજન્સીઓ પણ એલર્ટ મોડમાં આવી ગઈ છે.

# ૪ લાખની સામે રૂ.૫.૨૨ લાખ ચૂકવી દીધા છતાં ૧૨ લાખની માંગણી કરનાર વ્યાજખોર વિરૂદ્ધ ગુનો

## માંડા ડુંગર વિસ્તારના વ્યાજંકવાદીએ દુકાનની ચાવી અને સૂચિત મકાનની ફાઈલ પડાવી લઈ પઠાણી ઉઘરાણી કર્યાની રાવ

**અબતક, રાજકોટ**

શહેરમાં વ્યાજંકવાદી દ્વારા વ્યાજની પઠાણી ઉઘરાણીમાં માનસિક ત્રાસ અને ધાક ધમકી આપી સંપત્તિ પડાવી લેવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં શહેરના સામાકાંઠા વિસ્તારમાં રહેતા અને ઈમિટેશનનું મજૂરી કામ કરતા આધેડ અને તેના મિત્રએ માંડા ડુંગર વિસ્તારના વ્યાજખોર પાસેથી માસિક ૩% વ્યાજે નાણાં લીધા બાદ મોટાભાગની રકમ ચૂકવી દીધા બાદ પણ વ્યાજખોર દ્વારા ૧૨ લાખ રૂપિયાની પઠાણી ઉઘરાણી કરાઈ હતી. વ્યાજખોરની માંગણી સંતોષવામાં નિષ્ફળ રહેલા આધેડની દુકાન પડાવી લેવા રઘવાયા થયેલા વ્યાજખોર વિરુદ્ધ આજીડેમ પોલીસે ગુનો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરના મોરબી રોડ પર સેટેલાઈટ ચોક નજીક આરાધના સોસાયટીમાં રહેતા અને પોતાના મકાનમાં જ ઈમિટેશનની મજૂરી કરતા પ્રેમજીભાઈ મનજીભાઈ કાકડિયા નામના ૫૬ વર્ષીય આધેડે આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમણે આજથી ત્રણ વર્ષ પહેલા વર્ષ ૨૦૨૧માં ઈમિટેશનના ધંધામાં રૂપિયાની જરૂરિયાત ઉભી થતાં તેમના ૨૫ વર્ષ જૂના મિત્ર અરવિંદભાઈ શંભુભાઈ લખતરીયા રહે માંડા ડુંગર, મહીકા રોડવાળા પાસેથી રૂ. ૩ લાખ માસિક ૩% લેખે વ્યાજે લીધા હતા. જે રકમ પેટે ફરિયાદી દર મહિને રૂ. ૯ હજાર વ્યાજ પેટે ચૂકવતા હતા.

વર્ષ ૨૦૨૨માં ફરિયાદીના મિત્ર ભરતભાઈ બાબુભાઈ ગજેરાને પૈસાની જરૂરિયાત ઉભી થતાં તેમણે વ્યાજખોર અરવિંદ લખતરીયા પાસેથી રૂ. ૧ લાખ અને ફરિયાદીએ પણ વધુ એક લાખની રકમ ૩% માસિક વ્યાજે લીધા હતા. જે રકમની સિક્યુરિટી પેટે ફરિયાદીએ સેટેલાઈટ ચોક નજીક આવેલ ઓમ શાંતિ સોસાયટીમાં આવેલ મકાનની ફાઈલ તેમજ ભરત ગજેરાએ ગ્રીનલેન્ડ ચોકડી નકિક ગુરૂદેવપાર્ક -૨માં આવેલ પોતાના સૂચિત મકાનની ફાઈલ જમા કરાવી હતી.

નાણાં વ્યાજે લીધા બાદ ફરિયાદીએ બે વર્ષ સુધી માસિક રૂ. ૯ હજાર લેખે ૩ લાખના રૂ. ૨.૧૬ લાખ અને રૂ. ૧ લાખના ચાર માસ સુધી રૂ. ૧૨ હજાર વ્યાજ પેટે ચૂકવ્યા હતા જયારે ભરત ગજેરાએ પણ રૂ. ૧૨ હજાર વ્યાજ પેટે ચૂકવ્યા હતા. ગત તા. ૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ફરિયાદી પાસે પૈસાની વ્યવસ્થા થતાં તેમણે વ્યાજખોર અરવિંદ લખતરીયાને રૂ. ૨ લાખ બેરરેલ ચેક મારફતે અને રૂ. ૧ લાખની રોકડ એમ કુલ ત્રણ લાખ રૂપિયા ચૂકવી નાખ્યા હતા. જે બાદ અરવિંદ લખતરીયાએ ફરિયાદીએ આપેલી મકાનની ફાઈલ પરત આપી દીધી હતી. જયારે એકાદ વર્ષ પહેલા ભરત ગજેરાએ પણ ગુગલ પેથી રૂ. ૧ લાખ ચૂકવી નાખ્યા હતા પણ ફરિયાદીએ હજુ એક લાખ રૂપિયા ચૂકવવાના બાકી હોય વ્યાજખોરે ભરત ગજેરાને તેમના સૂચિત મકાનની ફાઈલ પરત આપી ન હતી.

જે બાદ વ્યાજખોરે ફરિયાદીને ધાક ધમકી આપવાનું શરૂ કર્યું હતું. અવાર નવાર વ્યાજખોર ફોન કરી અને રૂબરૂ આવીને ફરિયાદી પાસેથી કુલ રૂ. ૧૨ લાખની માંગણી કરી રહ્યો હતો. જેના જવાબમાં ફરિયાદીએ મારે તમને હવે ખાલી એક લાખ જ આપવાના બાકી છે તેવું જણાવતા વ્યાજખોર શખ્સ ફરિયાદીના ઘરે ધસી ગયો હતો અને બેફામ ગાળા ગાળી કરવા લાગ્યો હતો. બે માસ પૂર્વે વ્યાજખોર શખ્સે ફરિયાદીના ઘરે ધસી જઈ તેમના માલિકીની સંત કબીર રોડ પર આવેલી સદગુરુ સાનિધ્ય કોમ્પ્લેક્ષ સ્થિત દુકાન નંબર ૧૦ની ચાવી પડાવી લઈ તું જ્યાં સુધી રૂ. ૧૨ લાખ નહિ આપે ત્યાં સુધી દુકાનની ચાવી મળશે નહિ તેવું જણાવ્યું હતું.

વ્યાજખોરને ત્રણ લાખ ચૂકવી આપ્યા હોવા છતાં ભરત ગજેરાની સૂચિત મકાનની ફાઈલ તેમજ ફરિયાદીની દુકાનની ચાવી પડાવી લેનાર શખ્સના અસહ્ય ત્રાસથી કંટાળી અંતે આધેડે આજીડેમ પોલીસનો સંપર્ક કર્યો હતો.

આજીડેમ પોલીસે વ્યાજખોર અરવિંદ લખતરીયા વિરુદ્ધ નાણાં ધીરધાર અધિનિયમની કલમો તેમજ ધમકી સહીતની કલમો હેઠળ ગુનો નોંધી વ્યાજખોરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગૌતમ સ્કૂલમાં યોગ દિવસ ઉજવાયો




## યોગ કાર્યક્રમમાં ભાગ લેનારા બાળકોને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરાયા

**અબતક, રાજકોટ**

ગૌતમ સ્કૂલ, કેવડાવાડી-રાજકોટ દ્વારા ૨૧મી જૂન યોગ દિવસ નિમિતે શાળામાં ''યોગ-ડે''ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. યોગ-ડેની ઉજવણીનો મંગલ પ્રારંભ શાળાના સંચાલકથી દિલીપભાઈ પંચોલીએ દીપ પ્રાગટ્ય કર્યો હતો. સ્વાગત પ્રવચન દિવ્યાબા રાણાએ કર્યું હતું તેમજ શાળાના તમામ શિક્ષકોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.

સવારનાં ૭:૦૦ વાગ્યે શાળાના પીટીના યુનિફોર્મમાં ૨૦૦થી વધુ બાળકોએ વિવિધ યોગાસનો કર્યા હતા. ફિલ્મ ગીત પર યોગના આસનો વાળું સુંદર અને કલાત્મક ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બેઠાં અને ઉભા-ઉભા કરવામાં આવતા કસરતના દાવ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ભાગ લેનારા બાળકોને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરાયા હતા. ઉજવણીની સમગ્ર વ્યવસ્થા ફરીદા અને નયનના માર્ગદર્શન મુજબ કરવામાં આવી હતી.

કાર્યક્રમનાં અંત બધાં જ બાળકોને પ્રસાદીરૂપે બિસ્કીટનાં પેકેટ આપવામાં આવ્યા હતા. આમ શાળા દ્વારા ભવ્ય રીતે યોગ-ડેની ઉજવણી કરવામાં આવી હતી.

# આંગણવાડીના હેલ્પરને પતિ અને દિયરે માર માર્યો

## પાંચ વર્ષથી અલગ રહેતી કુળવધુને ગામમાં નોકરી કેમ કરે છે, તેમ કહી પગ ભાંગી નાખ્યા

**અબતક, રાજકોટ**

''તને મારા ગામમાં નોકરી નહિ કરવા દઉ''- એમ કહી જસદણમાં માવતરે રહેતી અને ભાડલા ભંડારીયા ગામે નોકરી કરતી પરિણીતાને પતિ તથા દિયરે લોખંડ પાઈપ વડે માર મારો પગ ભાંગી નાખ્યા. રાજકોટ જિલ્લા જસદણમાં આદમજી રોડ પર રહેતા અલકાબેન રણછોડભાઈ ખટાણા નામના ૩૫ વર્ષીય પરિણીતાને ભાડલા ભંડારીયામાં આવેલી આંગણવાડીએ હતા,ત્યારે પતિ રણછોડ મેરામભાઈ ખટાણા અને દિયર કાળા મેરામભાઈ ખટાણાએ માર મારતા તેણીને પગમાં ગંભીર ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે. અલ્કાબેને પોલીસને જણાવ્યા અનુસાર,દંપતી વચ્ચે અવાર નવાર ઝઘડા થતા હોય,જેથી કંટાળીને અલ્કાબેન તેના મોટા પુત્ર અક્ષયને લઈને છેલ્લા પાંચ વર્ષથી માવતરના ઘરે જસદણ રહેતા હોય અને ભાડલા ભંડારીયામાં આવેલી આંગણવાડીમાં હેલ્પર તરીકેની ફરજ બજાવી પુત્રને અભ્યાસમાં મદદરૂપ બનતા હોય,જે વાતનો ખાર રાખી પતિ રણછોડ મેરામ ખટાણા અને દીયર કાળા મેરામ ખટાણાએ અલ્કાબેન જયારે ભાડલા ભંડારીયામાં આવેલી આંગણવાડીએ કામ પર જતા હતા ત્યારે,આંગણવાડીની નજીક તેણીનો રસ્તો રોકી,''તારે મારા ગામમાં નોકરીએ ના આવવું'',એમ કહી બંને ભાઈઓએ સાથે મળી અલ્કાબેનને લોખંડના સળિયા વડે માર મારી પગ ભાંગી નાખતા તેણીને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. અલ્કાબેનને સંતાનમાં બે પુત્રો છે અને પરિણીતાનો નાનો પુત્ર તેણીના પતિ રણછોડભાઈ સાથે રહેતો હોવાનું અલ્કાબેને પોલીસ સમક્ષ જણાવ્યું છે.મોટો પુત્ર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે જેની સંપૂર્ણ જવાબદારી પરિણીતા નોકરી કરીને નિભાવે છે.બનાવ અંગે વધુ તપાસ આદરી પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# જિલ્લાભરના મંદિરોમાંથી છતરની ચોરી કરનારો તસ્કર ઝડપાતા ૪ ગુનાનો ભેદ ઉકેલાયો

## પોલીસની પૂછપરછના આરોપીએ ૧૩ ગુના કબુલ્યા : ઢાંઢણી ગામે મંદિરમાંથી થયેલી ચોરીનો પણ ભેદ ઉકેલાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાનાં મંદિરોમાં છેલ્લા કેટલાક સમયથી છતર સહિતની વસ્તુઓની ચોરી થતી હોવાના બનાવો વધ્યા હતા. જેમાં મોટાભાગના બનાવો કુવાડવા નજીક બન્યા હતા. એટલું જ નહીં આ પૈકીની અમુક ઘટનાઓ સીસીટીવીમાં કેદ થતા તેના વીડિયો પણ સામે આવ્યા હતા. જેના આધારે કુવાડવા રોડ પોલીસે સઘન તપાસ હાથ ધરી હતી અને પોલીસે માત્ર મંદિરોમાં ચોરી કરતા આરોપી મયુરભાઈ શાંતિલાલ ગોંઢાને ઝડપી પાડ્યો છે. આરોપીની પૂછપરછમાં નાના-મોટા કદના ચાંદીના છતરો સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસની પૂછપરછમાં ૪ ગુનાનો ભેદ ઉકેલાયો હતો. તેમજ આરોપીએ કુલ ૧૩ ચોરીની કબૂલાત આપતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપી રાજકોટ શહેર-જિલ્લા વિસ્તારમાં આવેલા મંદિરોમાં દિવસના એવા સમયગાળા દરમિયાન કે જ્યારે મંદિરમાં લોકો દર્શન કરવા આવતા ન હોય. આવા સમયે દિવસ દરમિયાન મંદિરમા દર્શન કરવાનાં દેખાવ સાથે તે મંદિરમાં જતો હતો. બાદમાં એકલતાનો લાભ ઉઠાવી મંદિરમાં ભગવાન માતાજીની મુર્તિઓ ઉપર ચડાવેલા ચાંદીના નાના મોટા છતરોની ચોરી કરીને જતો રહેતો હતો.

રાજકોટનાં મંદિરોમાં છેલ્લા કેટલાક સમયથી છતર સહિતની વસ્તુઓની ચોરી થતી હોવાના બનાવો વધ્યા હતા. જેમાં મોટાભાગના બનાવો કુવાડવા નજીક બન્યા હતા. એટલું જ નહીં આ પૈકીની અમુક ઘટનાઓ સીસીટીવીમાં કેદ થતા તેના વીડિયો પણ સામે આવ્યા હતા. જેના આધારે કુવાડવા રોડ પોલીસે સઘન તપાસ હાથ ધરી હતી અને પોલીસે માત્ર મંદિરોમાં ચોરી કરતા આરોપી મયુરભાઈ શાંતિલાલ ગોંઢાને ઝડપી પાડ્યો છે. આરોપીની પૂછપરછમાં જુદા-જુદા ૪ મંદિરોમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો છે. જ્યારે આરોપીએ ૧૩ ગુના કબુલતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. રાજકોટ શહેર કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના ડ્ઈની દેખરેખમાં મંદિરમા થયેલી ચોરીઓ બાબતે દાખલ થયેલી જુદા-જુદા ગુનાઓની તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં અલગ અલગ ટીમો બનાવી ચોરીઓનુ ડીટેશન કરવામાં આવી રહ્યું હતું. જેમાં સીસીટીવી કેમેરા, ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સીસનો ઉપયોગ કરી આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન ચોક્કસ બાતમીનાં આધારે પોલીસે જામનગર બાયપાસ રોડ માલીયાસણ ચોકડી ખાતેથી મયુરભાઈ શાંતિલાલ ગોંઢા નામના શખસને નાના-મોટા કદના ચાંદીના છતરો સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

### ૪ અલગ અલગ છતરની ચોરીના ગુનાના ભેદ ઉકેલાયા

આરોપી મયુરભાઈ શાંતિલાલ ગોંઢા દ્વારા આપવામાં આવેલી કબૂલાતમાં જુદા-જુદા ૪ ગુનાના ભેદ ઉકેલાયા છે. જેમાં બેડી ગામના બે મુખવાળા મેલડી માતાજીના મંદિરની ચોરી, બેડી ગામના મોમાઈ માતાજીના મંદિરમાં થયેલી ચોરી તેમજ નવાગામ સ્મશાન નજીક ખોડિયાર માતાજીના મંદિરમાંથી થયેલી ચોરીના ગુનાઓ કુવાડવા પોલીસમાં નોંધાયેલા છે. જ્યારે ઢાંઢણી ગામના મોગલ માતાના મંદિરમાં થયેલી ચોરીનો ગુનો આજીડેમ પોલીસ મથકમાં નોંધાઈ ચૂક્યો છે. હાલ પોલીસે આરોપી પાસેથી કુલ ૪૩,૮૮૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. જોકે મંદિરોમાં ચોરી કરનારા આ શખ્સ સામે લોકો ફિટકાર વરસાવી રહ્યા છે.

### આરોપીએ આપેલી કબુલાત

- આજથી પાંચેક મહિના પહેલા તારીખ યાદ નથી, પરંતુ ફેબ્રુઆરી મહિનામાં પહેલા રાજકોટ માર્કેટ યાર્ડમાં આવેલા ખાડાવાળા મલેડીમાના મંદિરેથી નાના મોટા ચાંદીના છતરની ચોરી કરી હતી.
- ત્રંબાગામે મહાદેવ અને સતીમાના મંદિરમાંથી ચાંદીના છતરની ચોરી કરી, તે જ દિવસે ઢાંઢણી ગામે મોગલ માના મંદીરેથી મોટા છતરની ચોરી કરી હતી.
- નવાગામ દિવેલીયા પરમાં આવેલા ખોડીયાર મંદીરેથી ચાર ચાંદીના છતરની ચોરી કરી હતી.
- નવાગામ દિવેલીયા પરમાં આવેલા ખોડીયાર મંદીરેથી ચાર ચાંદીના છતરની ચોરી કરી હતી.
- સરધાર ગામે મોમાઈ માતાના મંદિરમાંથી એક ચાંદીના છતરની ચોરી કરી હતી.
- મોરબી રોડ પર આવેલા મીતાણા ગામે મેલડી માતાના મંદિરેથી નાના મોટા જથી ૫ ચાંદીના છતરની ચોરી કરી હતી.
- બેડી ગામે મેલડી માતાના મંદીરેથી નાના મોટા ચાંદીના છતરની ચોરી કરી હતી.
- ગોંડલ રોડ ઉપર આવેલા ટોલનાકા પાસે રવેચી માતા અને ગાત્રાળા માતાના મંદીરમાંથી ત્રણ ચાંદીના છતરની ચોરી કરી હતી.
- હરીપર પાળ ગામે એક મંદિરમાંથી ચાંદીના છતરની ચોરી કરી હતી.
- પારડી ગામે હનુમાનજી મંદિર, શની મહારાજના મંદિર અને મેલડી માના મંદિરમાંથી નાના મોટા બે છતરની ચોરી કરી હતી. - પાળ ગામે જખરાપીરના મંદીરમાંથી ચાંદીના ત્રણ છતરની ચોરી કરી હતી.
- આજીડેમના કાંઠે મોગલા માના મંદીરેથી યાંદીના એક છતરની ચોરી કરી હતી. - બેડી ગામે ગયેલા અને અગાઉ મેલડી માના મંદીરે ચોરી કરી, તેની નજીકમાં સરધારીયા પરમારના માતાજીના મઢમાંથી એક ચાંદીના મોટા છતરની ચોરી કરી હતી. - સડક પીપળીયા ગામે સુરાપુરાના મંદીરમાંથી નાના યાંદીના છતરની ચોરી કરી હતી

# નર્સને પ્રેમજાળમાં ફસાવી વાંકાનેર પંથકના વિધર્મીએ દુષ્કર્મ આચર્યું

## સાથે નોકરી કરતી યુવતી સાથે પરિચય કેળવી પરિણીત શખ્સે લગ્નની લાલચ આપી અમદાવાદમાં મરજી વિરુદ્ધ આચર્યું કૃત્ય

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધુ એક દુષ્કર્મની ઘટના બનવા પામી છે. શહેરના રૈયા રોડ પર રહેતી નર્સને સહકર્મી વિધર્મી શખ્સે વારંવાર ફોન કરીને પોતાની સાથે સંબંધ રાખવા દબાણ કરીને લગ્નની લાલચ આપી, અમદાવાદ ખાતે બોલાવી મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યાની ફરિયાદ યુનિવર્સીટી પોલીસ મથકમાં નોંધાઈ છે. યુવતીની ફરિયાદ પરથી વાંકાનેરના વિધર્મી શખ્સ વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૭૬ હેઠળ ગુનો નોંધી પોલીસે વિધર્મી શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ભોગ બનનારી યુવતીએ યુનિવર્સીટી પોલીસ મથકમાં કરેલી ફરિયાદ અનુસાર તેઓ પોતે એક ખાનગી હોસ્પિટલમાં નર્સીંગ કર્મચારી તરીકે નોકરી કરતા હતા.

ત્યારે મૂળ વાંકાનેર તાલુકાના કાનપર ગામના વતની અર્ષદ ઈલિયાસ સેરસિયા સાથે પરિચય થયો હતો. બંને એક જ હોસ્પિટલમાં નોકરી કરતા હોય બંને વચ્ચે પરિચય વધ્યો હતો અને વિધર્મી શખ્સે નર્સના મોબાઈલ નંબર મેળવી લીધા હતા. મોબાઈલ નંબર મેળવીને પરિણીત વિધર્મી શખ્સે મોબાઈલ નંબર મેળવ્યા બાદ નર્સને વારંવાર ફોન કરી પોતાની સાથે સંબંધ રાખવા દબાણ શરૂ કર્યું હતું. વિધર્મી શખ્સે યુવતીના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ ડઘાઈ ગયેલી યુવતીને વિધર્મી શખ્સે લગ્નની લાલચ આપી હતી અને પીડિતાને લગ્નની લાલચ આપી વિધર્મી શખ્સ અમદાવાદ ખાતે લઈ ગયો હતો. ત્યારે લગ્ન માટે અમદાવાદ ગયેલી યુવતી સાથે અગાઉથી જ પરિણીત વિધર્મી શખ્સે લગ્ન નહિ કરીને મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યા હતા. મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરીને વિધર્મી શખ્સે પીડિતાને તરછોડી દેતાં પીડિતાએ યુનિવર્સીટી પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી.

યુનિવર્સીટી પોલીસે અર્ષદ ઈલિયાસ સેરસિયા નામના ૨૩ વર્ષીય પરિણીત વિધર્મી શખ્સ વિરુદ્ધ આઈપીસી ૩૭૬, ૫૦૪,૫૦૬(૨) સહીતની કલમો હેઠળ ગુનો નોંધી વિધર્મી શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## તબીબે લખણ ઝળકાવ્યા : મહિલા તબીબના મોબાઈલ નંબર સાથે બસ સ્ટેન્ડના બાથરૂમમાં બિભત્સ લખાણ લખ્યું

રાજકોટમાં રહેતા અને બાબરા આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડોક્ટરે માનસિક વિકૃતિ ઠાલવી હતી, ડોક્ટરે તેની સાથી મહિલા ડોક્ટરના મોબાઈલ નંબર સાથેના બીભત્સ લખાણ બસ સ્ટેશનના બાથરૂમની દીવાલો પર લખ્યા હતા, પોલીસે ગુનો નોંધી ડોક્ટરને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા હતા. ૩૩ વર્ષીય પરિણીત મહિલા ડોક્ટરે રાજકોટ એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટમાં રહેતા અને બાબરા આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતાં ડો.ધ્રુમન ગાંધીનું નામ આપ્યું હતું. મહિલા ડોક્ટરે ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ગત તા.૬ના તેમના ડોક્ટરોના સોશિયલ મીડિયા ગ્રૂપમાં બાળકોને ધનુરની રસી આપવા અંગેની માહિતી જિલ્લાતંત્ર દ્વારા માગવામાં આવી હતી, ડો.ધ્રુમન ગાંધી સરકારી લેપટોપ ધરાવતા હોય તેમજ તેમણે આ માહિતી મોકલવાની હોવાથી મહિલા તબીબે સોશિયલ મીડિયા ગ્રૂપમાં ડો.ગાંધીને મેસેજ મોકલી માહિતી સબમીટ કરવા કહ્યુ હતું. ડો.ધ્રુમન ગાંધીએ સોશિયલ મીડિયામાં પ્રત્યુર આપ્યો નહી હોવાથી મહિલા તબીબે ડો.ગાંધીને એ ગ્રૂપમાંથી રીમૂવ કર્યા હતા. ત્યારબાદ ગત તા.૧૩થી મહિલા તબીબના મોબાઈલ પર અલગ અલગ નંબરમાથી બીભત્સ મેસેજ આવવાનુ શરૂ થયું હતું, અલગ અલગ નંબરથી આવા મેસેજનો મારો શરૂ થતાં મહિલા ડોક્ટરને શંકા ઉપજી હતી અને તેમણે આવેલા મેસેજ પૈકીના એક મોબાઈલ નંબર પર ફોન કરી તેમને મહિલા તબીબનો નંબર ક્યાંથી મળ્યો તેવું પૂછતાં તે વ્યકિતએ રાજકોટ બસ સ્ટેશનના બાથરૂમની દીવાલો પર આ મોબાઈલ નંબર અને બીભત્સ લખાણ લખાયાનું કહ્યુ હતું. આ વાત સાંભળી મહિલા તબીબ ચોંકી ગયા હતા અને તેમણે તેમના ભાઈને રાજકોટ બસ સ્ટેશનના બાથરૂમની દીવાલે જઈને આ વાતની ખરાઈ કરવાનું કહેતા તેમના ભાઈએ ત્યાં જઈ દીવાલો પર લખેલા લખાણના ફોટા પાડી મોકલ્યા હતા, દીવાલ પર મહિલા ડોક્ટરના નામ સાથે લખાયેલા બીભત્સ લખાણના અક્ષર ડો.ધ્રુમન ગાંધીના હોવાનું મહિલા તબીબે ઓળખી કાઢ્યું હતુ અને ડો.ધ્રુમન ગાંધીને સોશિયલ મીડિયામાંથી રીમુવ કરાતા તેનો ખાર રાખી તેમણે આ કૃત્ય કર્યાનું સ્પષ્ટ થતાં મહિલા ડોક્ટરે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી ડો.ધ્રુમીન ગાંધીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# રાજકોટમાં સવારે વધુ પોણો ઇંચ વરસાદઃ મેઘાવી માહોલ

## પ્રથમ વરસાદે જ કોર્પોરેશનની કહેવાતી પ્રિ-મોનસુન કામગીરીની પોલ ખોલી નાંખીઃ અનેક વિસ્તારોમાં પાણી ભરાયાઃ સિટી બસ અને સ્કુલ બસ ફસાયઃ બે સ્થળે વૃક્ષો ધરાશાયી






તસવીરઃ શૈલેષ વાડોલિયા



**અબતક, રાજકોટ**

રાજકોટમાં આજે સવારે અડધી કલાકમાં ધોધમાર પોણો ઇંચ વરસાદ વરસી ગયો હતો. વાતાવરણ હજી એક રસ છે. મેઘરાજા ગમે ત્યારે મન મૂકીને વરસી પડે તેવું મેઘાવી વાતાવરણ જોવા મળી રહ્યું છે. ચોમાસાની સિઝનમાં પ્રથમ સામાન્ય વરસાદે કોર્પોરેશનની કહેવાતી પ્રિ-મોનસુન કામગીરીની પોલ ખોલી નાંખી છે. બે દિવસમાં પોણા બે ઇંચ વરસાદ વરસી ગયો છે.



રવિવારે સવારથી રાજયભરમાં મેઘાવી માહોલ જામ્યો હતો. સાંજની સુમારે રાજકોટમાં મેઘરાજાની પાવનકારી પધરામણી થવા પામી હતી. ગાજવીજ સાથે વરસાદ પડવાનું શરુ થયું હતું. શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૨૧ મીમી, વેસ્ટ ઝોન વિસ્તારમાં ૨૧ મીમી, અને ઈસ્ટ ઝોન વિસ્તારમાં ૨૦ મીમી, વરસાદ વરસી ગયો હતો. માત્ર એક ઇંચ વરસાદે પણ કોર્પોરેશનની કહેવાતી પ્રિ-મોનસુન કામગીરીની પોલ ખોલી નાંખી હતી. શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર મવડી, નાનામવા, રૈયા ટેલીફોન એકસચેન્જ, રૈયા ચોકડી, રામાપીર ચોકડી સહીતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. બીઆરપીએસ રૂટની બન્ને બાજુની સોસાયટીમાં ગોઠણ ડુબ પાણી ભરાયા હતા. ઓટલાઓ પાણીમાં ડુબી ગયા હતા બે ઇલેકટ્રીક બસ પાણીમાં ફસાતા બંધ પડી જવા પામી હતી. શહેરના કાલાવડ રોડ પર કોટેચા ચોક નજીક કૈલાસનગર અને ૧૫૦ ફુટ રીંગ રોડ પર રામાપીર ચોકડીએ ફાયર સ્ટેશન પાસે વૃક્ષો ધરાશાયી થઇ જવા પામ્યા હતા.

આજે સવારે રાજકોટમાં ફરી મેઘાના મંડાણ થયા હતા સવારે ૬ વાગ્યે ધોધમાર વરસાદ પડયો હતો માત્ર અડધલ કલાકમાં શહેરના સેન્ટ્રલ ઝોનમાં ૧૮ મીમી, વેસ્ટ ઝોનમાં ૧૫ મીમી, અને ઈસ્ટ ઝોનમાં ૧૯ મીમી વરસાદ વરસી ગયો હતો. શહેરના દોશી હોસ્પિટલ રોડ પર સવારના સમયે

(અનુ. આઠમા પાને)


# સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં મેઘ મલ્હાર

## ચોમાસાના આગોતરાનો અણસાર પામીને વાવણી કરનાર સાહસિક ખેડૂતોને લાભથી ભીંજવતો મેઘોઃ સવારથી મોટાભાગના વિસ્તારોમાં વરસાદ









**અબતક રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં બે દિવસથી જામેલા ચોમાસાના વાતાવરણ વચ્ચે આવેલા વરસાદથી ચોમાસાના આગોતરા અણસારને પામીને વાવણી કરનાર સાહસિક ખેડૂતોને લોટરી લાગી હોય તેમ કપાસ મગફળી દિવેલા સહિતના વાવેતર ને કુદરતની ભેટ મળી હોય તેમ મોસમના પ્રથમ વરસાદ જેવા મેઘરાજાની પધરામણીએ કાચું સોનું વરસાવ્યું છે સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદ આવતા ચોમાસાનું વાતાવરણ બંધાયું છે

રાજકોટ શહેર સહિત સમગ્ર પંથકમાં ગઈકાલે બપોર થીજ એકાએક વાતાવરણમાં અલ્ટો આવ્યો હતો અને રાજકોટ શહેર તેમજ સમગ્ર જિલ્લાના તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદના રાઉન્ડે ચોમાસાના પ્રથમ વરસાદનું મુહૂર્ત સાચવ્યું હોય તેમ વરસાદથી નદીનાળામાં પાણી વહેતા થઈ ગયા હતા

**અમરેલી**

અમરેલી જિલ્લામાં ગઈકાલ બપોરથી જ વરસાદ શરૂ થયો હતો બાબરા શહેરમાં વરસાદનું જોર દેખાવા પામ્યું હતું બાબરા શહેર તથા આસપાસના ગામો લીલવડા કોટડા પીઠા વાવડા કલોરાણા ખાખરીયા બાબરા શહેર કલોરાણા માં દૂરથી બે ઇંચ વરસાદ પડતા તળાવમાં નવા પાણીની આવક થઈ હતી આસપાસના ગામોમાં સારો વરસાદ થતાં ધરતીપુત્રો માં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો, અત્યારે વાવણીનો સમય ચાલી રહ્યો છે ત્યારે વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાય છે રાજુલા શહેર સહિત સમગ્ર વિસ્તારમાં

(અનુ. આઠમા પાને)

# ઉપલેટામાં કોલેરાથી ૪ બાળકોના મોત બાદ તંત્ર એલર્ટઃ ખાસ તપાસ કમિટી રચતા કલેકટર

## ધોરાજી પ્રાંતની અધ્યક્ષતામાં બનેલી કમિટી ફેકટરી અને તેની આસપાસના પાણી, ઠંડા પીણા સહિતની વસ્તુઓની તપાસ કરી કોલેરા વકરે નહિ તે માટે પગલાં લેશે



**અબતક, રાજકોટ**

ઉપલેટામાં કોલેરાથી ૪ બાળકોના મોત બાદ તંત્ર એલર્ટ થયું છે. જિલ્લા કલેકટર દ્વારા ખાસ તપાસ કમિટીની રચના કરવામાં આવી છે. ધોરાજી પ્રાંતની અધ્યક્ષતામાં બનેલી આ કમિટી ફેકટરી અને તેની આસપાસના પાણી, ઠંડા પીણા સહિતની વસ્તુઓની તપાસ કરી કોલેરા વકરે નહિ તે માટે પગલાં લેશે.

ઉપલેટાના તણસવા ગામ નજીક આવેલ કારખાનામાં મજૂરના ૭ બાળકોને ઝાડા ઉલટીની અસર થઈ હતી. બાળકોની તબિયત ખરાબ થતા તેમને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમાંથી ૪ બાળકોનું મોત થયું હતું. આ ઘટના બાદ રાજકોટ જિલ્લા કલેકટર ઉપલેટા ખાતે દોડી પહોંચ્યા હતા અને સમગ્ર બાબતને લઈને વિવિધ ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ અને પૂછતાછ શરૂ કરવામાં આવી હતી.

બીજી તરફ આ મૃતક બાળકોના સેમ્પલ લેવામાં આવ્યા હોય, તેઓના રિપોર્ટ ગઈકાલે આવ્યા હતા. આ રિપોર્ટમાં કોલેરા હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે આરોગ્ય તંત્ર પણ સતર્ક થઈ ગયું છે. આ ઘટનામાં જિલ્લા કલેકટરે તપાસ કમિટી બનાવી છે. આ કમિટીમાં ધોરાજી પ્રાંતને અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

આ સાથે સચિવ સભ્ય તરીકે જિલ્લા આરોગ્ય અધિકારી ઉપરાંત સભ્ય તરીકે નિલેશ પીઠડીયા, પી.એમ. બુચ (સિવિલ પીડિયાટ્રિક), જીપીસીબીના પી.એમ.પરમાર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી ઓફિસર બી.પી. પંચાસરાને બનાવવામાં આવ્યા છે.

(અનુ. આઠમા પાને)

# કોલેરાના સંભવીત કેસો સામે રાજકોટ કલેકટરના પ્રતિબંધાત્મક આદેશો

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ગણોદ તણસવા રોડ પર આવેલ ખાનગી ઔદ્યોગિક વિસ્તારોમાં સંભવિત કોલેરાના કેસો સામે આવતા જિલ્લા મેજીસ્ટ્રેટ પ્રભવ જોશી દ્વારા ઉપલેટા તાલુકાના ગણોદ તણસવા ગામ રોડ પર આવેલ સંસ્કાર પોલીમર્સ, અર્ચન પોલીમર્સ, આશ્રય પોલીમર્સ વગેરે ખાનગી ઔદ્યોગિક વિસ્તારોમાં અને તેની આજુબાજુના ૧૦ કી.મી.ના વિસ્તારમાં પ્રતિબંધાત્મક આદેશો લાગુ કરવામાં આવ્યા છે. જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા મામલતદાર ઉપલેટાની કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ આદેશો મુજબ બરફના કારખાનેદારોએ બરફ બનાવવા પીવાલાયક પાણી જ વાપરવાનું રહેશે તેમજ ખાદ્ય પદાર્થ બનાવવા કે ઠંડા પીણા માટે બરફનો સીધો ઉપયોગ કરવા પર, પાણી મેળવવા માટે નળ કનેકશનના સ્થળે ખાડા ખોદી પાણી મેળવવામાં દૂષિત પાણીની શકયતા હોવાથી ખાડા ખોદી પાણી મેળવવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે, શહેરના તમામ મકાનોમાં આવેલ ઓવરહેડ અને અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી સાફ કરાવવા અને પીવાના પાણીને કલોરિનેશન બાદ જ ઉપયોગમાં લેવાના રહેશે. ખાદ્ય પદાર્થના વેપારીઓએ ફરસાણ,મીઠાઈ, ગોળ,ખજૂર તથા અન્ય કોઈ ખાદ્ય પદાર્થો ખુલ્લા રાખવા,શાકભાજી ફળફળાદીના ધંધાર્થીઓએ તેને કાપીને ખુલ્લા રાખવા તેમજ આવી વસ્તુઓનું ટુકડા કરીને વેચાણ કરવા પર, બરફ ગોલા તથા ગુલ્ફીમાં માવાના વેચાણ પર, વાસી ખોરાક ઉપયોગમાં લેવા પર મનાઈ ફરમાવી છે. શહેરના તમામ ખાણીપીણીના સ્થળો, હોટલ,રેસ્ટોરન્ટ, મીઠાઈ,-ફરસાણની દુકાન,ભોજનાલયો વગેરેમા સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવા તેમજ ખાદ્ય પદાર્થોને યોગ્ય રીતે ઢાંકવા કાચની પેનલ લગાવી અથવા માખી ન પ્રવેશી શકે તેટલી બારીક વાયરનેટ લગાવી ઢાંકી રાખવા અને પેપર ડીશમાં જ ખોરાક પીરસવા અને શેરડીનો રસ, બરફના ગોલાનું વેચાણ ડિસ્પોઝિબલ ગ્લાસમાં જ કરવા આદેશ કરવામાં આવ્યો છે. આ આદેશોનુ ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

URBANIA
BY FORCE MOTORS
TRAVEL WORLD-CLASS
ડેઈલી સર્વિસ 2 x 1 પ્રીમીયમ ઈન્ટરસીટી કોચ
રાજકોટ ⇄ અમદાવાદ
રાજકોટ



નીચેના રૂટ મુજબ બસ ચાલશે
અમદાવાદ : સનાથળ - બોપલ - ઈસ્કોન - સેટેલાઈટ - શીવરંજની આંબાવાડી - પાલડી | રાજકોટ : બિગબજાર - રૈયા ટેલીફોન એકસ. કાલાવડ રોડ - કિશાનપરા ચોક - મોટીટાંકી ચોક - લીમડા ચોક હોસ્પિટલ ચોક - કુવાડવા રોડ.

| સવારે | બપોરે |
| --- | --- |
| 6.30 & 7.00 | 11.30 & 2.00 |
| સાંજે | રાત્રે |
| 4.00 & 6.30 | 9.00 & 12.00 |

બસ સેવા / પાર્સલ સેવા
અમદાવાદ માટે હાઈસ્પીડ પાર્સલ સર્વિસ
સવારે 6 થી રાત્રે 12 સુધી
રેગ્યુલર સેવા : ગુજરાત રાજસ્થાન મધ્ય પ્રદેશ ઉત્તર પ્રદેશ મહારાષ્ટ્ર કર્ણાટક
AIR BUS Express
બીગબઝાર : મો. 93768 58251, મો. 93740 79623

| રૈયા ટેલી. એકસ. | મોટીટાંકી ચોક | લીમડા ચોક | કુવાડવા રોડ | ગ્રીનલેન્ડ/નવાગામ |
| --- | --- | --- | --- | --- |
| મો. 93768 58251 | મો. 93740 79623 | મો. 86908 69033 | મો. 98244 52455 | મો. 92650 78015 |
| મો. 99040 88022 | મો. 99040 88022 | મો. 99040 88022 | મો. 99040 88022 | મો. 99040 88022 |

For Booking : www.airbusexp.in